RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 272 Dt. 28-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ગુજરાતનું ખુલશે 'સ્થાનિક' ભવિષ્ય

## ૯૨૦૦થી વધુ બેઠકોના પરિણામમાં થશે લોકશાહીનો ફેંસલો



અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં મિની એસેમ્બલી સમાન ગણાતી ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીના પરિણામો આજે જાહેર થશે. રવિવારે કાળઝાળ ગરમી વચ્ચે થયેલા ભારે મતદાન બાદ આજે સવારથી જ રાજ્યના વિવિધ મતગણતરી કેન્દ્રો પર ઈવીએમ (EVM) ખુલતાની સાથે જ હજારો ઉમેદવારોનું ભાવિ સ્પષ્ટ થશે.

રાજ્ય ચૂંટણી આયોગના જણાવ્યા અનુસાર, આજે સવારે ૮ વાગ્યાથી સૌપ્રથમ બેલેટ પેપરની ગણતરી હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ ૯ વાગ્યાથી ઈવીએમમાં નોંધાયેલા મતોની ગણતરી શરૂ થશે. બપોર સુધીમાં મોટાભાગના ટ્રેન્ડ સ્પષ્ટ થઈ જવાની શક્યતા છે. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાયો છે, ત્યારે ગ્રામીણ અને શહેરી મતદારોએ કોના પર પસંદગી ઉતારી છે તે જોવું રસપ્રદ રહેશે.

ચૂંટણી પહેલા જ ૭૦૦થી વધુ બેઠકો બિનહરીફ જાહેર થઈ ચૂકી છે, જેમાં સિંહફાળો સત્તારૂઢ ભાજપનો છે. બાકીની બેઠકો માટે રવિવારે મતદાન યોજાયું હતું. સરકારી આંકડા મુજબ મહાનગરપાલિકાઃ ૫૫.૧૯ ટકા મતદાન, નગરપાલિકાઃ ૬૫.૫૩ ટકા, જિલ્લા પંચાયતમાં ૬૬.૬૩ટકા મતદાન અને તાલુકા પંચાયતઃ ૬૨.૩૮ મતદાન નોંધાયું છે.

શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ ગુજરાતમાં મતદારોનો ઉત્સાહ વધુ જોવા મળ્યો હતો. ખાસ કરીને જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ૬૬ ટકાથી વધુ મતદાન નોંધાયું છે, જે પાયાના પ્રશ્નો અને સ્થાનિક નેતૃત્વ પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. નવી બનેલી ૯ મહાનગરપાલિકાઓ (નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, પોરબંદર અને સુરેન્દ્રનગર) માં પણ આ વખતે પ્રથમવાર કોર્પોરેશન તરીકેનું પરિણામ જોવા મળશે. ભાજપ પેજ સમિતિ અને સંગઠન શક્તિના જોરે ગઢ જાળવી રાખવા મક્કમ હોવાનું કહેવાય છે. કોંગ્રેસ મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દે ગ્રામીણ મતો અંકે કરવાની આશા રાખીને બેઠું છે. તો આપ શહેરી વિસ્તારોમાં પગપેસારો કરીને ભાજપ-કોંગ્રેસને ટક્કર આપવા તૈયાર હોવાનું કહેવાય છે. મતગણતરી કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. વિજેતા ઉમેદવારોના સરઘસ અને વિજય ઉત્સવ માટે પણ પોલીસે ગાઈડલાઈન જાહેર કરી છે. આતશબાજી પર પ્રતિબંધ લાદતા ઠેર ઠેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામાં બહાર પડયા છે. ખાસ કરીને રાજકોટ, અમદાવાદ અને સુરત જેવા મોટા સેન્ટરો પર પરિણામોને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

અત્રે એ નોંધનીય છે કે બિનહરીફ બેઠકો ૧૫ મનપાની ૪૩ બેઠકો સહિત કુલ ૭૨૨ બેઠકો પર પરિણામ પહેલા જ વિજેતા જાહેર થઇ ગયા છે. ઓબીસી અનામત અંતર્ગત આ વખતે ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાયેલી આ પ્રથમ મોટી સ્થાનિક ચૂંટણી છે. જ્યારે નવી નગરપાલિકાઓઃ ૯ નવી મહાનગરપાલિકાઓમાં કોનું શાસન આવશે તેના પર સૌની મીટ મંડાઈ છે.

## ઉડાન ભર્યાના ૨૮ મિનિટ બાદ એરપોર્ટ સાથેનો સંપર્ક તૂટ્યો : મૃતકોમાં ૨ કેન્યાના અને બીજા દક્ષીણ સુદાનના

# દક્ષિણ સુદાનમાં વિમાન ક્રેશ, પાયલટ સહિત ૧૪ ના મોત



નવી દિલ્હી, તા.૨૭

દક્ષિણ સુદાનની રાજધાની જુબા પાસે સોમવારે સવારે એક ભયાનક વિમાન દુર્ઘટના સર્જાઈ છે, જેમાં ૧૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. યેઈથી ઉપડેલું આ સેસ્ના વિમાન ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલા જ કાળનો કોળિયો બની ગયું હતું. આ દુર્ઘટના પાછળ ખરાબ હવામાન અને ઓછી વિઝિબિલિટીને જવાબદાર માનવામાં આવી રહી છે, પરંતુ શું આ માત્ર અકસ્માત છે કે કોઈ ટેકનીકલ ખામી?

જુબા પાસે સેસ્ના ૨૦૮ કારવાં વિમાન ક્રેશ થતા સર્જાઈ હતી તબાહી. જેમાં મુસાફરોમાં બે કેન્યાના અને બાકીના દક્ષિણ સુદાનના નાગરિકો સામેલ હોવાની વિગતો મળી રહી છે. ખરાબ હવામાન અને ઓછી વિઝિબિલિટીને કારણે પ્લેન ક્રેશ થયાની આશંકા સેવાઈ રહી છે. ઉડાન ભર્યાના ૨૮ મિનિટ બાદ એરપોર્ટ સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. દક્ષિણ સુદાનની રાજધાની જુબામાં સોમવારે એક હૃદયદ્રાવક વિમાન દુર્ઘટના સર્જાઈ છે. યેઈથી જુબા તરફ આવી રહેલું એક ખાનગી વિમાન ક્રેશ થતા તેમાં સવાર તમામ ૧૩ મુસાફરો અને પાયલટ સહિત કુલ ૧૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. આ દુર્ઘટના રાજધાની જુબાથી લગભગ ૨૦ કિલોમીટર દૂર બની હતી. નાગરિક ઉડ્ડયન સત્તામંડળ ના જણાવ્યા અનુસાર, સિટીલિંક એવિએશન લિમિટેડ (Citylink Aviation Ltd) દ્વારા સંચાલિત સેસ્ના ૨૦૮ કારવાં વિમાને સવારે ૯:૧૫ વાગ્યે ઉડાન ભરી હતી. જોકે, માત્ર ૨૮ મિનિટ બાદ એટલે કે સવારે ૯:૪૩ વાગ્યે એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો તેનો સંપર્ક તૂટી ગયો હતો અને વિમાન જમીનદોસ્ત થઈ ગયું હતું. ખરાબ હવામાન અને ઓછી વિઝિબિલિટી કારણભૂત મનાઈ રહ્યું છે. અને વિઝિબિલિટી ખૂબ જ ઓછી હોવાને કારણે પાયલટે વિમાન પરનો કાબૂ ગુમાવ્યો હોઈ શકે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વિમાનનો કાટમાળ સળગતો જોવા મળ્યો હતો. દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં બે કેન્યાના નાગરિકો (Kenyan Nationals) પણ સવાર હતા, જ્યારે બાકીના તમામ મુસાફરો દક્ષિણ સુદાનના હતા. ઘટનાની જાણ થતા જ રાહત અને બચાવ કામગીરીની ટીમો (Rescue Teams) ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ કોઈને પણ જીવતા બચાવી શકાયા નહોતા. હાલમાં આ મામલે વધુ તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમનાથમાં

## પ્રથમ જયોતિર્લિંગ પર જલાભિષેક-પૂજા-અર્ચના કરશે : સોમનાથ જતા પૂર્વે હિરાસર એરપોર્ટ પર કર્યુ ટુંકુ રોકાણ



રાજકોટ, તા,૨૭

ગૃહમંત્રી અમિતભાઈ શાહ આજે પવિત્ર યાત્રાધામ સોમનાથની મુલાકાતે આવી રહ્યા છે. આગામી ચૂંટણી પરિણામો પૂર્વે તેમની આ મુલાકાત અત્યંત સૂચક માનવામાં આવી રહી છે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ, તેઓ આજે સાંજે સોમનાથ આવી પહોંચશે અને અહીંના આધુનિક સર્કિટ હાઉસમાં રાત્રિ રોકાણ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ આજે મંગળવારે વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી સોમનાથ મહાદેવના મંદિરે પહોંચી પૂજા-અર્ચના કરશે. તેઓ પ્રથમ જ્યોતિર્લિંગ પર જલાભિષેક અને ધ્વજારોહણ જેવી વિશેષ વિધિઓમાં ભાગ લેશે. નોંધનીય છે કે કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પણ છે, તેથી તેઓ મંદિરના વહીવટી કાર્યો અને વિકાસ પ્રકલ્પોની પણ સમીક્ષા કરી શકે છે. ચૂંટણીના પરિણામો જાહેર થાય તે પહેલાં આશીર્વાદ લેવાની આ પરંપરા તેઓ અવારનવાર નિભાવતા જોવા મળે છે, જે કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહનો સંચાર કરે છે.

કેન્દ્રિય ગૃહમંત્રીના આગમનને પગલે સમગ્ર સોમનાથ અને પ્રભાસ પાટણ વિસ્તારમાં સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસથી લઈને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ દ્વારા મંદિર પરિસર અને સર્કિટ હાઉસની આસપાસ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા રૂટ રિહર્સલ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે જેથી કોઈ પણ પ્રકારની ખામી ન રહી જાય. યાત્રિકોને કોઈ અગવડ ન પડે અને પ્રોટોકોલ જળવાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે આજે બપોરના સોમનાથ જતા પૂર્વે રાજકોટના હિરાસર એરપોર્ટ પર ટુંકુ રોકાણ કર્યુ હતું. અહી વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા તેઓનું અદકેરું સ્વાગત કરાયું હતું,

# વેગન-આર લઈને આવ્યા, સીધા શીશમહેલ પહોંચી ગયા : રાહુલ

## કેજરીવાલ પર રાહુલ ગાંધીના આકરા પ્રહાર, દિલ્હીમાં પ્રદુષણ વધાર્યાનો પણ કર્યો આક્ષેપ



નવી દિલ્હી, તા.૨૭

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી રેલીમાં શીશમહેલનો ઉલ્લેખ કરીને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કોલકાતામાં રેલીને સંબોધન કરીને કહ્યું કે, કેજરીવાલે જુદા રાજકારણનું વચન આપ્યું હતું, પરંતુ તેઓ પોતાની નાની ગાડીમાં આવ્યા અને કરોડો રૂપિયાના શીશમહેલમાં જતા રહ્યા.

દિલ્હીમાં ૨૦૧૩ પહેલા કોંગ્રેસની સત્તાને યાદ કરીને રાહુલ ગાંધીએ કેજરીવાલ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના કહેવા મુજબ ૨૦૧૧માં અન્ના હજારે આંદોલન થયું હતું, ત્યારે લાલ રંગનું સ્વેટર પહેરેલા કેજરીવાલ થાંભલા પર ચઢી ગયા હતા. તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારે નાની ગાડીમાં આવ્યા હતા જોકે પછી તેઓ શીશમહેલમાં જતા રહ્યા હતા. રાહુલે કેજરીવાલ પર કરોડો રૂપિયાનું ઘર ખરીદ્યું હોવાનો, ભ્રષ્ટાચાર કર્યો હોવાનો, દિલ્હીમાં પ્રદૂષણ વધાર્યું હોવાનો અને દિલ્હીમાં કોંગ્રેસની સરકાર વખતે ઊભું કરેલ ઈન્ફ્રાસ્ટ્રકચરને ખતમ કરી નાખ્યું હોવાનો આક્ષેપ કર્યો છે.

દિલ્હીમાં ૨૦૧૩ પહેલા કોંગ્રેસની સત્તાને યાદ કરીને રાહુલ ગાંધીએ કહ્યું કે, 'કેજરીવાલે નવા પ્રકારના રાજકારણની વાત કરી હતી, જોકે હું બીજીતરફથી રાજકારણ કરીશ. તેઓ ખંભા પર ચઢી ગયા હતા... લાલ રંગનું સ્વેટર પહેર્યું હતું... તમને યાદ છે ? તેઓ નાની ગાડી વેગન-આરમાં આવ્યા હતા... વેગન-આરમાં આવ્યા અને સીધા શીશમહેલના પાર્કિંગ લોટમાં જતા રહ્યા... કરોડો રૂપિયાનું ઘર, ભ્રષ્ટાચાર, પોલ્યુશન... કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શિલા દિક્ષીતજીએ દિલ્હીમાં જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું હતું, રસ્તાઓ બનાવ્યા હતા, પુલ બનાવ્યા હતા... તે બધું તેમણે ખતમ કરી નાખ્યું.'

ઉલ્લેખનીય છે કે, જ્યારે કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હતા, ત્યારે વિપક્ષો તેમના સત્તાવાર નિવાસસ્થાન '૬, ફ્લેગસ્ટાફ બંગલો'ને શીશમહેલ કહી રહ્યા છે. કેજરીવાલ પર આ બંગલો બનાવવામાં કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હોવાનો આરોપ લાગ્યા છે. તાજેતરમાં જ દિલ્હીના લોક નિર્માણ મંત્રી પ્રવેશ સાહિબ સિંહે કેજરીવાલ પર નવું શીશમહેલ બનાવાવનો આક્ષેપ કર્યો હતો. તેમણે લોધી રોડ સ્થિત એક બંગલાની કેટલીક તસવીરો જાહેર કરી હતી અને તેને શીશમહેલ-૨ ગણાવ્યો હતો. જોકે પૂર્વ મુખ્યમંત્રી આતિશીએ દાવો કર્યો કે, તેમણે જાહેર કરેલી તસવીરો કેજરીવાલના ઘરની નથી, પરંતુ ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલી તસવીરો છે.

# જસ્ટીસ શર્મા સમક્ષ હાજર થવા કેજરીવાલનો ઈનકાર

## એક્સાઈઝ કેસ મામલો : ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું છે કે જસ્ટિસ શર્મામાં તેમનો વિશ્વાસ તૂટી ગયો : કેજરીવાલ વિરુદ્ધ ન્યાયતંત્ર



નવી દિલ્હી, તા.૨૭

આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે એક્સાઇઝ પોલિસી કેસમાં જસ્ટિસ સ્વર્ણકાંત શર્મા સમક્ષ હાજર થવાનો ઇનકાર કર્યો છે. કેજરીવાલે ન્યાયાધીશ પર ''અવિશ્વાસ'' નો ઉલ્લેખ કરીને કડક પત્ર લખ્યો છે.

આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી એક્સાઇઝ પોલિસી કેસમાં દિલ્હી હાઇકોર્ટમાં જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની બેંચ સમક્ષ હાજર થવાનો ઇનકાર કર્યો છે. જસ્ટિસ શર્માએ તેમની રજિસ્ટ્રેશન અરજી ફગાવી દીધી હતી. કેજરીવાલે ન્યાયાધીશને પત્ર લખીને જણાવ્યું હતું કે તેમની ન્યાય મેળવવાની આશા ઠગારી નીવડી છે અને તેઓ મહાત્મા ગાંધીના સત્યાગ્રહના માર્ગને અનુસરશે.

તેમણે કહ્યું કે, જસ્ટિસ સ્વર્ણકાંત પાસેથી ન્યાય મેળવવાની મારી આશા ઠગારી નીવડી છે અને તેઓ સ્વયં નહીં અને તેમના કાનૂની પ્રતિનિધિ કોર્ટમાં હાજર થશે નહીં. તેથી, મેં ગાંધીજીના સત્યાગ્રહના માર્ગને અનુસરવાનું નક્કી કર્યું છે. આ પગલાને ન્યાયિક પ્રક્રિયા સામે પ્રતીકાત્મક વિરોધ તરીકે જોવામાં આવી રહ્યું છે.

અઅઙ ના નેતાએ કહ્યું કે, મેં મારા અંતરાત્માની વાત સાંભળીને આ નિર્ણય લીધો છે. તેમણે કાનૂની વિકલ્પો પણ ખુલ્લા રાખ્યા. અને પત્રમાં તેમણે લખ્યું કે, હું ન્યાયાધીશ સ્વર્ણ કાંતાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જવાનો અધિકાર અનામત રાખું છું. જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ આ કેસમાંથી પોતાને અલગ રાખવાનો ઈનકાર કર્યાના થોડા દિવસો પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે. કેજરીવાલે અગાઉ પક્ષપાત અને હિતોના સંઘર્ષનો આરોપ લગાવીને અલગ રહેવાની માંગ કરી હતી, કોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. કોર્ટે પોતાના આદેશમાં ન્યાયિક સ્વતંત્રતાના સિદ્ધાંત પર ભાર મૂક્યો હતો અને નિષ્પક્ષતા અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નોને નકારી કાઢ્યા હતા.

કેજરીવાલે પોતાના પત્ર અને સંદેશમાં કહ્યું હતું કે તેમણે ન્યાયાધીશની ન્યાય આપવાની ક્ષમતામાં વિશ્વાસ ગુમાવી દીધો છે. તેમણે ગાંધીજીનો અહિંસક વિરોધનો માર્ગ અપનાવવાનો નિર્ણય લીધો છે. આ પગલાથી દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડ કેસમાં તેમની કાનૂની લડાઈને નવો વળાંક આવ્યો છે. અ પહેલાની સુનાવણીમાં, ન્યાયાધીશ સ્વર્ણ કાંતા શર્માએ દિલ્હી એક્સાઇઝ પોલિસી કેસમાંથી પોતાને અલગ રાખવાનો ઇનકાર કર્યો હતો. તેમના અલગ રહેવાની માંગ કરતી અરજીની સુનાવણી કર્યા પછી, ન્યાયાધીશ શર્માએ કહ્યું, ''હું આ કેસમાંથી પોતાને અલગ નહીં કરું. હું આ કેસ સાંભળીશ.'' તેમણે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને અન્ય આરોપીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પણ ફગાવી દીધી હતી.

ન્યાયાધીશ સ્વર્ણ કાંતાએ કહ્યું હતું કે, ''ન્યાયાધીશની યોગ્યતા ઉચ્ચ અદાલતો દ્વારા નક્કી કરવામાં આવે છે, અરજદારો દ્વારા નહીં. રાજકારણી કોર્ટની સીમાઓ ઓળંગી શકતો નથી અને ન્યાયાધીશની યોગ્યતા પર પ્રશ્ન ઉઠાવી શકતો નથી. અરજદારોને હંમેશા રાહત મળતી નથી. જો કોઈ નિર્ણય એકતરફી લાગે છે, તો હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ તેના પર વિચાર કરશે. કોર્ટ તરફથી રાહત ન મળવાનો ડર પક્ષપાતનો આધાર ન હોઈ શકે. ન્યાયાધીશે પાયાવિહોણા આરોપોના કારણે ન્યાયિક જવાબદારી છોડી દેવી જોઈએ નહીં. કોર્ટે અરજદારની પાયાવિહોણી શંકાને સંતોષવા માટે દૂર થવું જોઈએ નહીં.

તેમણે કહ્યું કે, જજ પર વ્યક્તિગત હુમલા એ કોર્ટની સંસ્થા પર હુમલો છે. જો આ ચાલુ રહેશે, તો જિલ્લા કોર્ટથી લઈને હાઈકોર્ટ સુધી, દરેકને જોખમ રહેશે. જો આવી અરજીઓ સ્વીકારવામાં આવશે, તો લોકો માની લેશે કે જજ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલા છે. આનાથી ન્યાયિક પ્રક્રિયા નબળી પડશે. આ અરજીમાં કોઈ નક્કર પુરાવા ન હતા, પરંતુ ફક્ત અનુમાન, આરોપો અને શંકાઓ હતી. જો હું આ અરજી સ્વીકારું છું, તો તે એક ખતરનાક મિસાલ સ્થાપિત કરશે. કેજરીવાલે કહ્યું છે કે જસ્ટિસ શર્માના પુત્ર અને પુત્રી કેન્દ્ર સરકારના પેનલના વકીલ છે, તેથી પક્ષપાતની શક્યતા છે.

# ભાજપની શપથવિધિ માટે ૪ મે પછી પાછો ફરીશ : PM

## બંગાળ રેલીમાં વડાપ્રધાનનો આત્મવિશ્વાસ : પશ્ચિમ બંગાળમાં 'સ્પષ્ટ મૂડ' હોવાનું પીએમએ જણાવ્યું, બેરકપોર રેલીને રાજ્યમાં તેમનો અંતિમ પ્રચાર કાર્યક્રમ ગણાવ્યો

નવીદિલ્હી,તા.૨૭

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બેરકપોર ખાતે 'વિજય સંકલ્પ' રેલીને સંબોધિત કરી હતી. પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાના મતદાન પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે બેરકપોરમાં 'વિજય સંકલ્પ' રેલીને સંબોધિત કરી, રાજ્ય સાથેના તેમના લાંબા જોડાણ પર પ્રકાશ પાડ્યો અને ૪ મેના રોજ પરિણામો પછી ભાજપની જીતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સભાને સંબોધતા, વડા પ્રધાને કહ્યુ હતું કે બંગાળે તેમના જીવન અને આધ્યાત્મિક યાત્રામાં ઊંડી વ્યક્તિગત ભૂમિકા ભજવી છે. ''બંગાળ પ્રત્યે મારો લગાવ શક્તિ પ્રત્યેની ભક્તિ રહ્યો છે. આ મારી વ્યક્તિગત આધ્યાત્મિક યાત્રાનું ઉર્જા કેન્દ્ર રહ્યું છે. તે બંગાળના મહાન વ્યક્તિત્વો અને લોકોના અપાર પ્રેમ, જનતા જનાર્દનથી પ્રેરિત છે. બંગાળની આ ભૂમિ પર મને જે અનુભવો થયા છે, તેને હું મારા પર એક મોટો આશીર્વાદ માનું છું,'' પીએમ મોદીએ કહ્યું.



રાજ્યમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચારમાં બેરકપુર રેલીને તેમની છેલ્લી જાહેર સભા ગણાવતા, તેમણે ચૂંટણી પરિણામમાં વિશ્વાસ વ્યક્ત કર્યો.''આ ચૂંટણીમાં આ મારી છેલ્લી રેલી છે, અને હું પશ્ચિમ બંગાળમાં જ્યાં પણ ગયો છું, મેં લોકોનો મૂડ જોયો છે. હું આ વિશ્વાસ સાથે પાછો ફરી રહ્યો છું કે ૪ મેના રોજ પરિણામો પછી, મને ભાજપના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા પાછા આવવું પડશે,'' તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનએ પ્રચાર કાર્યક્રમો દરમિયાન લોકો સાથેના તેમના ભાવનાત્મક જોડાણ વિશે વાત કરતા કહ્યું કે તેઓ તેમને મળતા હાવભાવ અને સંદેશાઓને મહત્વ આપે છે. ''બંગાળમાં રેલીઓ અને રોડ શો દરમિયાન, મને એવા હૃદયસ્પર્શી સંદેશાઓ અને ચિત્રો મળ્યા કે હું તેમને ક્યારેય ભૂલીશ નહીં. ઘટનાઓ પછી, હું રાત્રે દરેક ચિત્રને કાળજીપૂર્વક જોવા માટે સમય કાઢું છું, કલાકારો દ્વારા વ્યક્ત કરાયેલી લાગણીઓ પર પ્રતિબિંબિત કરું છું. હું તમારા સંદેશાઓ અને પત્રો પણ વાંચું છું. કેટલાકમાં, મને તમારી પીડા દેખાય છે. અન્યમાં, હું તમારા આશીર્વાદ અનુભવું છું. પછીથી, હું ખાતરી કરું છું કે મારા પ્રતિભાવો વિચારપૂર્વક રેકોર્ડ કરવામાં આવે,'' પીએમ મોદીએ કહ્યું હતું. પોતાના દાયકાઓ લાંબા રાજકીય પ્રવાસ પર પ્રકાશ પાડતા, તેમણે કહ્યું કે તેઓ સતત સંગઠનાત્મક અને ચૂંટણી જવાબદારીઓમાં રોકાયેલા રહ્યા છે.

''છેલ્લા ત્રણથી ચાર દાયકાથી, હું દેશના દરેક ખૂણામાં પ્રવાસ કરી રહ્યો છું. રાજકારણમાં પ્રવેશ્યા પછી અને ભાજપમાં જોડાયા પછી, મેં પક્ષના કાર્યકર તરીકે કામ કર્યું છે, પક્ષ મને જે પણ જવાબદારીઓ સોંપે છે તે કરી રહ્યો છું, જેમાં ચૂંટણી ફરજો સંભાળવાનો પણ સમાવેશ થાય છે. હું દિવસ કે રાત ધ્યાનમાં લેતો નથી, કે હું હવામાન જોતો નથી; હું ફરતો રહું છું. મેં મારું ઘર છોડ્યું ત્યારથી, મને તમારા બધામાં આરામ અને શાંતિ મળી છે, અને તમે મારા પરિવાર છો,'' તેમણે ઉમેર્યું.

મોદીએ ઉમેર્યુ હતું કે ભાજપ સરકારમાં, કોઈપણ નાગરિકને જાતિ કે સમુદાયના આધારે ભેદભાવનો સામનો કરવો પડશે નહીં, જ્યારે ગેરકાયદેસર ઘુસણખોરો સામે કડક કાર્યવાહીનું વચન આપ્યું હતું અને પુષ્ટિ આપી હતી કે મટુઆ સમુદાયના લોકોને નાગરિકતા લાભ આપવામાં આવશે.

''ભાજપ સરકારમાં, કોઈને પણ હેરાન કરવામાં આવશે નહીં. વ્યક્તિ કઈ જાતિ/સમુદાયની છે તેનાથી કોઈ ફરક પડતો નથી. જોકે, બાંગ્લાદેશી ઘુસણખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મટુઆ સમુદાયના લોકોને નાગરિકતા આપવામાં આવશે. ટીએમસીએ તમારા મતનો આદર કર્યો નથી (ટીએમસી ને તમારા મત કા માન નહીં રખા),'' તેમણે વધુમાં કહ્યું.

''જ્યારે તમે તમારો મત આપવા જાઓ છો, ત્યારે ટીએમસી સરકાર હેઠળ થયેલા અત્યાચારોને યાદ રાખો. બંગાળમાં ભાજપના મુખ્યમંત્રી બનાવો અને ડબલ એન્જિન સરકારના લાભ મેળવો,'' પીએમ મોદીએ કહ્યું. વડાપ્રધાન ભાજપના ઉમેદવાર કૌસ્તવ બાગચીના સમર્થનમાં, વર્તમાન ધારાસભ્ય અને તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર, ફિલ્મ દિગ્દર્શક રાજ (રાજુ) ચક્રવર્તી સામે પ્રચાર કરી રહ્યા હતા, જે ધારાસભ્ય તરીકે બીજી મુદત માટે લડી રહ્યા છે.

જોકે, સીપીઆઈ(એમ)ના ઉમેદવાર સુમન રંજન બંદોપાધ્યાય તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ ઉમેદવાર બંને પર પ્રહાર કરી રહ્યા છે. બરાકપોર મતવિસ્તાર ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં આવેલો છે. તે સામાન્ય અનામત ધરાવતી શહેરી બેઠક છે અને બરાકપોર લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે.

પીએમ મોદીએ ઉત્તર કોલકાતામાં તેમના રોડ શો શરૂ કરતા પહેલા ૩૦૦ વર્ષથી વધુ જૂના ઐતિહાસિક થંથાનિયા કાલીબારી મંદિરમાં દેવી કાલીના આશીર્વાદ લીધા હતા. ભારતીય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન ગુરુવારે પૂર્ણ થયું, જેમાં ૯૧.૭૮ ટકા મતદાન નોંધાયું હતું. બીજા તબક્કા માટે મતદાન ૨૯ એપ્રિલે યોજાશે, અને મતગણતરી ૪ મેના રોજ થનારી હોવાનું અગાઉ જાહેર કરી દેવાયું છે.

### કહ્યું સેના હટાવો, કેદીઓને છોડો, નહીંતર યુદ્ધ નહિ રોકાય

# હિઝબુલ્લાહના નવા ચીફે ઈઝરાયલ સામે મૂકી આકરી શરતો

નવી દિલ્હી, તા.૨૭

લેબનોનનું આતંકી સંગઠન હિઝબુલ્લાહ ફરી એકવાર ચર્ચામાં છે. હિઝબુલ્લાહના નવા ચીફ શેખ નઈમ કાસિમે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ઈઝરાયલ સાથે સીધી વાતચીત કરવા બિલકુલ તૈયાર નથી. પરંતુ સાથે જ તેમણે પાંચ શરતો પણ રાખી છે જે પૂરી થવા પર યુદ્ધ રોકાઈ શકે છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે લેબનોનમાં સત્તા પર બેઠેલા લોકો પર દબાણ છે કે તેઓ ઈઝરાયલ સાથે ડીલ કરી લે.કાસિમે બિલકુલ સીધા શબ્દોમાં કહ્યુ કે હિઝબુલ્લાહ ઈઝરાયલ સાથે ક્યારેય સીધી વાતચીત કરશે નહીં. તેમણે આ વાતને સંપૂર્ણપણે નકારી કાઢી. આ નિવેદન એટલા માટે મહત્વનું છે કારણ કે લેબનોનની સરકાર પર દબાણ છે કે તેઓ વચ્ચે આવીને કોઈ રસ્તો કાઢે.



કાસિમે લેબનોનમાં સત્તા પર બેઠેલા લોકોને પણ સંભળાવી દીધું. તેમણે કહ્યું કે જે લોકો ઈઝરાયલ અને અમેરિકાના કહેવા પર ચાલી રહ્યા છે તેઓ ન તો લેબનોનનું ભલું કરી રહ્યા છે અને ન પોતાનું. તેનો મતલબ છે કે હિઝબુલ્લાહ નથી ઈચ્છતું કે લેબનોનની સરકાર ઈઝરાયલ-અમેરિકાના દબાણમાં આવીને એવો કોઈ સમજૂતી કરે જે હિઝબુલ્લાહને નબળું પાડે.કાસિમે એમ પણ કહ્યુ કે ઈઝરાયલ અને અમેરિકા જે વસ્તુ લેબનોનની સરકાર પાસેથી ઈચ્છે છે તે તેમના વશમાં નથી. અને સરકાર જે ઈઝરાયલ પાસેથી ઈચ્છે છે તે તેમને મળવાનું નથી. એટલે કે બંને તરફથી ડીલ થવાની તેમને કોઈ આશા નથી.

**કઈ કઈ શરતો ?**

કાસિમે યુદ્ધ રોકવાનો એક જ રસ્તો છે બતાવ્યો, તેના માટે નીચે મુજબના પાંચ કામ થવા જરૂરી છે. પહેલી શરત એ છે કે ઈઝરાયલ જમીન, દરિયા અને આકાશમાંથી હુમલા સંપૂર્ણ રીતે બંધ કરે. એટલે કે દરેક તરફથી હુમલો રોકાવો જોઈએ. બીજી છે કે ઈઝરાયલ તે વિસ્તારોમાંથી પોતાના સૈનિકો હટાવે જે તેણે કબજે કરી રાખ્યા છે. ત્રીજી શરત છે કે જે લોકો ઈઝરાયલની જેલોમાં બંધ છે તેમને મુક્ત કરવામાં આવે. ચોથી શરત છે કે જે લોકો પોતાના ઘર અને શહેર છોડીને ભાગ્યા છે તેઓ પાછા ફરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે. અને પાંચમી શરત છે કે જે તબાહી થઈ છે તેનું ફરીથી નિર્માણ કરવામાં આવે એટલે કે પુનઃનિર્માણ થાય.

# બંગાળ : મતદાન યાદીમાંથી દૂર કરાયેલા ૨૭ લાખ મતદારોને TMCને ટેકો આપવા કેજરીવાલનો અનુરોધ

નવી દિલ્હી, તા.૨૭

કોલકાતાઃ AAP ના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવાર, ૨૬ એપ્રિલના રોજ આરોપ લગાવ્યો કે ભાજપ-EC ષડયંત્રના કારણે SIR કવાયત હેઠળ પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાંથી ૨૭ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે, અને તેમણે દાવો કર્યો કે તે તેમના નાગરિકતા દસ્તાવેજોને લક્ષ્ય બનાવવાની એક મોટી યોજનાનો ભાગ છે.

બાલીગંજમાં એક ચૂંટણી રેલીને સંબોધતા, કેજરીવાલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર વિધાનસભા ચૂંટણી માટે ૩.૫ લાખ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરીને રાજ્યના લોકોનું ''અપમાન'' કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે મતદારોની યાદીમાંથી જેમના નામ કથિત રીતે કાઢી નાખવામાં આવ્યા છે તેમને તૃણમૂલ કોંગ્રેસને ટેકો આપવા વિનંતી કરતા કહ્યું કે, તમે અને તમારા મિત્રો, સંબંધીઓ અને પડોશીઓને કહો કે આ ચૂંટણીમાં TMC ઉમેદવારોને મત આપો. દીદીએ ભાજપ સામે આ લડાઈ જીતવી પડશે, જે ચૂંટણી જીતવા માટે એક મોટી યોજનાના ભાગ રૂપે તમારા નાગરિકત્વના અધિકારો છીનવી લેવા માંગે છે. યાદ રાખો, ભાજપ તમારા નાગરિકત્વના દસ્તાવેજો, જેમ કે રેશન કાર્ડ, રદ કરાવશે, અને ફક્ત મમતા બેનર્જી જ તમારી મદદ કરી શકે છે. તે તમારી પડખે રહેશે.

મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ચૂંટણીને પ્રભાવિત કરવા માટે રાજ્યની બહારના લોકોને લાવી રહ્યા હોવાનો આરોપ લગાવતા, તેમણે કહ્યુ કે ઘણા ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ રાજ્યમાં પ્રચાર કરી રહ્યા છે. આ બતાવે છે કે કેવી રીતે એક મહાન મહિલા મોદી અને શાહ સામે ઉભી છે અને ભાજપને પડકાર ફેંકી રહી છે. મોદીજીએ વિધાનસભા ચૂંટણી માટે ED, CBI જેવી કેન્દ્રીય એજન્સીઓ અને ૩.૫ લાખ સુરક્ષા કર્મચારીઓને તૈનાત કર્યા છે. આ શું થઈ રહ્યુ છે? શું બંગાળના લોકો આતંકવાદી છે?.

> કેજરીવાલે કહ્યું કે, ''યાદ રાખો, ભાજપ તમારા નાગરિકતા દસ્તાવેજો, રદ કરાવશે, માત્ર મમતા બેનર્જી જ તમારી મદદ કરીને રહેશે સાથે

ભાજપના નેતૃત્વ પર રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતા, કેજરીવાલે કહ્યુ કે, એક વર્ષ પહેલા, તેઓએ મારી સામે ભ્રષ્ટાચારનો કેસ દાખલ કર્યો અને મને છ મહિના માટે જેલમાં ધકેલી દીધો. એક વર્ષ પછી, કોર્ટે કહ્યુ કે બનાવટી આરોપો સામે કોઈ પુરાવા નથી. આ સરકાર, જે બદલાની રાજનીતિમાં વિશ્વાસ રાખે છે, તેને પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવવા ન દો.

કેજરીવાલે કહ્યુ કે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે તેમના દ્વારા કરવામાં આવેલા તમામ સારા કાર્યો ભાજપ દ્વારા રદ કરવામાં આવ્યા છે. યાદ રાખો, જો મોદી સરકાર સત્તામાં આવશે તો દીદી દ્વારા કરવામાં આવેલ કાર્ય રદ કરવામાં આવશે. મોદીએ વિધાનસભા ચૂંટણી પહેલા દિલ્હીની દરેક મહિલાને ૨,૫૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું પરંતુ તેઓ પોતાના વચનથી ફરી ગયા છે.

મોદીને ''જૂઠાણાના સોદાગર'' ગણાવતા, કેજરીવાલે કહ્યુ કે, તેમણે રાજ્યના ચૂંટણી પરિણામોમાં ઘણું બધું દાવ પર લગાવ્યું છે. જો ભાજપ બંગાળમાં હારી જાય છે, તો શું તેઓ રાજીનામું આપશે? કેજરીવાલે કહ્યુ કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દેશને ભાજપના ''કુશાસન'' થી બચાવવા માટે ''લિટમસ ટેસ્ટ'' છે અને દીદી આ દેશ અને તેના લોકો માટે લડી રહી છે.

### કલ્યાણનગરમાં કૂતરાનો ત્રાસ દૂર કરો

# લત્તાવાસીઓની પોલીસ કમિશ્નરને રજૂઆત

## ક્રિશ્ના પરમાર નામની મહિલાએ પાળ્યા, પોષ્યા અનેક શ્વાન, રોજ બરોજ બાળકો સહિતના લોકોને કરડવા દોડતા હોવાની લાત્તાવાસીઓની ફરિયાદ : ત્રણ ત્રણ વર્ષથી ડાઘીયાથી ડરી ડરીને રહેતા લોકોએ બાળકોને બચાવવા હવે લીધું પોલીસનું શરણું

રાજકોટ, તા.૨૭

શહેરના કલ્યાણનગર શેરી-૪, ક્રિષ્ટલ સ્કુલ સામે, ઘંટેશ્વર પાર્ક પાસે, જામનગર રોડ પર રહેતા શેરી - એપાર્ટમેન્ટના રહીશો આજે પોલીસ કમિશ્નર કચેરીએ દોડી જઈને તેઓના વિસ્તારમાંથી એક મહિલાના ખીલે કૂદતા શ્વાનના ત્રાસથી બચાવવા લેખિત રજૂઆત કરી હતી.

લત્તાવાસીઓએ ફરિયાદમાં જણાવ્યુ છે કે, ક્રિષ્નાબેન પરમાર નામની મહિલાના ત્રાસથી રહીશોમાં ભય અને સતત માનસિક હેરાનગતિ સર્જાઈ રહી છે. લત્તાવાસીઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે, પાડોશી મહિલા દ્વારા શેરીના કુતરાને ખોરાક બતાવીને ભેગા કરવામાં આવે છે. પરંતુ ખવડાવવામાં આવતો નથી પરિણામે કુતરા ભેગા થઈને, ઉશ્કેરાઈને, જોર જોરથી ભસતા હોવાથી આસપાસના લોકોને હેરાનગતિ ભોગવવી પડે છે. મહિલા પોતાના પાળેલા કુતરાને ખાસ કરીને રાત્રીના સમયે છુટ્ટા મુકવામાં આવે છે જેના કારને બહારના કુતરાઓ સાથે ઉશ્કેરાટજનક વાતાવરણ ઉભું થાય છે રાત્રીના અવાજ પ્રદુષણ ફેલાય છે. આ બાબતે મહિલાને કોઈ ફરિયાદ કરવા જાય તો બધા સાથે ઝગડો કરીને ખોટે ખોટો વિવાદ ઉભો કરવામાં આવે છે. વહેલી સવારે બાજુના ફ્લેટના પ્રવેશ દ્વારા પાસે પોતાના કુતરા છૂટા મૂકીને અસ્વચ્છ વાતાવરણ ઉભું કરવામાં આવે છે. જે આરોગ્ય માટે હાનિકારક લાગે છે.









પાળેલા કુતરાનું વેક્સીનેસન તેમજ કોર્પોરેશનમાં રજીસ્ટ્રેશન કરાયું નથી પરિણામે જાહેર આરોગ્ય અને સુરક્ષા માટે જોખમી હોવાની લત્તાવાસીઓને દહેશત છે. પાડોશી મહિલાના મકાનમાં રહેતા વિવિધ ભાડુઆતો(પરપ્રાંતીય સહિત)ની પોલીસમાં કોઈ નોંધ કરાવી ન હોવાથી આ વાત સુરક્ષાની દ્રષ્ટીએ ગંભીર લાગે છે. ગાય કે અન્ય પશુઓ તેમના ઘર પાસે આવે તો હેરાન કરીને પશુ-પ્રાણી પ્રત્યે ગેરવર્તણુક દર્શાવે છે.

શેરીમાં કોઈ સામાજિક કે ધાર્મિક પ્રસંગ હોય ત્યારે તેનો વિરોધ કરવામાં આવે છે અને વારંવાર પોલીસને બોલાવી બિનજરૂરી વિક્ષેપ ઉભો કરવામાં આવતો હોવાનું લેખિત રજુઆતમાં લત્તાવાસીઓએ જણાવ્યું છે. દરમિયાન આ બાબતે છાયાબા નામના લાત્તાવાસીએ જણાવ્યું હતું કે તેમના પુત્રને શ્વાન કરવા દોડતા પુત્ર એકદમ ડરી ગયો છે અને ૧૦ દિવસથી સખત તાવ આવતો હોવાથી રોજ દવાખાને લઇ જવો પડે છે. એટલું જ નહિ તેઓએ જણાવ્યું હતુ કે, તેઓ પોતાના બાળકોને ઘર બહાર રમવા પણ મૂકી સકતા નથી તેટલો પાડોશી મહિલાના કૂતરાનો ત્રાસ છે તેવું જણાવી પાડોશી મહિલા સામે પગલાં ભરવા માંગ કરી હતી.

પૃથ્વીરાજસિંહ સજુભાઈ ઝાલાએ એવું જણાવ્યું હતું કે, એક બાળકને શ્વાન કરડવા દોડે તો એક પિતા તરીકે બાળકનો બચાવ કરવાની તો ફરજ બને કે નહિ ? પાડોશી મહિલાના પ્રાંગણમાં પડ્યા પાથર્યા રહેતા શ્વાન વૃદ્ધ અને અશક્તો પાછળ અવારનવાર કરડવા દોડે છે.

સમગ્ર સોસાયટીના લોકો શ્વાનની રંજાડથી ત્રાસી ગયા છે. આ બાબતે કોર્પોરેશનમાં પણ અવારનવાર ફરિયાદ કરવામાં આવી છે. પણ મનપાનું વાહન જ્યારે કુતરા પકડવા આવે ત્યારે ઉપરોક્ત મહિલા કુતરાને પોતાના ઘરમાં પૂરીને અન્યત્ર ચાલ્યા જાય છે. એટલુજ નહિ કુતરાના ત્રાસ અંગે જયારે જ્યારે વૃદ્ધો રજૂઆત કરવા કે ફરિયાદ કરવા જાય ત્યારે આ મહિલા મારવા અને ઝગડવા દોડતી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. ત્યારે હવે કૂતરાનો ત્રાસ દુર કરવાની જેઓની પણ જવાબદારી થતી હોય તેઓએ કલ્યાણનગરના લાત્તાવાસીઓની ફરિયાદ ધ્યાને લઈને કોઈ સાનુકુળ પરિણામ લાવવામાં આવે તેવી આજે લત્તાવાસીઓએ પોલીસ કમિશ્નરને રજૂઆત કરી હતી.

# મનપાનું ચિત્ર હોઈ શકે વિચિત્ર

## ક્રોસ વોટીંગ, બેઠક વહેંચણીમાં જ્ઞાતિવાદ ફેક્ટર, મતદાર સુધારણા ઝુંબેશ ના પગલે અનેકવિધ બેઠકો માં ઉથલપાથલ થવાની શક્યતા



### ભાજપને આંતરિક વિખવાદનો ભય, કોંગ્રેસમાં વ્યવસ્થાનો અભાવ અને અઅડ્ને મળે તેટલો નફો જેવી સ્થિતિ ચૂંટણી પરિણામને પહોંચાડશે અસર

રાજકોટ, તા.૨૭

મહાનગરપાલિકાની ચૂંટણીનું આજે પરિણામ આવી જશે ત્યારે દરેકની મિનિટ રાજકોટ મનપાની ૭૨ બેઠકો પરની છે કારણકે રાજકોટ મનપવામાં આ વખતે ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે. જેની અસર સીધી જ પરિણામ ઉપર પણ જોવા મળી શકે તો નવાઈ નહીં ત્યારે રાજકીય વર્તુળોમાં હાલ અનેકવિધ મુદ્દાઓને લઈ આગાહી વ્યક્ત કરવામાં આવી રહી છે જેમાં એ વાત સ્પષ્ટ થઈ છે કે મનપાનું ચિત્ર અત્યંત વિચિત્ર હશે. ત્યારે દરેક ઉમેદવારોના ભાવિ અંગેનું આજે ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

રાજકોટ મહાનગરપાલિકાની ૧૮ વોર્ડની ૭૨ બેઠકોની સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે અને ધગધગતા તાપ વચ્ચે પણ ૫૧.૬૦ ટકા મતદાન નોંધાયું છે. જે ૨૦૨૧ની ચૂંટણી કરતાં ૦.૮૭ ટકા વધુ છે. મતલબ કે મતદાનની પેટર્ન યથાવત રહી છે. પરંતુ પ્રથમ વખત ભાજપ-કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખીયો જંગ તથા મહિલા અનામત બિલનો પ્રચાર છતાં મતદાનમાં કોઈ વધારો થયો નથી અને અમુક વોર્ડમાં ઓછુ તથા અમુક વોર્ડમાં વધુ મતદાન થતાં રાજકીય નિષ્ણાંતો પણ ગોટે ચડયા છે અને ઉમેદવારોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

કોઈપણ લહેર વગર લડાયેલી આ ચૂંટણીમાં ભાજપને એન્ટી ઈન્કમ્બસી નડે તો પણ ૫૦ થી ૫૨ બેઠકો મળવાનો ભાજપના નિષ્ણાંતોનો દાવો છે. જ્યારે છેલ્લી ચૂંટણીમાં ૪ બેઠકોએ અટકી ગયેલી કોંગ્રેસને આ વખતે ૧૪ બેઠકો સુધી મળી શકે તેમજ આમ આદમી પાર્ટી પણ ૪ થી માંડી બે આંકડા સુધી બેઠકો મેળવી શકે તેવી આગાહી રાજકીય પંડિતો કરી રહ્યાં છે જો કે બધુ 'જો અને તો'નું જ ગણિત છે. સાચો ખ્યાલ તો આવતીકાલે ઈવીએમ ખુલે પછી જ આવી શકશે. આ ચૂંટણીમાં પ્રથમ વખત ભાજપ માટે માઈનસ પોઈન્ટ અનેક છે પરંતુ કોંગ્રેસ અને આપમાં મતોનું આંતરિક વિભાજન થયું હોય તો ભાજપને મોટો ફાયદો મળી શકે .

**ગુપ્તચર એજન્સીનો રિપોર્ટ હોવાની ચર્ચા**

| | |
|---|---|
| ભાજપ | ૫૦ થી ૫૨ બેઠક |
| કોંગ્રેસ | ૯ થી ૧૧ બેઠક |
| AAP | ૬ થી ૮ બેઠક |

ભાજપ માટે મહાનગરપાલિકાની ચૂંટણીનું પરિણામ અત્યંત રોચક સાબિત થશે કારણકે આ ચૂંટણીમાં ભાજપના અનેક નેગેટીવ પોઈન્ટ રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે જેમાં સૌથી મોટું નકારાત્મક પાછું હોય તો છેલ્લી બોડીના નગર સેવકો સામેની નારાજગી સાથોસાથ આ વખતે ટિકિટ વહેચણીમાં જે સગા વાદ જોવા મળ્યો તેનાથી કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી છે અને જ્ઞાતિવાદનું સંતુલન પણ જાણે વિખાઈ ગયું હોય તો પણ નવાઈ નહીં. ભાજપની વોટ બેંક ગણાતા પાટીદાર, લોહાણા, બ્રાહ્મણ સહિતની જ્ઞાતિઓમાં ભારે નારાજગી પ્રવર્તતી હતી. જેના કારણે ક્રોસ વોટીંગનો મોટો ભય છે. આ ચૂંટણીમાં પ્રથમ વખત ભાજપ જ ભાજપને પાડી દેવાની લાઈનમાં હોય તેવું વાતાવરણ હતું. ભાજપમાં બધાને સાથે બેસાડી શકે તેવા વિજયભાઈ જેવા નેતાની ખોટ સ્પષ્ટ દેખાતી હતી જેના કારણે જુથવાદ સતત હાવી રહ્યો. અમુક પૈસાદાર લોકો વગથી ટિકીટો લાવવામાં સફળ થતાં કાર્યકરોમાં નિરાશા અને નારાજગી જોવા મળી હતી અને મતદાન પુરૂ થયું ત્યાં સુધી આ ધુંધવાટ જોવા મળ્યો હતો. હાલ મહત્વની વાત તો એ છે કે કયા વોર્ડમાં શું પરિસ્થિતિ છે તે જાણવું પણ એટલું જ જરૂરી છે અને તે સમીકરણ ન ધ્યાને લેતા ભાજપ કે પછી કોંગ્રેસ કોણ મેદાન મારશે તે હવે જોવાનું રહ્યું. આમ આદમી પાર્ટી માટે મળે તેટલો નફો તેવો ઘાટ પણ ઘડાયો છે.

### વોર્ડ વાઇસ સમીકરણ

**વોર્ડ ૧ :–** વોર્ડ નંબર એકમાં બ્રહ્મ સમાજના ઉમેદવારો સામે બ્રહ્મસમાજ નારાજ હોવાની વાત અહીં જોવા મળી છે. સ્થાનિક સમાજના આગેવાનોની બાદબાકી કરી ઓચિંતા ઉમેદવાર આવી ગયા નો મામલો ગોઠવાતા અહીંયા કોંગ્રેસ ઓચિંતુ ચિત્રમાં આવી ગયું હતું. હાલ જે ચર્ચાએ જોર પકડ્યો છે તેમાં આહીર સમાજની બાદબાકી અને જૂના નગરસેવકના પરિવારે અન્યાયની લાગણી અનુભવતા મામલો રસાકસી તરફ ધકેલાયો હતો. ઉપરાંત રઘવંશી સમાજ, સતવારા સમાજ, સોરઠીયા પ્રજાપતિ સમાજ અને સ્થાનિક ભૂદેવ અગ્રણીઓની નારાજગી સહિતની બાબતથી ભાજપની પેનલ સામે કોંગ્રેસની પેનલ લડતમાં આવી ગઈ હતી કોંગ્રેસના ફાળે એકલદોકલ બેઠક જાય તો પણ નવાઈ નહીં તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

**વોર્ડ ૨:** – વોર્ડ નંબર ૨ ની વાત કરવામાં આવે તો આ વિસ્તારમાં મુસ્લિમ લઘુમતી મતદારોની સંખ્યા ૯,૭૦૦ છે જે કુલ મતદારોની ૨૦% છે. બીજી તરફ રઘુવંશી અને બ્રહ્મ સમાજની ટિકિટ કપાતા સમાજમાં ભારે નારાજગી પણ છે ત્યારે લઘુમતી સમાજનું મતદાન વોર્ડ બેમાં પ્રમાણસર સારું રહ્યું છે. મહિલા ધારાસભ્ય લઘુમતી વિસ્તારોમાં ભાજપની ઝંડી, પોસ્ટરોને હટાવવાની સૂચના આપી હોવાથી સ્થાનિક લઘુમતી અગ્રણીઓમાં નારાજગી ફેલાઈ હતી. આ બાબત પણ મહત્વનો ભાગ ભજવી શકે છે. બીજી તરફ અન્ય વોર્ડ કરતા પ્રમાણમાં ચૂંટણી વ્યવસ્થા અને પ્રચાર કાર્ય કરવામાં નયનાબા વાઘેલા કથા ભાવેશ વાઘેલાએ કોઈ કચાસ છોડી ન હોવાનું મનાય છે. આ વિસ્તારમાં કોંગ્રેસને જીતવું લોઢાના ચણા ચાવવા સમાન છે. પરંતુ અસંતોષ, રોષ અને સ્વમાનને પહોંચેલી માનીતી ઠેસ ભાજપના અજેય ગઢમાં નાનું મોટું ગામડું પાડે તેવી સંભાવના રાજકીય તજજ્ઞ નિહારી રહ્યા છે.

**વોર્ડ ૩:–** વોર્ડ નંબર ત્રણમાં પણ રાજકીય તજજ્ઞોના મતે મુસ્લિમ મતોનું વિભાજન મહત્વનો ભાગ ભજવી શકશે કારણ કે જો મુસ્લિમ મતો કોંગ્રેસ તરફી પડ્યા હોય તો ભાજપની પેનલ ને હંફાવી શકે છે. જોકે જેમની ટિકિટ કપાય છે તેવા માલધારી યુવાન વ્યવસ્થિત વજન મૂકતા દોડવા લાગ્યા હતા અને હવે ભાજપ ૧૫,૦૦૦ની લીડ થી જીતે છે તેવી સરસ લગાવવા તૈયાર છે તે પણ ઉમેદવારના ખર્ચે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. બીજી તરફ કોંગ્રેસના સિનિયર આગેવાન ગાયત્રીબા વાઘેલા અને અતુલ રાજાણી માટે ગોલ્ડન ચાન્સ હોવાનું રાજકીય તજજ્ઞોએ વર્ણવ્યું હતું પરંતુ તેઓ પ્રચાર પ્રસારમાં અને વ્યવસ્થા ગોઠવવામાં ક્યાંક નિષ્ફળ નીકળ્યા છે અંતે રાજકીય તજજ્ઞોના જણાવ્યા અનુસાર મુસ્લિમ મતોનું વિભાજન નક્કી કરશે કે વોર્ડ ૩ કોણ અંકે કરે છે.

**વોર્ડ ૪:–** વોર્ડ ચારનું સમીકરણ પણ અત્યંત મહત્વનું પુરવાર થશે કારણકે અહીં રાજકીય વર્તુળોમાં જે ચર્ચા જાગી છે તેને ધ્યાને લેતા આમ આદમી પાર્ટીની પેનલ ભાજપ તથા કોંગ્રેસને હમફાવે તો નવાઈ નહીં. વોર્ડ ચાર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ ભુવાએ તેની પેનલના ચારેય ઉમેદવારો ઝળહળતો વિજય મેળવશે તેઓ પણ આશાવાદ વ્યક્ત કર્યો હતો. અને તેમની જીતને નિશ્ચિત માની હતી.૨૦૨૬ ની મનપાની ચૂંટણી માં વોર્ડ ચાર ની આમ આદમી પાર્ટીની પેનલમાં મજબૂત આગેવાનો તરીકે ઉભરી રહેલા રાહુલ ભુવાની પેનલ તથા તમામ ૧૮ વોર્ડમાં સૌથી શિક્ષિત અને મજબૂત ઉમેદવાર હોવાની ચર્ચા હરીફ પક્ષોમાં થઈ રહી છે.

**વોર્ડ ૫:–** વોર્ડ પાંચમાં ભાજપની પેનલ તૂટવાની સંભાવના હાલ રાજકીય તજજ્ઞ વ્યક્ત કરી રહ્યા છે. પીઠ માલધારી અગ્રણીના ભાણા સામેનું ચોક્કસ વિરોધ વોર્ડ પાંચમાં જોવા મળ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટીની ભણેલ ગણેલ દીકરી અને કોંગ્રેસના ઓબીસી માલધારી ઉમેદવારનો ફાયદો કરાવી જાય તો નવાઈ નહીં. આશ્ચર્યની વાત એ છે કે ગત ચૂંટણીમાં ભાજપની પેનલને ૯૦૦૦ જેટલી તોતિંગ લીડ મળી હતી પરંતુ વર્તમાન ચૂંટણીમાં પેનલ તૂટવાની ચર્ચા હેરત પામે તેવી છે.

**વોર્ડ ૬:–** વોર્ડ નંબર છ ની વાત કરવામાં આવે તો દેવુબેન જાદવ એ ભાજપનો કેસ ઉતારી કોંગ્રેસનો કેસ ધારણ કર્યો છે ત્યારે કોંગ્રેસે સુંદર સોશિયલ એન્જિનિયરિંગ કરી રબારી પુરુષ, કોળી પુરુષ, કોળી મહિલા અને કુંભાર મહિલાના જ્ઞાતિ સમીકરણ કરીને પેનલ ઉતારી છે. અને આ પેનલે ભાજપની પેનલ ને હંફાવી છે ત્યારે ભાજપની પેનલ વિખાઈ ( તૂટે ) તેવી સંભાવના રાજકીય નિરીક્ષકો દ્વારા વ્યક્ત કરાય છે.

**વોર્ડ ૭ :–** વોર્ડ નંબર સાતમાં વણિક સમાજ, લોહાણા સમાજ, ભાજપ સામે નારાજ હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. ટિકિટ માંથી જેમની બાદબાકી થઈ છે તેવા શૈલેષ જાની પેનલ નો ભાર ઉઠાવી શકશે કે કેમ ? તે અંગે શંકા હતી પરંતુ નેહલ શુક્લના પેનલમાં આગમન બાદ આ વોર્ડની બાગડોળ કશ્યપ શુકલે સંભાળી હતી જે બાદ ચૂંટણી પરિણામ પહેલાં જ વોર્ડના આગેવાનોએ ફટાકડા ફોડી શકે તેવી પોઝિશનમાં આવી ગયા હોવાનું પણ હાલ બનાવી રહ્યું છે. ત્યારે રાજકીય તજજ્ઞોના જણાવ્યા અનુસાર આ વોર્ડમાં પેનલ સાંગોપાંગ નીકળી જાય એ પણ સારી લીડ થી તેવું ચિત્ર ઉપસ્યું છે.

**વોર્ડ ૮:–** વોર્ડ નંબર આઠમાં મુસ્લિમ મતો અંકે કરવામાં રાજકોટ ભાજપના કશ્યપ શુકલ વધુ હોશિયાર અને પાવરધા કોઈ બીજા હોઈ ન શકે તે માન્યતા મુજબ મુસ્લિમ મતો મેનેજ કરવામાં ભાજપને સફળતા મળ્યાના વાવડ પણ મળી રહ્યા છે. વોર્ડ નંબર આઠમાં સારા એ મારાના બદલે મારા અંગત એ પાર્ટીના એ મુજબનો ઘાટ ઘડાયો અને આ વોર્ડમાં સોશિયલ એન્જિનિયરિંગના ધજાગરા ઉડાવાતા આખા રાજકોટમાં ભાજપ માટે સૌથી સરળ એવા વોર્ડમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી થઈ જાય તેવો માહોલ ઊભો થયો છે. આ વોર્ડમાં કડવા પાટીદારની મતદાર સંખ્યા વધુ છે. લેઉવા પાટીદાર મતો પણ વધુ છે તેમ છતાં સામાન્ય બેઠક પર કડવા તથા લેવા પાટીદાર પુરુષ ઉમેદવારને મૂકવાના બદલે પસંદગીમાં થાપ ખાઈ જતા ભાજપના લોખંડી કિલ્લામાં ગાબડું પડી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અહીંયા પેનલ ટુટે અને ભાજપના બે મહિલા જીતી જાય પરંતુ આમ આદમી પાર્ટીના ઉમેદવાર શિવલાલ બારસિયા જીતી જાય અથવા તો નોંધપાત્ર મતો મેળવી જાય તેમ મનાય છે.

**વોર્ડ ૧૦:–** વોર્ડ નંબર ૮ અને વોર્ડ ૯ની જેમ વોર્ડ ૧૦ એ ભાજપ માટે મજબૂત વોર્ડ માનવામાં આવે છે જોકે કોંગ્રેસે છેલ્લી ઘડીએ રાજકોટમાં ભારે લોક ચાહના મેળવનાર આરજે આભા તથા લોક શિક્ષિકા અને પરમ પૂજ્ય રાજશ્રી મુનિના ચુસ્ત અનુયાયી એવા ભાર્ગવીબા. ડી .ગોહિલને મેદાનમાં ઉતાર્યા છે. તો બીજી તરફ પુરુષ ઉમેદવારમાં કોંગ્રેસે પ્રોફેસર ડોક્ટર રતિલાલ ડોબરીયાને ટિકિટ આપતા આ બોર્ડમાં ચૂંટણી જંગમાં રસાકસી ઊભી કરી છે. બીજી તરફ ભાજપે અંતિમ ઘડીએ જાણીતા ઉદ્યોગપતિ અને બિલ્ડર ઘનશ્યામ હેરભાને મેદાનમાં ઉતારતા રસાકસી ભર્યો માહોલે આકાર લીધો છે જોકે બંને પેનાલે હકારાત્મક અભિગમ સાથે ચૂંટણી પ્રચાર પ્રસાર સંપન્ન કર્યો હતો. રાજકીય તજજ્ઞોના મતે ક્રોસ વોટિંગ થયાની શક્યતા થી ચૂંટણી પરિણામ અંગે ઉત્તેજના જાગી છે.

**વોર્ડ ૧૧ અને વોર્ડ ૧૨ :–** વોર્ડ ૧૧ અને વોર્ડ ૧૨ ભાજપ માટે મુશ્કેલી ઉભી કરી શકે તેવી રાજકીય તજજ્ઞો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કારણ કે રાજકીય તજજ્ઞોના મતે વોર્ડ નંબર ૧૧ ભાજપના હાથમાંથી સરકી જશે તેવું ચિત્ર હાલ ઉભું થયું હોવાની ચર્ચા જાગી છે તો વોર્ડ નંબર ૧૨ માં પેનલ તૂટવાની પણ સંભાવના રાજકીય તજજ્ઞો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

**વોર્ડ ૧૩ :–** વોર્ડ ૧૩ માં કોંગ્રેસ ઉમેદવાર સારા છે ત્યારે ભાજપે નીતિન રામાણીની અવગણના કરી છે તેનાથી ભાજપને ફટકો પડ્યો હોય તેવું પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે સાથોસાથ નિતીન રામાણીના અસંખ્ય ટેકેદારો નારાજ છે. ત્યારે વોર્ડ નંબર ૧૩ માં ભારે રસાકસી જોવા મળી શકે છે.

**વોર્ડ ૧૪ :–** વોર્ડ નંબર ૧૪ ની વાત કરવામાં આવે તો આ વોર્ડ આમ તો ભાજપ માટે ગઢ ગણાય પરંતુ પેરાશૂટ ઉમેદવાર અને બંને પેનલમાં મજબૂત ઉમેદવાર હોવાના કારણે આ વોર્ડમાં ચૂંટણી જંગમાં ભારે ઉત્તેજના ફેલાઈ હતી. બંને પક્ષે સામ દામ દંડ ભેદ અને પ્રપંચનો હથિયારનો ઉપયોગ પરાકાષ્ઠા સુધી કરી લીધો હતો. મતદાનના દિવસે મામલો હુમલા સુધી પહોંચ્યો હતો એમ કહેવાય છે કે ભાજપની પેનલનું એકાદ કમળ પેનલમાંથી ખરી પડે તો નવાઈ નહીં આ વોર્ડમાં બંને પેનલે વટભેર ચૂંટણી જંગ થેલી લીધો હતો ત્યારે રાજકીય તજજ્ઞો અને વર્ષો જૂની રાજકીય પાર્ટીના ઉમેદવારો એવો આશાવાદ દર્શાવ્યો હતો કે બંને પેનલને ૫૦–૫૦% ચાન્સ છે.

**વોર્ડ ૧૫ :–** વોર્ડ નંબર ૧૫ હર હંમેશ કોંગ્રેસનો ગઢ રહ્યો છે ત્યારે હાલ છેલ્લી એટલે કે રવિવારે યોજાયેલી મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૫ ના કોંગ્રેસ ઉમેદવાર મકબુલ દાઉદાણીની અટકાયત કરવામાં આવી તેમાં ભાજપનો હાથ હોવાનું પણ રાજકીય તજજ્ઞોમાં ચર્ચા થઈ રહી છે અને કોંગી ઉમેદવારની અટકાયત બાદ તે વોર્ડમાં જેટ ગતિએ મતદાન પણ વધ્યું હતું ત્યારે અહીં ભાજપ કે આમ આદમી પાર્ટી માટે જીતવું લગભગ અશક્ય હોવાનું મનાઈ રહ્યું છે.

**વોર્ડ ૧૬–૧૭ અને ૧૮ :–** રાજકીય સમીકરણોને ધ્યાને લઈ વોર્ડ નંબર ૧૬ ભાજપના હાથમાંથી જાય તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં થઈ રહી છે ત્યારબાદ વોર્ડ નંબર ૧૭ અને ૧૮ માં ચોક્કસ ભાજપની પેનલ ટુટે તેઓ વિશ્વાસ પણ રાજકીય વર્તુળોમાં જોવા મળી રહ્યો છે ત્યારે ખરું પરિણામ આજે ખબર પડી જશે કે કઈ બેઠક પર ભાજપ કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી જીતે છે પરંતુ એ વાત તો નક્કી છે કે આ વખતની ચૂંટણી પરિણામ આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી માટે દરેક રાજકીય પક્ષ માટે આંખ ઉઘાડનારૂ હશે. ત્યારે મતદારો ક્યાં મુદ્દે ઉમેદવારોને છૂટશે તે તો આજે જ ખબર પડશે.

# ભાજપએ ત્રણ વોર્ડમાં વિજયોત્સવ પણ મનાવી લીધો !

રાજકોટ, તા. ૨૭

રાજકોટમાં આ વખતે ધારણા કરતા ઓછુ મતદાન થયુ છે. ઉમેદવારો જેવા ગાજ્યા તેવા મતપેટીમાં વરસાવી ન શક્યા. જો કે, ભાજપના કમીટેડ વોટબેંક ધરાવતા વિસ્તારમાં પક્ષના ઉમેદવારો મતદાન પૂર્ણ થતાની સાથે જ જીતના ઉન્માદમાં આત્મવિશ્વાસના અતિરેક બતાવીને વોર્ડ નં.૭, ૮ અને ૯માં તો ગઇકાલે રાત્રે જ ઉમેદવારો અને કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને વિજયોત્સવ ઉજવી લીધો હતો !. વોર્ડ નં.૭માં જેના નામની જાહેરાત થઇ હતી તેવા સતાવાર ઉમેદવાર શૈલેષ જાનીને છેલ્લી ઘડીએ સ્ટેજ પરથી દૂર કરીને તેમની જગ્યાએ ટિકિટ લઇ આવનાર વોર્ડ નં.૭ના નેહલભાઈ શુકલના રાજકીય અસ્તિત્વ ઉપર સૌ કોઇની નજર છે. ત્યારે નેહલભાઇ શુક્લે મત ગણતરી પહેલાંજ ગઇકાલે રાત્રે આતશબાજી વિજયોત્સવ મનાવ લીધો હતો. નેહલ શુકલની ૧૩ હજાર મતની સરસાઇથી વિજય થશે તેવો દાવો તેમના સમર્થકો કરી રહ્યા છે.

આમ તો વોર્ડ નં.૭, ૮ અને ૯માં વર્ષોથી ભાજપનો વાવટો ફરકે છે. અહીં ભાજપના નામે પથ્થર પણ પાણીમાં તરી જાય છે. કોઇપણ આયાતી ઉમેદવાર મુકવામા આવે, ભાજપના નામે મત મળતા રહે છે. આ વખતે ઉક્ત ત્રણેય વોર્ડમાં ગત ૨૦૨૧ની મનપાની ચૂંટણી કરતા ઓછા મત પડ્યા હોવા છતા ભાજપને જીતની આશા છે. ગઇકાલે સાંજે મતદાન પુર્ણ થયુ ત્યારે ઉમેદવારો વિસ્તાર વાઇઝ મતદાનની ટકાવારી, મતદારોનો મળેલો મીજાજ સહિતના અંકોડા મેળવીને ચિત્ર સ્પષ્ટ કરવા લાગ્યા હતા. વોર્ડ નં.૭ના લડાયક ઉમેદવાર નેહલભાઈ



વોર્ડ નં.૭, ૮, ૯માં ભાજપે આતશબાજી કરી! આત્મવિશ્વાસ કે ઓવર કોન્ફિડન્સ? : આજે ફાઇનલ જનાધાર

શુક્લે તો ત્યા સુધી દાવો કર્યો છે કે તેઓ ૧૦ હજારથી વધુ લીડથી જીત મેળવી રહ્યા છે. તો વોર્ડ નં.૮ અને ૯માં પણ ૭૦૦૦થી વધુ લીડ સાથે જીતના દાવા કરવામા આવ્યા છે.આ ત્રણેય વોર્ડમાં ગત રાત્રિએ ઉમેદવારો અને કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને વિજયજશ્ન પણ મનાવી આત્મ વિશ્વાસનો અતિરેક છે કે આયોજનપુર્વકની આતશબાજી તે આજે ઇવીએમ ખુલ્યા પછી સામે આવી જ જશે.

## મનપા ચૂંટણીનું કાઉન્ટિંગ છ સેન્ટર પરથી : લોખંડી બંદોબસ્ત

# મહાનગર, જિલ્લા-તાલુકામાં સવારે ૯ કલાકથી મત ગણતરી

રાજકોટ, તા. ૨૭ એપ્રિલ

રાજ્ય ચૂંટણી આયોગે જારી કરેલા કાર્યક્રમ મુજબ, ૨૮મી એપ્રિલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં થયેલા મતદાનની મત ગણતરી હાથ ધરાશે.ચૂંટણી શાખા તરફથી મળતી માહિતી મુજબ, રાજકોટ મહાનગર પાલિકાના નિર્ધારિત છ કાઉન્ટિંગ સેન્ટર પર સવારે ૯ કલાકથી મત ગણતરીનો પ્રારંભ થશે. (૧) વોર્ડ નંબર ૧થી ૩ની ગણતરી પાંધી લો કોલેજ, ચૌધરી હાઈસ્કૂલ કમ્પાઉન્ડ, (૨) વોર્ડ નંબર ૪થી ૬ની ગણતરી શ્રી એ.એસ.ચૌધરી હાઇસ્કૂલ, (૩) વોર્ડ નંબર ૭થી ૯ની ગણતરી શ્રી એસ.વી.વિરાણી હાઈસ્કૂલ, ટાગોર રોડ (૪) વોર્ડ નંબર ૧૦થી ૧૨ની મત ગણતરી શ્રી એ.વી.પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ, હેમુ ગઢવી હોલની સામે, (૫) વોર્ડ નંબર ૧૩થી ૧૫ની ગણતરી શ્રી અમૃતચંદ વીરચંદ જસાણી સ્કૂલ, પી.ડી.એમ. ફાટક પાસે, (૬) વોર્ડ નંબર ૧૬થી ૧૮ ગણતરી શ્રી રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ, રાજકોટ ખાતે થશે.




જ્યારે રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતની વિવિધ બેઠકો તથા જિલ્લા પંચાયતની ૩૬ બેઠકોની મત ગણતરી નિર્ધારિત તાલુકા મથકોએ હાથ ધરાશે. જેમાં (૧) રાજકોટ તાલુકામાં સરકારી પોલીટેકનીક કોલેજ ભાવનગર રોડ ખાતે મત ગણતરી થશે. (૨) કોટડા સાંગાણી, (૩) લોધિકા, (૪) પડધરી - આ ત્રણેય તાલુકાની મત ગણતરી કવિ શ્રી દાદ સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ પડધરી ખાતે થશે. (૫) ગોંડલ તાલુકામાં સેન્ટ મેરી સ્કૂલ (ગુંદાળા રોડ) સેન્ટર ખાતે મત ગણતરી કરાશે. (૬) જેતપુર તાલુકા માટે સેન્ટ ફ્રાન્સીસ હાઇસ્કૂલ (નવાગઢ) ખાતે કેન્દ્ર ખાતે મત ગણતરી થશે. (૭) ધોરાજી (૮) જામકંડોરણા - આ બંને તાલુકાની મત ગણતરી નવી ભગવતસિંહજી હાઇસ્કૂલ (સ્ટેશન રોડ, ધોરાજી) ખાતે થશે. (૯) ઉપલેટામાં ટાવરવાળી તાલુકા શાળા ખાતે કાઉન્ટિંગ થશે. (૧૦) જસદણ માટે મોડેલ સ્કૂલ-જસદણ જ્યારે (૧૧) વિંછીયા તાલુકા માટે તાલુકા સેવા સદન-વિંછીયા ખાતે કાઉન્ટિંગ સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. (૧૨) ગોંડલ નગરપાલિકાની ચૂંટણીની મત ગણતરી મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે થશે.

આ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા તથા ગોંડલ નગરપાલિકાના ચૂંટણી નિરિક્ષક આલોકકુમાર પાંડે, જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશ તેમજ તાલુકા, જિલ્લા પંચાયતના ચૂંટણી નિરિક્ષક જી.વી. મિયાણી વિવિધ મત ગણતરી કેન્દ્રોની મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કરશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ધક-ધક કરને લગા..

## ક્ષણોમાં રહસ્ય પરથી પડદો હટશે, વિજેતાઓને આગોતરા અભિનંદન




રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં અત્યારે ચૂંટણીના પરિણામોને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. દરેક વ્યક્તિના હૃદયના ધબકારા વધી ગયા છે. ઉમેદવારોથી લઈને સામાન્ય નાગરિકો સુધી સૌ કોઈ પરિણામની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. થોડી જ ક્ષણોમાં ઈવીએમમાંથી જનતાનો મિજાજ બહાર આવશે અને વિજયનું રહસ્ય ઉજાગર થશે. જે ઉમેદવારો પર જનતાના આશીર્વાદ ઉતરે અને જેઓ વિજયી બને, તે તમામને અત્યારથી જ આગોતરા અભિનંદન પાઠવવામાં આવે છે. લોકશાહીના આ મહાપર્વમાં હાર-જીત એ સિક્કાની બે બાજુ છે, પણ જનતાનો ચુકાદો સર્વોપરી છે.

ચૂંટણીમાં જીત મેળવવી એ ગૌરવની વાત ચોક્કસ છે, પરંતુ જીત પોતાની સાથે બમણી જવાબદારી લઈને આવે છે. વિજયી બન્યા પછીનો સમય ઉત્સવ મનાવવા સાથે લોકોએ મૂકેલા વિશ્વાસ પર ખરા ઉતરવાનો હોય છે. મતદારો જ્યારે કોઈને મત આપે છે, ત્યારે તેની પાછળ ઘણી બધી આશાઓ અને અપેક્ષાઓ જોડાયેલી હોય છે. આ મતો એ માત્ર આંકડા નથી, પણ લોકોની સુખાકારી માટેના અરમાન છે. કમનસીબે, રાજનીતિમાં એવું જોવા મળે છે કે મોટાભાગના નેતાઓ વિજયી બન્યા બાદ જનતાને ભૂલી જતા હોય છે. ચૂંટણી પ્રચારમાં જે ઉત્સાહ દેખાય છે, તે જીત્યા પછી કામના સ્વરૂપે દેખાતો નથી.

સાચું નેતૃત્વ એ છે જે સત્તાના નશામાં ડૂબ્યા વગર લોકોની વચ્ચે રહીને કાર્ય કરે. લોકશાહીમાં જે નેતા લોકોનો નિસ્વાર્થ પ્રેમ જીતી શકે છે, તે જ લાંબાગાળા સુધી નેતૃત્વ કરી શકે છે. નેતાઓએ એ સમજવું પડશે કે લોકોના કામ કરવા એ કોઈ ઉપકાર નથી, પરંતુ તેમની મૂળભૂત ફરજ છે. જનતાએ તમને તેમની સેવા કરવા માટે મંચ આપ્યો છે. રસ્તા, પાણી, શિક્ષણ અને આરોગ્ય જેવા પાયાના પ્રશ્નોનો ઉકેલ લાવવો એ જ સાચી વિજયી મુદ્રા છે.

વિજેતા બનેલા ઉમેદવારોએ જનતાનો આભાર માનવાની સાથે તેમના પ્રશ્નો સાંભળવાની શરૂઆત આજથી જ કરવી જોઈએ. વિજયનો ગુલાલ ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે તે સામાન્ય માણસના ચહેરા પર સ્મિત લાવી શકશે. જે નેતા સત્તા મળ્યા પછી પણ વિનમ્ર રહે છે અને જનતાના દરબારમાં હાજર રહે છે, તે જ સાચા અર્થમાં લોકપ્રિય બને છે. આવનારા દિવસોમાં નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ ફરજને પવિત્ર માનીને નિભાવે તેવી અપેક્ષા સહ ફરી એકવાર વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન.

# ભારતના સોલાર સેક્ટરને અમેરિકાએ ફટકારી ૧૨૩ ટકા એન્ટી-ડમ્પિંગ ડ્યુટી

## ભારતીય નિકાસકારો માટે અમેરિકન બજારના દરવાજા બંધ કરી દેનારો આર્થિક પ્રહાર

નવી દિલ્હી, તા.૨૭

વૈશ્વિક ગ્રીન એનર્જી માર્કેટમાં મહાસત્તા બનવા તરફ આગળ વધી રહેલા ભારતીય સોલર મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે અમેરિકા તરફથી અત્યાર સુધીનો સૌથી મોટો આંચકો આવ્યો છે. અમેરિકાએ ભારતીય સોલર સેલ અને મોડ્યુલ્સની આયાત પર ૧૨૩.૦૪ ટકા જેટલી પ્રાથમિક એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લાદવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ નિર્ણય માત્ર એક ટેક્સ નથી, પરંતુ ભારતીય નિકાસકારો માટે અમેરિકન બજારના દરવાજા લગભગ બંધ કરી દેનારો એક આર્થિક પ્રહાર છે.



ફેબ્રુઆરીમાં લાદવામાં આવેલી કાઉન્ટરવેલિંગ ડ્યુટી અને હવેની એન્ટી-ડમ્પિંગ ડ્યુટી મળીને ભારતીય ઉત્પાદનો પર કુલ ટેક્સનો બોજ ૨૩૪ ટકાથી પણ વધી ગયો છે. આ કઠોર નિર્ણયથી ભારતની ટોચની સોલર કંપનીઓ અને સરકારની રિન્યુએબલ એનર્જી નિકાસ રણનીતિ સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્ન ઊભું થયું છે.

અમેરિકાના વાણિજ્ય વિભાગ દ્વારા ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ એક વિસ્તૃત તપાસ અહેવાલના આધારે આ નિર્ણય લેવાયો હતો. તપાસમાં પ્રાથમિક રીતે સાબિત થયું છે કે ભારત, ઇન્ડોનેશિયા અને લાઓસ જેવા દેશો તેમના સોલર ઉત્પાદનો અમેરિકન માર્કેટમાં તેની વાસ્તવિક ઉત્પાદન કિંમત કરતા ઘણી ઓછી કિંમતે વેચી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય વેપારમાં આ પ્રક્રિયાને ડમ્પિંગ કહેવામાં આવે છે. જ્યારે કોઈ દેશ પોતાના ઘરઆંગણે વેચાતી કિંમત કરતા પણ ઓછી કિંમતે બીજા દેશમાં માલ ઠાલવે, ત્યારે તેને અટકાવવા માટે એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવે છે. અમેરિકાનો દાવો છે કે, આ પ્રકારના અન્યાયી પ્રાઈસિંગને કારણે તેની સ્થાનિક કંપનીઓ સ્પર્ધામાં ટકી શકતી નથી અને તેમનું ઉત્પાદન ઠપ થઈ રહ્યું છે.

ભારતીય સોલર નિકાસકારો અત્યારે બેવડો માર સહન કરી રહ્યા છે. એન્ટી-ડમ્પિંગ ડ્યુટી (૧૨૩.૦૪%): જે અત્યારે તાજેતરમાં લાદવામાં આવી છે. કાઉન્ટરવેલિંગ ડ્યુટી CVD (૧૨૫.૮૭%) જે આ વર્ષે ફેબ્રુઆરીમાં લાદવામાં આવી હતી. અમેરિકાનો આક્ષેપ છે કે, ભારત સરકાર તેની સોલર કંપનીઓને વિવિધ પ્રોત્સાહનો અને સબસિડી આપે છે, જે આંતરરાષ્ટ્રીય વેપારના નિયમો વિરુદ્ધ છે. આ સબસિડીની અસરને બેઅસર કરવા માટે CVD લાદવામાં આવે છે. જ્યારે આ બંને ટેક્સ ભેગા થાય છે, ત્યારે ભારતીય સોલર મોડ્યુલ્સની કિંમત અમેરિકામાં ત્રણ ગણી થઈ જાય છે, જે તેને ગ્રાહકો માટે બિલકુલ બિન-સ્પર્ધાત્મક બનાવી દે છે.

અમેરિકાની આ તપાસમાં ભારતની કેટલીક વિશાળ કંપનીઓને સીધું નિશાન બનાવવામાં આવી છે. તપાસ અહેવાલમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે અમુક કંપનીઓ માટે ડમ્પિંગ માર્જિન વધુ છે. અદાણી ગ્રુપની મુંદ્રા સોલર પીવી અને મુંદ્રા સોલર એનર્જી આ તપાસના મુખ્ય કેન્દ્રમાં છે. અમેરિકા અદાણી સોલર માટે સૌથી મોટું બજાર હતું, જ્યાં હવે નિકાસ કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે. પ્રીમિયર એનર્જીસ આ કંપની માટે પણ વેઈટેડ એવરેજ ડમ્પિંગ માર્જિન ૧૨૩.૦૭ ટકા નક્કી કરવામાં આવ્યું છે. વારી એનર્જીસ અને વિક્રમ સોલર જેવી કંપનીઓ, જેમને વ્યક્તિગત રીતે તપાસવામાં આવી નથી, તેમના પર પણ ઓલ-અધર્સ કેટેગરી હેઠળ સમાન દરે ટેક્સ લાગુ થશે.

આ કેસમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત ક્રિટિકલ સર્કમસ્ટાન્સિસ કલમનો ઉપયોગ છે. અમેરિકન સત્તાવાળાઓએ નોંધ્યું છે કે ડ્યુટી લાગવાની આશંકાએ ભારતીય નિકાસકારોએ છેલ્લા કેટલાક મહિનાઓમાં મોટા પ્રમાણમાં માલ અમેરિકામાં ઠાલવી દીધો હતો. આથી, આ ડ્યુટી માત્ર હવે પછીની આયાત પર જ નહીં, પરંતુ છેલ્લા ૯૦ દિવસમાં જે માલ અમેરિકા પહોંચ્યો છે તેના પર પણ પાછલી તારીખથી લાગુ કરવામાં આવશે. આનાથી તે નિકાસકારોને કરોડો રૂપિયાનું નુકસાન થશે જેમણે પહેલેથી જ સોદા પૂર્ણ કરી લીધા છે.

અમેરિકાના કડક વલણને કારણે ભારતીય કંપનીઓ હવે વૈશ્વિક સ્તરે પોતાની રણનીતિમાં ધરમૂળથી ફેરફાર કરી રહી છે. યુરોપિયન બજાર: યુરોપિયન દેશો રિન્યુએબલ એનર્જી માટે આક્રમક લક્ષ્યાંકો ધરાવે છે અને ત્યાં અત્યારે અમેરિકા જેવા કડક ટેરિફ નથી. ભારતીય કંપનીઓ હવે યુરોપમાં પોતાનો હિસ્સો વધારવા મથશે.

સાઉદી અરેબિયા અને UAE જેવા દેશો સોલર પ્રોજેક્ટ્સ પાછળ અબજો ડોલર ખર્ચી રહ્યા છે. ભારતીય મોડ્યુલ્સ માટે આ બજારો શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે.

ભારત સરકારનું ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW રિન્યુએબલ એનર્જી ક્ષમતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય છે. પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના જેવા પ્રોજેક્ટ્સને કારણે ભારતમાં જ સોલર પેનલ્સની પ્રચંડ માંગ રહેવાની છે, જે નિકાસના નુકસાનની ભરપાઈ કરી શકે છે.

ભૂતકાળમાં અમેરિકાએ ચીન, મલેશિયા, વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો પર પણ આવા જ પ્રતિબંધો મૂક્યા હતા. ભારત હંમેશા અમેરિકા માટે ચીનનો વિકલ્પ બનવાની આશા રાખતું હતું. પરંતુ અમેરિકાની વર્તમાન નીતિ માત્ર ચીન વિરોધી નથી, પણ તે અમેરિકા ફર્સ્ટ નીતિ છે. અમેરિકા પોતાના ઈન્ફ્લેશન રિડક્શન એક્ટ (IRA) દ્વારા સ્થાનિક ઉત્પાદકોને જંગી સબસિડી આપી રહ્યું છે. તે ઈચ્છે છે કે ક્લીન એનર્જીની સપ્લાય ચેઈન તેના પોતાના દેશમાં જ વિકસે. આ સ્થિતિમાં ભારત તેના વ્યૂહાત્મક ભાગીદાર હોવા છતાં, વ્યાપારી હિતોના કારણે આ દંડનો ભોગ બન્યું છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ દ્વારા ૧૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ફાઈનલ રિપોર્ટ આપવામાં આવશે. ત્યારબાદ ઓક્ટોબરમાં ઈન્ટરનેશનલ ટ્રેડ કમિશન (ITC) અંતિમ ચુકાદો આપશે. જો ભારત આ ડ્યુટીમાં રાહત મેળવવામાં નિષ્ફળ રહેશે, તો ભારતીય સોલર કંપનીઓના શેરમાં કડાકો અને પ્રોજેક્ટ કોસ્ટમાં વધારો જોવા મળી શકે છે.

ભારતીય વાણિજ્ય મંત્રાલયે આ મુદ્દે અમેરિકા સાથે વાતચીત શરૂ કરી છે, પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે ટેરિફમાં મોટી રાહત મળે તેવી શક્યતા ઓછી છે. હવે સમય આવી ગયો છે કે ભારતીય સોલર ઉત્પાદકો માત્ર નિકાસ પર નિર્ભર રહેવાને બદલે ઉત્પાદન ખર્ચ ઘટાડે અને ગુણવત્તામાં વિશ્વસ્તરીય સ્પર્ધા કરે.

# કેન્દ્રીય કર્મચારીઓના બેઝિક પગારમાં વધારાની શક્યતા

## લઘુતમ પગાર ૧૮ હજારથી વધીને ૬૯ હજાર થવાની પ્રબળ શક્યતા : કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં લઈ શકે છે ૮મા પગાર પંચ અંગે મોટો નિર્ણય

નવી દિલ્હી, તા.૨૭

દેશના ૪૫ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૦ લાખ પેન્શનરો માટે આઠમા પગાર પંચને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આઠમા પગાર પંચે હવે ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી શરૂ કરી દીધી છે, જેમાં પંચની ટીમ અલગ-અલગ રાજ્યોની મુલાકાત લઈ કર્મચારી યુનિયનો સાથે બેઠકો કરી રહી છે. હાલમાં જ ઉત્તરાખંડના સંગઠનો સાથે બેઠક પૂર્ણ કર્યા બાદ, હવે ૨૮થી ૩૦ એપ્રિલ દરમિયાન દિલ્હીમાં એક મોટી બેઠક યોજાવાની છે. ત્યારબાદ મે મહિનામાં મહારાષ્ટ્રના વિવિધ સંગઠનો પાસેથી પ્રતિભાવો લેવામાં આવશે.

કર્મચારી સંગઠનોના સંયુક્ત મંચ (NC-JCM) દ્વારા સરકાર સમક્ષ ફિટમેન્ટ ફેક્ટર વધારીને ૩.૮૩૩ કરવાની જોરદાર માંગ કરવામાં આવી છે. જો સરકાર આ માંગ સ્વીકારી લે, તો કર્મચારીઓના પગારમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, અત્યારે જે લઘુતમ બેઝિક પે રૂ. ૧૮,૦૦૦ છે, તેને વધારીને રૂ. ૬૯,૦૦૦ કરવા માટેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, મોંઘવારી ભથ્થાની ગણતરી માટે છેલ્લા ૧૨ મહિનાની સરેરાશને આધાર બનાવવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.



નવા પગાર પંચમાં અન્ય એક મોટો ફેરફાર પરિવારના સભ્યોની સંખ્યાને લઈને હોઈ શકે છે. અત્યાર સુધી ૩ યુનિટના પરિવારને ધ્યાનમાં રાખીને ભથ્થા નક્કી થતા હતા, પરંતુ હવે ૫ યુનિટના પરિવારને આધાર બનાવવાની માંગ ઉઠી છે. પંચ માત્ર બેઝિક સેલેરી જ નહીં, પણ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ(TA), હાઉસ રેન્ટ એલાઉન્સ(HRA) અને અન્ય સેવા શરતોની પણ સમીક્ષા કરી રહ્યું છે. સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૨૫માં રચાયેલા આ પંચે ૧૮ મહિનામાં પોતાનો રિપોર્ટ સોંપવાનો છે, ત્યારબાદ જ નવા પગાર ધોરણો લાગુ કરવા અંગે અંતિમ નિર્ણય લેવાશે.

# ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ઐતિહાસિક ટ્રેડ ડીલ



ભારતીય નિકાસકારોને ૧૦૦ ટકા ડ્યુટી ફ્રી

નવી દિલ્હી, તા.૨૭

ભારત-ન્યૂઝીલેન્ડે આજે નવી દિલ્હીમાં ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર હસ્તાક્ષર કરીને દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં નવા યુગની શરૂઆત કરી છે. આ ડીલથી બંને દેશોમાં વેપાર, રોકાણ અને રોજગારમાં વધારો થશે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને ન્યૂઝીલેન્ડના તેમના સમકક્ષ ટોડ મૈક્લેની ઉપસ્થિતિમાં આ સમજૂતીને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. હવે ભારતીય કંપનીઓ ટેક્સ વગર ન્યૂઝીલેન્ડમાં સામાન મોકલી શકશે. આ ઉપરાંત આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ આવશે. FTAની સૌથી મહત્ત્વની વાત એ છે કે, બંને દેશોએ મુક્ત વેપાર કરારને અંતિમરૂપ આપવા માટે ૧૬ માર્ચ-૨૦૨૫થી વાતચીત શરૂ કરી દીધી હતી, જેમાં માત્ર ૯ મહિનાની અંત આ ડીલને ફાઈનલ કરી દેવાઈ છે. આ સમજૂતી લાગુ થયા બાદ ભારત અને ન્યૂઝીલેન્ડના નિકાસકારો ટેક્સ વગર એકબીજાના દેશમાં નિકાસ કરી શકશે.

સમજૂતી પહેલા ન્યૂઝીલેન્ડે ભારતમાંથી નિકાસ થતા ૪૫૦ ઉત્પાદનો પર ૧૦ ટકા ટેક્સ લગાવ્યો હતો. હવે નવી સમજૂતી થયા બાદ આ ટેક્સ સંપૂર્ણ બંધ કરી દેવાયો છે. આનાથી ભારતીય કાપડ અને તૈયાર વસ્ત્રો, ચામડા ઉદ્યોગ, ટોપીઓ, ચીની માટીના વાસણો (સિરેમિક્સ), ગાદલા, વાહનો તથા તેના સ્પેરપાર્ટ્સની નિકાસમાં વધારો થશે. આ ઉપરાંત ભારતે પણ ન્યૂઝલેન્ડથી આવતા ૯૫ ટકા ઉત્પાદનો પર ટેક્સમાં રાહત અથવા ઘટાડી દીધો છે.મુક્ત વેપાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરતી વખતે ન્યૂઝીલેન્ડે આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ રોકાણ યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) દ્વારા ભારત સાથે કરવામાં આવેલા કરારમાં પ્રસ્તાવિત ૧૦૦ અબજ ડોલરના રોકાણ માળખા જેવું જ છે.

ભારતે મુક્ત વેપાર કરાર કરતી વખતે ખેડૂતો અને એગ્રીકલ્ચર ઉદ્યોગના હિતને પણ ધ્યાને રાખ્યું છે. FTAમાંથી દૂધ, ક્રીમ, મઠ્ઠો, કહી અને પનીર જેવા ઉત્પાદનોને બહાર રખાયા છે. આ ઉપરાંત કૃષિ ઉત્પાદનોની નિકાસ પર પણ રાહત આપી નથી. સમજૂતીથી સર્વિસ સેક્ટરથી લઈને એગ્રીકલ્ચર સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધવાની પણ આશા વ્યક્ત કરાઈ છે.ન્યૂઝીલેન્ડે વૈશ્વિક સ્તરે પ્રથમ વખત કોઈ દેશ સાથે વિદ્યાર્થીઓની અવરજવર અને અભ્યાસ પછીના વર્ક વિઝા (પોસ્ટ-સ્ટડી વર્ક વિઝા) અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. હવે ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે અઠવાડિયામાં ૨૦ કલાક સુધી કામ કરી શકશે અને તેમને લંબાવવામાં આવેલા પોસ્ટ-સ્ટડી વર્ક વિઝાનો લાભ પણ મળશે. આ વિઝા દ્વારા વ્યાવસાયિકો ત્રણ વર્ષ સુધી ન્યૂઝીલેન્ડમાં રહીને નોકરી કરી શકશે. આ સમજૂતી હેઠળ એક વિશેષ પવર્કિંગ હોલિડે વિઝાથ કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં દર વર્ષે ૧૦૦૦ ભારતીય યુવાનો ૧૨ મહિના માટે ન્યૂઝીલેન્ડમાં મલ્ટિપલ એન્ટ્રી કરી શકશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## નૃસિંહ એ ભગવાન વિષ્ણુનું અત્યંત ક્રોધાયમાન સ્વરૂપ છે, એટલે એને ચંદનનો લેપ કરવો પડે છે!



તા ૩૦/૪ એ વૈશાખ સુદ ચૌદસ એટલે કે વિષ્ણુનાં ચોથા અવતાર એવા નૃસિંહ અવતારની જયંતિ આવશે, પણ પૂર્ણિમા એ બુદ્ધ જયંતિ અને નરસિંહ મહેતા જયંતી પણ છે, એટલે આજે. શાસ્ત્રો અનુસાર વિષ્ણુનાં ૨૪ અવતારની વાત માનવામાં આવી છે, નૃસિંહ અવતાર રુપે ભગવાન વિષ્ણુ એ પોતાનાં ભક્ત પ્રહલાદને મદદ કરવા માટે અવતાર લીધો હોય એવું આ કથાનક છે. જોકે પછીથી વિષ્ણુ અવતાર તરીકે શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ બંનેએ મનુષ્ય રૂપે જન્મ લીધો હતો, અને મનુષ્યની મર્યાદામાં અધર્મનો નાશ કરી ધર્મની પુનઃ સ્થાપના કરી હતી.

યુગો પહેલા હિરણ્યકશિપું નામનો એક દાનવ રાજ થઈ ગયો, અને તેને તેના બળનો બહુ અહંકાર હતો. થયું એવું કે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બંને ભાઈઓ હતાં અને હિરણ્યાક્ષનો ભગવાન વિષ્ણુએ વધ કર્યો, એટલે હિરણ્યકશિપુ ભગવાન વિષ્ણુને પોતાનાં દુશ્મન સમજવા લાગ્યો! એણે બદલો લેવા ખૂબ આકરું તપ કર્યું. તેને બ્રહ્મા દ્વારા વરદાન આપવામાં આવ્યું હતું કે, તેને કોઈપણ નર અથવા પશુ મારી નહીં શકે. ઘર અથવા બહાર મારી નહીં શકે. શસ્ત્ર અથવા અસ્ત્રથી કે, દિવસે અથવા રાત્રે પણ મારી નહીં કરી શકે. આ વરદાન મેળવી હિરણ્યકશ્યપ સ્વયંને ભગવાન માનવા લાગ્યો હતો અને ત્રણેય લોકના વાસીઓ પર અત્યાચાર કરવાનો શરૂ કરી દીધો હતો. દેવતાઓ પણ ડરવા લાગ્યાં હતા, જેથી દેવતાઓએ ભગવાન વિષ્ણુને આ સંકટમાંથી બહાર લાવવા માટે પ્રાર્થના કરી. ભગવાન વિષ્ણુએ આ અત્યાચારમાંથી મુક્તિ અપાવવા માટેનું આશ્વાસન આપ્યું હતું. પોતાનાં રાજ્યમાં સૌએ તેની જ પૂજા કરવાની, એવો વટ હુકમ બહાર પાડ્યો હોય એવું ક્રુર વલણ અપનાવ્યું હતું, જ્યારે તેનો જ પુત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુનો ભક્ત હતો, અને તેની ઉંમરના અન્યને પણ વિષ્ણુ ભક્તિ વિશે પ્રેરિત કરતો. માનીતી અને અણમાનીતી રાણીઓની પહેલાના સમયમાં પ્રથા હતી, અને પ્રહલાદની માતા અણમાનીતી રાણી હતી. સુનીતિ સાથે જ પ્રહલાદ નારદના મુખે ભગવાન વિષ્ણુના ગુણદાન સાંભળે છે, અને તેઓ પોતાની માતા માટે ભગવાન વિષ્ણુની તપ સાધના કરે છે, અને આ રીતે તે વિષ્ણુમય બની ગયા. પોતાનાં પિતા એવાં હિરણ્યકશિપુથી આ બધું જોયું જતું નહોતું, અને તેનો અહંકાર એટલો ઘવાયો કે તે પોતાનાં જ પુત્રનો જીવ લેવાં તત્પર બન્યાં. અને આવાં કેટલાંય પ્રયોગો નિષ્ફળ ગયાં, ત્યારે એમણે પ્રહલાદને કહ્યું કે, જો તારો ભગવાન કણકણમાં વ્યાપ્ત હોય તો તું એ સાબિત કરી દે કે આ થાંભલામાં પણ હરિ છે!, અને થાંભલા માંથી નર અને સિંહ બંને સંલગ્ન હોય એવું એક સ્વરૂપ બહાર આવ્યું, જે હિરણ્યકશિપુ ને ઘરના ઉંબર સુધી ઢસડીને લાવે છે, અને તેની છાતી ચીરી નાખે છે. આપણે પણ પરમાત્મા વ્યાપ્ત છે એ કહીએ છીએ, છતાં અહમ તો આપણે પણ છોડી શકતાં નથી, બસ આપણો અહમ જ હિરણ્યકશિપુ બની વ્યાપક બ્રહ્મનાં દર્શન કરવા દેતો નથી. થાંભલા માંથી નૃસિંહ ભગવાન પ્રગટ થયાં એ દિવસે વૈશાખ સુદ ચૌદસ હતી, અને ત્યારથી આ દિવસ નૃસિંહ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. આમ જુઓ તો એક ભક્તની ભગવાન પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું આ પરિણામ છે, અને એ પણ કેટલી નાની ઉંમરે!: જોકે નાનાં હોય ત્યારે અમુક વાત વગર તર્કે સ્વીકારી લેતા હોઈએ છીએ, અને અહમ પણ એટલો બળવાન હોતો નથી.

વિષ્ણુનાં ચોથા અવતાર નૃસિંહના મંદિરો પણ બંધાયાં છે, અને ભગવાનને એ સમયે એટલો બધો ક્રોધ આવી ગયો હતો, કે તેનું પોતાનું મુખ પણ સળગવા લાગ્યું હતું, અને તેને શાંત કરવા માટે ચંદનનો લેપ લગાડ્યો હતો! તો ત્યારથી નૃસિંહ ભગવાનનાં મંદિરોમાં એની મૂર્તિ ને ચંદનનો લેપ કરવામાં આવે છે. અક્ષય તૃતીયાને દિવસે આ ચંદનનો લેપ હટાવવામાં આવે છે, અને ત્યારથી તે ચૌદસ એટલે કે ૧૧ દિવસ સુધી ભક્તોને નૃસિંહ સ્વરૂપના દર્શન થાય છે, બાકી તો ચંદન આવરીત જ તેની મૂર્તિ હોય છે.

પુરાણોમાં આલેખ્યા મુજબ પ્રહલાદ ભક્ત હતાં અને એ જ રીતે કળિયુગમાં નરસિંહ પણ ભક્ત પ્રહલાદ માટે અવતરેલા નૃસિંહ એક એવું સ્વરૂપ છે કે જે વિકરાળ છે, પણ વૈશાખ સુદ પૂનમને દિવસે નરસિંહ મહેતા જન્મ જયંતી છે, અને નામ એક હોવા છતાં બંને મા એક વિષ્ણુ તત્વને બાદ કરતાં કોઈ સામાન્યતા નથી. આ નરસિંહ વિશે વિગતવાર વાત તો પછી કરીશું, પણ મુખ્ય વાત એ છે કે આ નરસિંહ વિકરાળ બિલકુલ નથી, સ્વભાવે એકદમ રાંક છે, પણ નામની સંધિ છૂટી પાડીએ તો નર + સિંહ એટલે કે આ ભક્ત એવો નર છે, જે સિંહ સમાન કાળનો જ કોળિયો કરી ગયો, અને કળિયુગમાં જન્મ હોવા છતાં દ્વાપરનાં એ કૃષ્ણ કામણગારાને ભક્તિ થકી સાક્ષાત પામી ગયાં.

એટલે એમ કહી શકાય કે આવી પૌરાણિક કથા પરથી આપણને કલ્પના આવે કે હિરણ્યકશિપુ કેવો હશે? કે જે પોતાનાં જ દિકરાને મારવા તુલ્યો!! અને નરસિંહ નાગર કેવો હશે કે જેની એક પુકારે ભગવાન દોડતો આવતો! કારણ કે નરસિંહનું હું પણું એટલે અહંકાર સમાપ્ત થઈ ચૂક્યો હતો અને એને પોતાનાં સ્વરૂપનું દર્શન થઈ ગયું હતું! આત્મ તત્વ લાધી ગયું હતું. સાંપ્રત સમયમાં તો અહંકાર સાચાં ખોટાંનું મુલ્યાંકન કરવાં દેતો નથી, અને આવાં કોઈ ને કોઈ મનોવિકાર ને કારણે જ આપણે ઈશ્વર તત્વને પામી શકતાં નથી! બાકી હિરણ્યકશિપુ જેવો દાનવ તપ કરીને વરદાન પ્રાપ્ત કરી શકે, તો શું આપણે એનાથી પણ ઉતરતી કક્ષાના છીએ?? ક્યારેક જવાબ હા લાગે! અને ક્યારેક જવાબ ના લાગે! કારણકે આપણે દાનવ નથી માનવ છીએ! અને દેવ તો છીએ જ નહીં! એટલે થોડાં બેખબર રહીએ તો આપણે માનવ માંથી દાનવ બની શકીએ! અને થોડા જાગૃત રહીએ તો માનવ માંથી ઉપર પણ ઉઠી શકીએ! દેવ શબ્દ મને એટલો ગમતો નથી કારણ કે પુરાણોમાં એનાં સ્વાર્થ અને શોખ આલેખ્યા છે જે, મારી માનસિકતાને રુચિકર નથી, પણ જાગૃતિ માનવ માંથી આપણને માનવી બનાવી શકે, એ નિતાંત સત્ય છે. જાગૃતિ એટલે જાગરણ શું શું કરાવી શકે એ નરસિંહ થી વિશેષ કોણ કહી શકે! તો નૃસિંહ અને નરસિંહ બંને અવતાર પુરુષ છે, અને ઈતિહાસ તેને કાયમ આ રીતે યાદ રાખશે.

યુગ ગમે તે હોય! પણ ભક્ત માટે ભગવાન આવે છે! આવે છે! અને આવે છે! બસ ક્યારેક ભગવાન કસોટી કરે છે, એ આપણે ભક્ત પ્રહલાદ અને ભક્ત નરસિંહ પરના સમાજના અત્યાચાર પરથી જોઈ શકીએ છીએ.તો ભક્ત પ્રહલાદ માટે વિષ્ણુ એ નૃસિંહ અવતાર લીધો, નરસિંહ મહેતા માટે વિષ્ણુના પૂર્ણાવતાર કહેવાતા ભગવાન કૃષ્ણ સ્વયં એની મદદે આવ્યા. આપણે સૌ પણ આપણી ભક્તિની પરાકાષ્ઠા સુધી ભગવાનનું ભજન કરીએ, અને આપણી આધિ વ્યાધિ અને ઉપાધિ એને સોંપી પ્રહલાદ કે નરસિંહની જેવા ભક્ત બની શકીએ તો આ જન્મ સફળ થયો કહેવાય. જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

## રૈયાધાર ડ્રીમસીટીમાં રહેતાં એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સના બીઝનેસ ડેવલોપર્સ મેનેજરને દગાખોરી મોંઘી પડી ગઇઃ બ્લેકના વ્હાઇટ કરી દેવા જામનગરના વ્યક્તિ પાસેથી ૨૭ લાખ ૨૦ હજાર લઇ તો લીધા પણ પછી કમિશન કાપી રકમ પાછી ન દીધી

# કાળા-ધોળાના મુદ્દે યુવાનનું પરિવાર-મિત્ર સાથે અપહરણ

### ખોટુ કરી દિકરી, પત્નિ, મિત્ર સાથે મુંબઇ ભાગવા નીકળી પડ્યોઃ અમદાવાદથી ફ્લાઇટ પકડવાની હતીઃ પણ ચોટીલા પાસે જ જામનગરના જયદિપસિંહ સહિતે આંતરી લઇ ઉઠાવી લીધોઃ ૯.૭૫ લાખ વસુલી યુવાનની પત્નિ, દિકરી, મિત્રને છોડી દીધાઃ બાકીની રકમ મળે પછી તેને છોડવાનો હતોઃ જો કે પોલીસે છોડાવી લીધો

રાજકોટ,તા.૨૭

અનેક લોકો એવા હોય છે જે ટુંકા રસ્તે માલદાર થવા કાળા-ધોળા કરતાં હોય છે. પરંતુ ઘણીવાર આ ધંધામાં દગાખોરીનો રસ્તો અપનાવવામાં આવે તો માઠુ પરિણામ આવતું હોય છે. આવી જ એક ઘટના શહેરમાં રૈયાધાર ડ્રીમસીટીમાં રહેતાં અને એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સમાં બિઝનેસ ડેવલોપર્સ મેનેજર તરીકે નોકરી કરતાં નિમેષ તન્ના નામના યુવાન સાથે બની છે. આ મહાશયે કાળા નાણાને ધોળા કરી દેવા કમિશનથી જામનગરના જયદિપસિંહ જાડેજા પાસેથી રૂા. ૨૭ લાખ ૨૦ હજાર લીધા હતાં. પણ પછી દાનત બગડતાં રકમ પાછી ન દેતાં અને પત્નિ, પુત્રી, મિત્રને લઇ મુંબઇ ઉડી જવા કાર મારફત અમદાવાદ જવા નીકળી જતાં જામનગરથી જયદિપસિંહ સહિતનાએ તેને ચોટીલા ટોલનાકે જ આંતરી લઇ અપહરણ કરી ગોંધી રાખી બેફામ સીતમ ગુજારી નાણા કઢાવ્યા હતાં. બાદમાં પોલીસે તેને મુક્ત કરાવ્યો હતો.



વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં જામનગર સીટી બી-ડિવીઝન પોલીસે રાજકોટ રૈયાધાર ડ્રીમસીટી બ્લોક નં. ૭૦૪ ખાતે રહેતાં અને જ્યુબીલી ચોકમાં એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સમાં બીઝનેસ ડેવલપર્સ મેનેજર તરીકે નોકરી કરતાં બત્રીસ વર્ષના નિમેષભાઇ ભુપતભાઇ તન્નાની ફરિયાદ પરથી જામનગરના જયદિપસિંહ જાડેજા, ચિરાગ આહિર, એઝાઝ સાયચો, અક્ષય ઉર્ફે અપો ચાવડા, અમિત ચાવડા અને અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. જયદિપસિંહે રૂા. ૨૭.૨૦ લાખ વ્હાઇટના નાણામાં તબદીલ કરી આપવા નિમેષભાઇને આપ્યા હતાં.

પરંતુ તે આ રકમ સમયસર પરત ન આપી શકતાં જયદિપસિંહ સહિતે કાવતરૂ ઘડી નિમેષભાઇ, તેના પત્નિ, પુત્રી અને મિત્રનું ચોટીલા ટોલનાકા નજીકથી અપહરણ કરી જામનાગર લઇ જઇ ગોંધી રાખી ખંડણી રૂપે પૈસા કઢાવવા જામનગરના બંગલામાં ગોંધી રાખી માર મારી ખૂનની ધમકી દઇ ૯ લાખ ૭૫ હજાર આંગડીયાથી અને રોકડેથી બળજબરીથી કઢાવી લેવાનો ગુનો દાખલ કરાયો હતો. નિમેષભાઇ તન્નાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પિતા ભુપતભાઇ ગોરધનદાસ તન્ના, માતા માયાબેન, પત્નિ સપના અને ત્રણ વર્ષની દિકરી સાથે રહુ છું. હું જ્યુબીલી ચોકમાં એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સમાં બીઝનેસ ડેવલોપર્સ મેનેજર તરીકે નોકરી કરુ છું. મારો માસીક પગાર રૂ.૩૨,૦૦૦ છે. મારા મિત્રો લખન જીતેન્દ્રભાઇ ઘેડીયા (રહે. રાજકોટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, શીતલ પાર્ક)માં રહે છે અને ચરાગ આહિર (રહે. જામનગર, ખોડીયાર કોલોની) છે તેને હું૧૫ વર્ષથી ઓળખુ છું. ગત તા. ૨૧/૦૪/૨૦૨૬ના સાંજે ચારેક વાગ્યે મને જામનગરના ચિરાગ આહિરનો ફોન આવેલ અને કહેલ કે મારા મિત્ર જામનગરના જયદિપસિંહ જાડેજા ઉર્ફે લાલાને બ્લેકના વ્હાઇટ રૂપિયા કરવા છે, તારી પાસે બેન્ક એકાઉન્ટ હોય તો જણાવજે.

જેથી મેં મારા મિત્ર લખન ઘેડીયા અને તેના મિત્રના એકાઉન્ટ છે, પણ તેમાં ૧ લાખના રૂા. ૭૦૦ કમિશન થશે તેમ કહ્યું હતું. બાદ ચિરાગ આહિરએ મને જયદિપસિંહ જાડેજાના મોબાઇલ નંબર આપતાં મે જયદિપસિંહ જાડેજા સાથે મોબાઈલ ફોન કરી કહેલ કે મને ચિરાગ આહિરે બ્લેકના વ્હાઇટ રૂપીયા કરવાના છે તો તમને ચેકનો ફોટો મોકલુ છુ તેમ કહી જયદિપસિંહ જાડેજાને વહોટ્સએપમા લખન ઘેડીયાના મિત્ર કાપડી દષ્ટાંતના બેન્ક ઓફ ઇન્ડીયાના એકાઉન્ટ નંબરનો ચેકનો ફોટો મોકલી આપેલ હતો. ત્યાર બાદ તા. ૨૪/૦૪/૨૦૨૬ના રોજ મને જયદિપસિંહ જાડેજાનો ફોન આવેલ કે આજે ૨૭ લાખ ૨૦ હજાર રૂપીયા દષ્ટાંત કાપડી ના એકાઉન્ટમાં આવશે. આ પછી દષ્ટાંતના એકાઉન્ટમાં આ રકમ આવી જતાં તે અને લખન રકમ ઉપાડવા ગયા હતાં. પરંતુ બેંકમાં પુરતી રકમન હોઇ જેથી દષ્ટાંતે લખનના એક્સીસ બેંકના એકાઉન્ટમાં ૨૭ લાખ ૨૦ હજાર રૂપીયાનું આરટીજીએસ કરી આપેલ.

ત્યાર બાદ લખન ઘેડીયાએ એકસીસ બેન્કમાથી રોકડ રૂપીયા ૯ પાડી લીધા હતા. તેમાંથી લખને મને૧૭ લાખ રૂપીયા આપેલ, જેથી મે ભાવેશ વણઝારા (રે. જેતપુર)ને ૧૦ લાખ રૂપીયા રાજકોટ પી.એમ. આંગડીયાથી મોકલી આપેલ, તેમજ રૂપીયા ૩,૧૦,૦૦૦ સાગર વાંક (રહે. રાજકોટ)ને રોકડા આપ્યા હતાં. બાકીના બાકીના રૂપીયા મારા ઘરે રાખેલ હતાં. મારે જયદિપસિંહ જાડેજાને ૨૦ હજાર રૂપીયા કમીશનના બાદ કરી એ જ દિવસે ૨૭ લાખ રૂપીયા આંગડીયાનુ કરવાનુ હતું. પણ મારે આંગડીયું કરવું ન હોઇ જેથી મારો મોબાઇલ ફોન બંધ કરી દીધો હતો. ત્યારબાદ સાંજના સમયે મારો મોબાઇલ ફોન ચાલુ કરતાં ચિરાગ આહિર અને જયદિપસિંહના ફોન આવ્યા હતાં. મને કહેલું કે આંગડીયામા રૂપીયા કેમ પરત કરેલ નથી? જેથી મે કહેલ કે મારે જરૂર છે જેથી મેં વાપરી નાંખ્યા છે, પણ હું તમોને બે-ત્રણ દિવસમા રૂપીયા પરત આપી દઈશ તેમ જણાવેલ હતું.

જેથી ચિરાત્ર આહિર તથા જયદિપસિંહ જાડેજાએ કહેલ કે આજે જ રૂપિયા જોશે. જેથી મેં કાલે આપી દઇશ તેવી ખાત્રી આપી હતી. ત્યારબાદ મને ડર લાગતાં હું મારી પત્નિ સપના અને દિકરી તેમજ મારા મિત્ર લખન ઘેડીયાને લઇ ડ્રાઇવર સાથે ૨૪/૪/૨૬ના વર્ના કાર લઇ અમદાવાદ એરપોર્ટ જવા રવાના થયા હતાં. ત્યાંથી અમારે મુંબઇની ફ્લાઇટ પકડવી હતી. પરંત અમે ચોટીલા ટોલ નાકે રાતના સવા નવેક વાગ્યે પહોંચેલ ત્યારે અમારી આગળ સ્કોર્પીયો કાર ગાડી આડી નાખવામાં આવી હતી. આ ગાડીમાં જયદિપસિંહ જાડેજા, ચિરાગ આહિર, એજાજ સાયચો, અક્ષય ચાવડા ઉર્ફે આપી તથા એક અજાણ્યો મળી પાંચ શખ્સો હતો. આ પછી એઝાઝ અને ચિરાગ મારી કારમાં બેસી ગયા હતાં. લખન ઘેડીયા અને મારા ડ્રાઇવર ભોલીયાને સ્કોર્પિયોમાં બેસાડી દેવાયા હતાં. બાદમાં અમારુ અપહરણ કરી લીધુ હતું. આ પછી જયદિપસિંહએ મારી પાસે રૂપીયાની માંગણી કરેલ, જેથી મેં મારી પાસે અત્યારે રૂપીયા નથી મને જવા દો તેમ કહેતા જયદિપસિંહ જાડેજાએ કહેલ કે રૂપીયા તો જોશે જ. આ પછી આ લોકોએ ગાડી જામનગર તરફ પાછી વાળેલ. રસ્તામાં રાજકોટ મુકામે અમારા ડ્રાયવર ભોલીયાને ઉતારી મુકેલ. ત્યાથી અમોને જામનગર, ગીતા મંદિર સામે એક બંગલામાં રાત્રીના સાડા બારેક વાગ્યે એક રૂમમા પુરી દિધેલ અને અમારા મોબાઇલ ફોન લઈ લીધેલ, અમારી ઉપર રાત્રીના જયદિપસિંહ જાડેજા તથા અમીત ચાવડા તથા બીજા ત્રણ માણસો હાજર રહ્યા હતાં. બાદ ૨૫/૪ના સવારે દસેક વાગ્યે આ તમામ માણસોએ પૈસા કઢાવવા માટે મને કહેલ કે તુ રૂપીયા નહી આપ તો તને તથા તારા પરિવારને જાનથી મારી નાખશું, તુરં રૂપીયાની ગમે તેમ વ્યવસ્થા કર. આથી મેં ફોન કરી જેતપુર ભાવેશ વણઝારા પાસેથી ૧ લાખ આંગડીયાથી મંગાવ્યા હતાં. રાજકોટથી ૨ લાખ મારા ભાઇ રાજ તન્ના પાસેથી આંગડીયાથી જામનગર મંગાવ્યા હતાં. તેમજ ૪૫ હજાર રૂપીયા દર્શન કાપડી પાસેથી મંગાવ્યા હતાં. ૧ લાખ ૩૦ હજાર રૂપીયા મારી પાસે રોકડા હમતાં તે પણ આ લોકોએ પડાવી લીધા હતાં.

આ તમામ આંગડીયા અમીત ચાવડાના નામે કરાવેલ હતા. આ રીતે મારી પાસેથી કુલ ૯ લાખ ૭૫ હજાર બળજબરીથી કઢાવ્યા હતાં. આ પછી સાંજના સાડા પાંચ વાગ્યે જયદિપસિંહ જાડેજા અને ચિરાગ આહિરે મારા પત્નિ સપના, તથા પુત્રી અને મિત્ર લખન ઘેડીયાને જવા દીધા હતાં. તેમજ મારા પત્નિ સપનાને કહેલું કે-બીજા રૂપીયાની વ્યવસ્થા કરી આવો પછી સોમવારે તમારા પતિને જવા દઈશું. ત્યારબાદ જામનગર ગીતામંદિર પાસે આવેલ બંગલામાથી ચિરાગ આહિર તથા અક્ષય ચાવડા ઉર્ફે આપો મને જનતા ફાટકે અક્ષય ચાવડાની ઓફિસે લઈ ગયેલ, અને સાંજના સાડા સાત વાગ્યે જયદિપસિંહ જાડેજા તથા અમીત ચાવડા આવેલ અને રૂપીયાનો વ્યવસ્થા કર તેમ કહી ગાળો આપી, મને મુત્યુના ભયમા મુકી, મારા પરિવારને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

એ પછી મને આડેધડ ઢીકાપાટુ માર્યા હતાં. તેમજ સોમવારે પૈસા નહી આવે તો છરીના ઘા મારી દઇશ તેવી ધમકી આપી હતી. આડેધડ મારને કારણે મને શરીરમાં દુઃખાવો થતો હોઇ મને બાજુમાં કોઇ મેડીકલ સ્ટોર હોઇ ત્યાંથી દવા લાવી આપી હતી. આ પછી મેં સોમવારે રૂપિયાની વ્યવસ્થા થઇ જશે તેવી વાત કરી મારા પત્નિને ફોન કરી કહેલું કે આ લોકોએ રૂપિયા માટે મને માર માર્યો છે તું ગમે તેમ કહીને રૂપિયા ભેગા કરી નહિતર મને મારી નાખશે. આ પછી મારા પત્નિએ કોઇ કોઇએ પણ પોલીસને જાણ કરતાં જામનગર પોલીસ આવી ગઇ હતી અને મને છોડાવ્યો હતો. તેમ વધુમાં નેમિષ તન્નાએ જણાવતાં પીએસઆઇ એસ. જી. કેશવાલાએ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લઇ વિશેષ કાર્યવાહી હાથ ધરી છે. કાળા-ધોળા કરવાના ધંધામાં રાજકોટ રૈયાધારના યુવાનનું પરિવાર, મિત્ર સાથે અપહરણ કરી ગોંધી રાખી મારકુટ કરવાની આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે.

# મારે જેની સાથે વાંધો છે એને વાડીએ કેમ જમવા બોલાવ્યો? માંડાડુંગરના યુવાન, પિતા, ભાઇ પર હુમલો

રાજકોટ,તા.૨૭

માથાકુટની એક ઘટનામાં માડા ડુંગર પાસે રહેતાં શખ્સને જેની સાથે ડખ્ખો ચાલતો હતો તેને જ પોતાના સગાએ જમવા માટે ભીચરીની વાડીએ બોલાવતાં ખાર રાખી આ શખ્સે પોતાના ભાઇ, દિકરા સાથે મળી વાડીએ પહોંચી માથાકુટ કર્યા બાદ ઓમ તિરૂમાલા સોસાયટીમાં પણ ધમાલ મચાવી વાહનોમાં તોડફોડ કરી ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગગતો જોઇએ તો માંડા ડુંગર પાસે ઓમ તિરૂમાલા સોસાયટીમાં રહેતાં અને ઇમિટેશનનું કામ કરતાં યુવાને ભીચરી ગામે પોતાની વાડીએ પોતાના શેઠ સહિતનો જમણવાર રાખ્યો હોઇ રવિવારે રાતે આ યુવાન, તેના પિતા, મોટા બાપુનો દિકરો, શેઠ, તેના ત્રણ કર્મચારીઓ વાડીએ હતાં ત્યારે તેની જ સોસાયટીમાં રહેતાં તેના સગાએ પોતાના ભાઇ, દિકરા સાથે વાડીએ આવી 'મારે આ તારા શેઠ સાથે માથાકુટ ચાલે છે છતાં કેમ તેને જમવા બોલાવો છો?' કહી મારામારી કર્યા બાદ આ યુવાનના શેઠની ગાડીને રસ્તામાં આંતરી કાચ ફોડી નાંખી તેમજ યુવાનના ઘરે જઇ ડેલામાં તલવાર લાકડીના ઘા ફટકાર્યા બાદ ફરીથી આ યુવાન, તેના પિતા, ભાઇના વાહનને આંતરી હુમલો કરી વાહનમાં તોડફોડ કરતાં ફરિયાદ દાખલ થઇ હતી.



**ઇમિટેશનનું કામ કરતાં યુવાને પોતાના શેઠ સહિતને ભીચરીની વાડીએ જમવા બોલાવતાં કુટુંબી સગાને ન ગમ્યુંઃ ઘરના ડેલા પર વાહનો પર તલવાર-ધોકાના ઘા પણ ફટકાર્યાઃ આજીડેમ પોલીસે ગુનો દાખલ કર્યો**

આજીડેમ પોલીસે આ અંગે માંડા ડુંગર નજીક ઓમ તિરૂમાલા સોસાયટી મેઇન રોડ ચામુંડા કૃપા ખાતે રહેતાં મુળ ચોટીલાના રાજપરા ગામના વતની સવજીભાઇ ઉર્ફે વાલજીભાઇ બાબુભાઇ જાદવ નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ઓમ તિરૂમાલા સોસાયટીમા જ રહેતાં તેના સગા જગાભાઇ કાનાભાઇ ડાભી, તેના ભાઇ શૈલેષ કાનાભાઇ ડાભી અને પુત્ર રાજુ જગાભાઇ ડાભી વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. સવજીભાઇ માંડા ડુંગર આરતી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ઈમિટેશનની છુટક મજૂરી કરે છે. તેણે જણાવ્યું છે કે મારાથી મોટા ભાઇનું નામ ભાવેશભાઇ છે.

રવિવારે રાતે હું, મારા શેઠ અંકિતભાઇ મહેતા, મારા બાપુજી બાબુભાઇ રાણાભાઇ જાદવ, શેઠના ત્રણ કારીગરો પ્રિયાંશ, અભય અને અન્ય એક એમ બધા અમારી ભીચરી ગામે આવેલી વાડીએ જમવાનો પ્રોગ્રામ રાખ્યો હોઇ ત્યાં જમવા માટે ભેગા થયા હતાં. આ વખતે અમાર સગા જગા કાનાભાઇ ડાભી, તેનો ભાઇ શૈલેષભાઈ કાનાભાઇ ડાભી તથા જગાભાઈનો દિકરો રામુ અમારી વાડીએ આવેલ હતા. જગાભાઇને મારા શેઠ અંકિતભાઈ સાથે છએક વર્ષ પહેલા ધંધા બાબતે અણબનાવ થયેલ હોઇ જેથી તે મને કહેવા લાગેલ કે-તમને ખબર છે કે મારે આ અંકિતભાઈ સાથે બનતું નથી, છતાં તમે કેમ એને જમવા બોલાવ્યા છે? આ પછી જગાભાઇ, તેનો ભાઇ અને પુત્ર ઓકતભાઇ સાથે ઝપાઝપી કરી ગાળાગાળી કરી જતાં રહ્યા હતાં. આ પછીઅંકિતભાઈ તથા તેના માણસો પણ મારી વાડીએથી પોતાના ઘરે જવા માટે નીકળી ગયા હતાં.

ત્યારબાદ આશરે દસ પંદર મિનિટ પછી અંકિતભાઈનો ફોન આવેલ કે આ જગાભાઈ તથા તેની સાથેના માણસોએ અમારી ગાડીના કાચ તોડી નાખેલ છે તમે વાડીએથી ઘરે જતા રહેજો.આ પછી પણ અમે બધા થોડીવાર સુધી વાડીએ રોકાયા હતાં. ત્યાં રાત્રિના અગિયારેક વાગ્યે મારા પત્નિએ મને ફોન કરી જાણ કરેલ કે અડધા કલાક પહેલાં જગાભાઈ અને તેનો દિકરો રામુ અને બીજા અજાણ્યા માણસો આપણા ઘરના ડેલા ઉપર તલવાર અને લાકડીના ઘા કરી નુકશાન કરી વાલજી ક્યાં છે? તેમ પુછતાં તમે વાડીએ છો એવું દિકરીએ કહેતાં આ બધા નીકળી ગયા હતાં. આ પછી હું મારુ એક્ટીવા લઇને અને મારા બાપુજી તથા વિનુભાઇ હોન્ડા પર બેસી અમારા ઘરે જવા નીકળ્યા હતાં.

આ દરમિયાન રઘુનંદન સોસાયટીની દિવાલ પાછળ અમારી વાડીએ જવાના રસ્તે અમે પહોચ્યાં ત્યા જગાભાઈ, તેનો ભાઇ અને દિકરો અમારી સામે વાહનો લઇને આવતાં મેં એકટીવા ઉભુ રાખતાં મને જગાએ માથામાં લાકડી ફટકારી દીધી હતી. એક ઘા મારી દીધેલ અને શૈલેષભાઈ તથા રાજુ પાસે પણ લાકડી હતી. તેણે મારા પિતા અને વિનુભાઇને પણ બેફામ માર માર્યો હતો અને મારા એકટીવામાં પણ તોડફોડ કરી હતી. આ દરમિયાન મારા મોટા ભાઇ ભાવેશભાઇ આવી જતાં આ બધા ભાગી ગયા હતાં. અમને ત્રણેયને મધુરમ્ હોસ્પિટલમાં ખસેડયા હતાં. અહિ તબીબે નિદાન કરતાં મારા ડાબા હાથમાં ફ્રેકચર હોવાનું જણાયું શહતું. તેમજ માથામાં છ ટાંકા આવ્યા હતાં. માર બાપુજી અને મારા ભાઇને પણ માથામાં પાંચ-પાંચ ટાંકા આવ્યા હતાં. તેમ વધુમાં સવજીભાઇ ઉર્ફે વાલજીભાઇએ જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એચ. એમ. ધરજીયાએ ગુનો નોંધી ઇન્સ. એચ. એન. પટેલના માર્ગદર્શનમાં વધુ તપાસ હાથ ધરી હતી.

### માંસાહારી પ્રસાદ માટે જાણીતા મંદિરમાં પ્રાર્થના કરતા PM

# કોલકાતામાં કાલીબારી મંદિરે શીશ નમાવતા વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઉત્તર કોલકાતામાં આવેલા ઐતિહાસિક થંથાનિયા કાલીબારી મંદિરની મુલાકાત લીધી, જે શહેરના સૌથી જૂના અને સૌથી આદરણીય કાલી મંદિરોમાંનું એક છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા પહેલા, રાજ્યમાં તેમના ૨ કિલોમીટરના રોડ શો અને જાહેર રેલીઓ પહેલા આ મુલાકાત આવી હતી. ૧૭૦૩માં સ્થાપિત થંથાનિયા કાલીબારી, ભારતના થોડા મંદિરોમાંના એક તરીકે વિશેષ મહત્વ ધરાવે છે જ્યાં પરંપરાગત રીતે દેવતાને પ્રસાદ તરીકે માંસાહારી પ્રસાદ આપવામાં આવે છે. પ્રમુખ દેવીને મા સિદ્ધેશ્વરી તરીકે પૂજા કરવામાં આવે છે.

પ્રસાદ તરીકે પડાબ-ચિંગરીથ (નાળિયેરનું પાણી અને ઝીંગા) ચઢાવવાની અનોખી પરંપરા રામકૃષ્ણ પરમહંસ દ્વારા શરૂ કરવામાં આવી હતી, જેમણે બ્રહ્મો નેતા કેશવ ચંદ્ર સેનના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતી વખતે અહીં પૂજા કરી હતી. ત્યારથી આ પ્રથા ચાલુ છે. મંદિરની દિવાલો પરના શિલાલેખોમાં સંતના શબ્દો લખેલા છેઃ નસ્રશંકરેર હૃદયોય માજે, કાલી બિરાજેસ્ર્સ્ર - જેનો અર્થ થાય છે દેવી કાલી શંકરના હૃદયમાં રહે છે. બંગાળમાં ખોરાક અને સાંસ્કૃતિક ઓળખ પર ચાલી રહેલી રાજકીય ચર્ચા વચ્ચે મોદીની મંદિર મુલાકાત પ્રતીકાત્મક રીતે વજન ધરાવતી હોય તેવું લાગતું હતું. ટીએમસીના વડા મમતા બેનર્જીએ તાજેતરમાં દાવો કર્યો હતો કે ભાજપ સરકાર માંસાહારી ખોરાક પર પ્રતિબંધો લાદશે, જેમાં તેમણે કેટલાક એનડીએ શાસિત રાજ્યોના ઉદાહરણો આપ્યા હતા. માછલી બંગાળી ભોજન અને સાંસ્કૃતિક ઓળખનો અભિન્ન ભાગ રહી છે. જોકે, વડા પ્રધાને તેમની મુલાકાત અથવા ત્યારબાદની રેલીઓ દરમિયાન બેનર્જીની ટિપ્પણીનો કોઈ સીધો ઉલ્લેખ કર્યો ન હતો.



મંદિરની મુલાકાત પછી, મોદીએ ઉત્તર કોલકાતામાં એક જીવંત રોડ શોમાં ભાગ લીધો હતો. બાદમાં તેમણે બોનગાંવ અને આરામબાગમાં જાહેર સભાઓને સંબોધિત કરી. તેમણે ઉત્તર ૨૪ પરગણાના ઠાકુરનગરમાં મટુઆ ઠાકુર મંદિરની પણ મુલાકાત લીધી, જ્યાં તેમણે મટુઆ સમુદાયના નેતાઓ હરિચંદ ઠાકુર અને ગુરુચંદ ઠાકુરને શ્રદ્ધાંજલિ આપી.

મોદીએ નાગરિકતા સુધારો અધિનિયમ (ઝછછ) હેઠળ મટુઆ સમુદાયને નાગરિકતા અધિકારો આપવા માટે ભાજપની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ઠાકુરનગર રેલીમાં, પ્રધાનમંત્રીએ દાવો કર્યો હતો કે મતદાનના પ્રથમ તબક્કામાં ૯૧.૭૮% ની ઊંચી મતદાને નસ્રટીએમસીના ઘમંડને ચકનાચૂર કરી નાખ્યું છે.સ્રસ્ર તેમણે ભ્રષ્ટાચાર, નબળા શાસન અને અધૂરા વચનો પર જાહેર હતાશાને ટાંકીને બીજા તબક્કામાં ભાજપની મજબૂત કામગીરીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીનો બીજો તબક્કો ૨૯ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થવાનો છે.

# સ્વ.બેચરભા પાંચાભા પરમારની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે ત્રિવિધ કાર્યક્રમો

### સવારે રક્તદાન કેમ્પ અને બપોરના ૩થી ૫ દરમિયાન સંતવાણી-રામધૂનનો લાભ લેવા અનુરોધ

રાજકોટ, તા.૨૭

ક્ષત્રિય રાજપૂત સમાજ અગ્રણી સમાજ શ્રેષ્ઠી રામકૃપા ગ્રુપના ફાઉન્ડર સ્વ. બેચરભા પાંચાભા પરમારની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મહારક્તદાન કેમ્પ અને સંતવાણીનું તેમજ ચોકમાં પુષ્પાંજલિ જેવા ત્રિવિધ કાર્યક્રમનુ આયોજન કરાયું છે.

આ દિવસે સંતવાણી અને રામધૂનનું પણ આયોજન કરાયું છે, સ્વ. બેચરભા પરમાર ચોક નામકરણને પણ એક વર્ષ થયું ત્યાં ચોક પર સવારે પુષ્પાંજલી કરવામાં આવશે. આ ત્રિવિધ કાર્યક્રમમાં સર્વે મિત્ર મંડળ સહિત લેવા અનુરોધ કરાયો છે. આયોજકોના જણાવ્યા પ્રમાણે રક્તદાન કેમ તા. ૨ ના રોજ સવારે ૧૦ થી ૧ દરમિયાન યોજાનાર છે. બપોરના ૩ થી ૫ દરમિયાન સંતવાણી અને ધૂનનું આયોજન કરાયું છે. બેડીપરા રાજપૂત વાડી, ૫/૧૫, રણછોડનગર સોસાયટી કુવાડવા રોડ, રાજકોટ ખાતે યોજાનાર ત્રિવિધ કાર્યક્રમોનો લાભ લેવા સ્વ. પંચાભા કાળાભા પરમાર પરિવાર, સ્વ. બેચરભા પાંચાભા પરમાર પરિવાર, ચંદુભા બેચરભા પરમાર, હરેશસિંહ બેચરભા પરમાર, દર્શનસિંહ ચંદુભા પરમાર, દક્ષરાજસિંહ હરેશસિંહ પરમાર દ્વારા અનુરોધ કરાયો છે.



### પોલીસના ચાંપતા બંદોબસ્ત વચ્ચે એકાદ બે છમકલા બાદ કરતાં શાંતિપુર્વક મતદાન

# કોંગ્રેસ તરફે મતદાન ન થયાનું માની લક્ષ્મીવાડીમાં બટાઝટી

## વોર્ડ નં. ૧૪ના ભાજપ ઉમેદવારના ચુંટણી એજન્ટ પર કોંગી ઉમેદવારના ૮ કાર્યકરો તૂટી પડ્યાઃ ભાજપ આગેવાન, તેમના ભાઇ, ભત્રીજા, કાર્યકરને ઢીકા-પાટા-કડાથી મારકુટ થઇ





ભક્તિનગર પોલીસે ચાવડીયા અટક ધરાવતાં કોંગ્રેસના ૮ કાર્યકરો સામે એફઆઈઆર દાખલ કરી

રાજકોટ,તા.૨૭

શહેરમાં રવિવારે યોજાયેલી મનપાની ચુંટણીમાં પોલીસના ચાંપતા બંદોબસ્ત વચ્ચે શાંતિપુર્વક મતદાન થયું હતું. એકાદ બે છમકલા જો કે થયા હતાં. તેમાં વોર્ડ નં. ૧૪માં લક્ષ્મીવાડી મેઇન રોડ પર સોની સમાજની વાડી ખાતેના મતદાન મથક ખાતે મતદાન પુરૂ થયા પછી આ વોર્ડના ભાજપના મહિલા ઉમેદવારના ચુંટણી એજન્ટ એવા ભાજપ આગેવાન સાથે પહેલા ત્રણ અજાણ્યા શખ્સોએ મતદાન મથકની અંદર જ ધમાલ મચાવ્યા બાદ બહાર રોડ પર બીજા આઠ શખ્સોએ મળી હુમલો કર્યો હતો. જેમાં આગેવાન, તેમના ભાઇ, ભત્રીજા અને એક કાર્યકરને ઇજા થઇ હતી. હુમલાખોરો આ વોર્ડના કોંગી ઉમેદવારના આઠ કાર્યકરો કરો હતો. આ મતદાન મથકમાં કોંગ્રેસ તરફે મતદાન થયું જ નહિ હોવાનું તેઓને લાગતાં આ હુમલો થયાનું પોલીસ ફરિયાદમાં જણવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં રવિવારેમ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં એકાદ બે છમકલાને બાદ કરતાં શાંતિપુર્ણ મતદાન થયું હતું. જો કે વોર્ડ ન. ૧૪ના લક્ષ્મીવાડી મેઇન રોડ પર ગીરનારા સોની સમાજની વાડીના મતદાન મથક પર સાંજે છએક વાગ્યે મતદાન પુરૂ થયા બાદ ભાજપના આ વોર્ડના મહિલા ઉમેદવારના ચુંટણી એજન્ટ અને તેમના ભાઇ, ભત્રીજા તેમજ કાર્યકર પર કોંગ્રેસના ઉમેદવારના આઠ જેટલા કાર્યકરોએ ટોળકી રચી હુમલો કરી ઢીકાપાટુ, હાથમાં પહેરેલા કડાથી બેફામ માર મારતાં દેકારો મચી ગયો હતો. ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા હતાં.

આ બનાવમાં રાયોટીંગનો ગુનો નોંધ્યો હતો. આ બનાવમાં ભક્તિનગર પોલીસે લક્ષ્મીવાડી મેઇન રોડ પર ચામુંડા કૃપા ખાતે રહેતાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં વોર્ડ નં. ૧૪માં ભાજપ પક્ષના ચુંટણી એજન્ટ તરીકે કામ કરતાં બાવન વર્ષના વિપુલભાઇ રામજીભાઇ માખેલાની ફરિયાદ પરથી એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.જેમાં આરોપીઓ તરીકે કોંગી ઉમેદવારના કાર્યકરો સન્ની ચાવડીયા, રાજન ચાવડીયા, બંટી ચાવડીયા, આશિષ ચાવડીયા, હિરેન ચાવડીયા, જીજ્ઞેશ ચાવડીયા, કલ્પેશ ચાવડીયા અને કાનીયો ચાવડીયાના નામો અપાયા હતાં. આ બધા વિરૂધ્ધ ગેરકાયદે મંડળી રચી વિપુલભાઇ, તેમના ભાઇ તેમજ ભત્રીજા અને કાર્યકર પર હુમલો કરી ઢીકાપાટુનો માર મારી તેમજ હાથમાં પહેરેલા કડાથી માર મારી વિખોડીયા ભરી ઇજા પહોંચાડી હોવાનો ગુનો દાખલ કરાયો હતો. વિપુલભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને ખેતી કરી ગુજરાન ચલાવુ છું. અગાઉ હું ભાજપ બક્ષીપંચ મોરચાના શહેર મંત્રીનો હોદ્દો ધરાવતો હતો. હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં. ૧૪માં ચુંટણી સંયોજન તરીકે હોદ્દો ધરાવતો હતો. સાથે આ વોર્ડના ભાજપના ઉમેદવાર અરૂણાબેન સોનીના ચુંટણી એજન્ટની જવાબદારી પણ પક્ષ દ્વારા મને સોંપવામાં આવી હતી.

તેણે વધુમાં કહ્યું કે રવિવારે ર૬મીએ મતદાન હોઇ વોર્ડ નં. ૧૪માં હું ભાજપ ઉમેદવાર અરૂણાબેનના ચુંટણી એજન્ટ તરીકે વોર્ડ નં. ૧૪ના મતદાન મથક પૈકીના લક્ષ્મીવાડી મેઇન રોડ પર આવેલા ગીરનારી સોની સમાજની વાડી ખાતેના મતદાન મથક ખાતે હજાર હતો. આ મતદાન મથક મારા ઘરની બરાબર સામે જ આવેલુ છે. ત્યાં સાંજે છ પહેલા હું ઉમેદવારના એજન્ટ તરીકે મતદાન મથકમાં કેટલા ટકા મતદાન થયું છે? તેના આંકડા લેવા અંદર ગયો હતો. મતદાનનો સમય પુરો થઇ ગયો હોઇ અને પોલીંગ સ્ટાફના લોકો ઇવીએમ શીલ કરવાની કામગીરી કરી રહ્યા હતાં અને મતદાનનો આંકડો કાઢતા હતાં. આ વખતે અજાણ્યા માણસો મતદાન મથકની અંદર આવતાં ત્યાં હાજર મહિલા પોલીસ કર્મચારીએ આ માણસો તથા મને બહાર જવાનું કહ્યું હતું.

આ વખતે આ અજાણ્યા માણસોએ મારી સાથે બોલાચાલી કરી હતી અને ઝઘડો કરી મારો કાંઠલો પકડ્યો હતો. આ પછી મતદાન મથકની બહાર રોડ પર આ ત્રણ ચાર અજાણ્યા માણસો તેમજ તેની સાથે બંટી ચાવડીયા, રાજન ચાવડીયા, આશિષ ચાવડીયા, હિરેન ચાવડીયા, કલ્પેશ ચાવડીયા અને કાનીયો ચાવડીયા તેમજ સન્ની અને જીજ્ઞેશ ચાવડીયા પણ હતાં. આ આઠેય લક્ષ્મીવાડી, કેવડાવાડી આસપાસ રહેતાં હોઇ હું બધાને સારી રીતે ઓળખતો હતો. આ લોકોએ સાથે મળી મારા પર હુમલો કરી દીધો હતો. જેમાં બંટીએ મને ડોક પર વિખોડીયા ભરી લીધા હતાં અને જમણા ખભે કડાથી માર માર્યો હતો. રાજન અને બીજાએ મુંઢ માર માર્યો હતો. મેં રાડારાડી કરી દેકારો કરતાં મારા મોટા ભાઇ અનીલભાઇ માખેલા આવી ગયા હતાં, તેમજ મારો ભત્રીજો રૂદ્ર અનિલભાઇ કે જે ઓગણીસ વર્ષનો છે તે પણ મને બચાવવા દોડી આવતાં આ બધાએ મારા ભાઇ, ભત્રીજા ઉપર પણ હુમલો કર્યો હતો.

ભત્રીજા રૂદ્રને કોઇએ માથામાં જમણી બાજુ હાથમાં પહેરેલુ કડુ મારી દીધુ હતું. આ બધા આડેધડ મને, મારા ભાઇ અને ભત્રીજાને ઢીકાપાટુ મારવા માંડ્યા હતાં. મારા ભાઇ અનિલભાઇને પણ આ માણસોએ નાક પર વિખોડીયા ભરી લઇ પીઠમાં અને શરીરે કડાથી ઢીકાપાટુનથી માર માર્યો હતો. આ વખતે અમારા એક કાર્યકર અમિતભાઇ બાવળેચા જે સોશીયલ મિડીયાનું કામ સંભાળે છે તે વચ્ચે પડતાં તેમને પણ આ બધો મુંઢ માર મારી કાન પાછળ વિખોડીયા ભરી લીધા હતાં. દેકારો થતાં પાર્ટીના બીજા માણસો, લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. મને તથા મારા ભાઇ, ભત્રીજા, કાર્યકરને મધુરમ્ હોસ્પિટલે લઇ જવામાં આવતાં સારવાર અપાઇ હતી. અહિ બધા સંપુર્ણ ભાનમા હતાં. વિપુલભાઇ માખેલાએ વધુમાં જણાવ્યું હતું કે આ માથાકુટનું કારણ એવુ છે કે મનપાની ચુંટણીમાં વોર્ડ નં. ૧૪માં ભાજપના ઉમેદવાર અરૂણાબેન સોનીનો હું ચુંટણી એજન્ટ હતો. આ વોર્ડમાં કોંગ્રેસ પક્ષમાંથી પ્રિતેશ ચાવડીયા ઉમેદવાર હોઇ કોંગ્રેસ ઉમેદવારના કાર્યકરોને એમ હતું કે વોર્ડ નં. ૧૪માં સોની સમાજની વાડીના મતદાન મથકમાં કોંગ્રેસ તરફ મતદાન થયું જ નથી. આવું સમજીને ઉમેદવાર પ્રિતેશ ચાવડીયાના કાર્યકરો સન્ની, રાજન, બંટી, આશિષ, હિરેન, જીજ્ઞેશ, કલ્પેશ, કાનીયો એમ બધાએ મળી મારા પર હુમલો કરી માર માર્યો હતો. તેમજ વચ્ચે પડેલા મારા ભાઇ, ભત્રીજા, કાર્યકર અમિતભાઇને પણ ઢીકા-પાટુ અને હાથના કડાથી માર માર્યો હતો. પીઆઇ જયદિપસિંહ પરમારની રાહબરીમાં એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. નરેન્દ્રભાઇ આહિર સહિતે ગુનો દાખલ કરતાં વધુ તપાસ પીએસઆઇ એસ. એચ. ગોહિલે હાથ ધરી છે. આ બનાવને પગલે ડીસીપી જગદીશ બાંગરવા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. આમ એકાદ બે બનાવને બાદ કરતાં શહેરમાં પોલીસના ચાંપતા બંદોબસ્તને કારણે શાંતિથી ચુંટણી કાર્ય સંપન્ન થયું હતું.

### રોજીરોટી રળવા જતી વખતે રસ્તામાં બની કરૂણ ઘટનાઃ પરિવારો થયા વેરણછેરણ

# બોલેરોને નડેલો અકસ્માત ત્રણ ભાઈ માટે કાળ બન્યો





ગોંડલ પાસેની ઘટનામાં બે સગા ભાઇ, એક માસીયાઇ ભાઇના જીવ ગયાઃ રાજકોટથી માછીમારી કરવા નીકળેલા પંદરમાંથી ત્રણની જિંદગીનો કરૂણ અંત

રાજકોટ,તા.૨૭

વાહન અકસ્માતની ગોજારી ઘટના વધુ એક પરિવારના માળાને વેરણ છેરણ કરી ગઇ છે. ગોંડલ પાસે સર્જાયેલા અકસ્માતમાં વધુ એકનું રાજકોટ ખાતે મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક ત્રણ થઇ ગયો છે. આ બનાવમાં બે સગા ભાઇઓ અને એક માસીયાઇ ભાઇનો ભોગ લેવાયો છે. રાજકોટમાં આજીડેમ ચોકડી પાસે રહેતાં મુળ બિહારના આ યુવાનો માછીમારી કરી ગુજરાન ચલાવતાં હતાં. રોજીરોટી માટે વિસાવદર નજીકના ડેમ ખાતે જતી વખતે ત્રણ યુવાનોને કાળ ભેટી જતાં કલ્પાંત સર્જાયો હતો.

વિગતો પર નજર કરીએ તો ગોંડલની ગુંદાળા ચોકડીએ બોલેરો પીકઅપ ગાડી અંડર બ્રીજની રેલીગમાં અથડાતાં રાજકોટ રહેતાં મુળ બિહારના બે યુવાનના ઘટના સ્થળે જ મોત થયા હતાં. જ્યારે પાંચને ઇજાઓ સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાંથી એકનું મોત થતાં કુલ મૃત્યુઆંક ત્રણ થયો હતો. મુળ બિહારના વતની એવા આ તમામ યુવાનો રાજકોટથી બોલેરોમાં બેસી વિસાવદરના ધ્રાફડ ડેમ ખાતે માછીમારી કરવા જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. ત્રણ મૃતકોમાં બે સગા ભાઇઓ અને એક આ બંનેનો માસીયાઇ ભાઇ હતો. બોલેરો રેલીંગમાં અથડાયો ત્યારે પાછળ બેઠેલા પૈકી છએક યુવાન ઉલળીને બ્રીજ પરથી ફગાળાઇ વીસેક ફુટ નીચે ખાબક્યા હતાં. વધુ માહિતી અનુસાર રાજકોટ આજીડેમ ચોકડી પાસે રહેતાં મુળ બિહારના પંદર જેટલા યુવાનો રાજકોટથી બોલેરો પીકઅપ વાન નંબર જીજે૦૩બીટી-૫૦૨૦માં બેસીને જુનાગઢનાં વિસાવદરના ધ્રાફડ ડેમ તરફ મચ્છીમારી કરવા માટે રવાના થયા હતાં.

આ બોલેરો પીકઅપ વાનનાં ઠાઠામાં માચ્છીમારીની નેટ ભરેલી હતી અને તેના ઉપર બારથી પંદર યુવાનો બેઠા હતાં. દરમિયાન રાત્રીનાં અગીયાર આસપાસ ગોંડલ ગુંદાળા ચોકડી પરનાં ઓવરબ્રિજ પર પંહોચેલી બલેરોના ચાલકે કાબુ ગુમાવતા બોલેરો બ્રીજની રેલિંગ સાથે ઘડાકાભેર અથડાતા નેટ ઉપર બેઠેલા કૃષ્ણનંદન રામબલી સહાની, રિતેષકુમાર ઓપીન્દર સહાની, સન્ની સહાન,ી વિકાસ મિથીલેશ સહાની, ચંદન નરેશ સદા, ગુલાબ રામબલી સહાની બ્રીજ પરથી ફંગોળાઇ વીસ ફુટ નીચે પટકાતાં માથા શરીરે ઈજાઓ થઇ હતી.

જેમાં કૃષ્ણનંદન રામબલી સહાની (ઉ.૨૫) તેના તેના માસીયાઇ ભાઇ રિતેષકુમાર સહાની (ઉ.૧૮)ના ઘટના સ્થળે જ મોત થયા હતાં. બાકીના ગુલાબ રામબલી સહાની (ઉ.વ.૩૮), ચંદન નરેશભાઇ માંઝી (ઉ.વ.૧૬), સન્ની અજયભાઇ સહાની (ઉ.વ.૧૫), વિકાસ અજયભાઇ સહાની (ઉ.વ.૧૯)ને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાંથી ગુલાબ સહાનીનું મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક ત્રણ થયો હતો. ઘટના સ્થળે મૃત્યુ પામનાર કૃષ્ણનંદનનો તે સગો ભાઇ અને રિતેષકુમારનો માસીયાઇ ભાઇ થતો હતો. નું ઘટનાસ્થળે મોત નિપજ્યા હતાં. અકસ્માતની જાણ થતા જ યુવા આગેવાન ગણેશભાઈજાડેજા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ઈજાગ્રસ્તોને ખાનગી તેમજ સરકારી હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી હતી.

રાહત કામગીરી માટે માર્કેટ યાર્ડની એમ્બ્યુલન્સ, ૧૦૮ સેવા તેમજ શિવમ ટ્રસ્ટની એમ્બ્યુલન્સો પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. મૃતક બન્ને યુવાનો બિહારનાં વતની હતા અને હાલ રાજકોટ આજીડેમ પાસે રહેતા. અને માચ્છીમારી નો વ્યવસાય કરતા હતાં.બન્ને અપરણીત હતા. બોલેરો ગાડીમાં ઘરવખરીના સામાન સાથે ગેસ સિલિન્ડર પણ રાખેલા હતા. બનાવ અંગે બી-ડીવીઝન પોલીસનાં આર. ટી. પરમારે સુરજ સહાનીની ફરિયાદ લઇ બોલેરો ચાલક રાજકોટના મૌલિક ધનજીભાઇ રાઠોડ સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. રાજકોટમાં સારવારમાં મૃત્યુ પામનાર ગુલાબ સહાની પાંચ ભાઇ અને બે બહેનમાં મોટો હતો. તેની સાથે એક ભાઇનું પણ આ અકસ્માતમાં મોત થયું છે. ગુલાબ સહાનીને સંતાનમાં ચાર દિકરા છે. આ બનાવથી પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આમ રોજીરોટી રળવા જતી વખતે બે સગા ભાઇ સહિત ત્રણનો ભોગ લેવાઇ જતાં બિહારી પરિવારોમાં શોક વ્યાપી ગયો હતો.



### બે મિત્રો મવડી ચોકડીએ વાતો કરતાં હતાં ત્યારે કારણવગર જ આવીને હુમલો કર્યો

# દિકુડાનો ડખ્ખોઃ આજે તો બચી ગ્યા, હવે પછી મારી જ નાંખીશ!

### ઉદયનગરના રિક્ષાચાલકે મિત્ર પર થયેલા હુમલાને રોકવા હાથ આડે નાંખતા પોતે લોહીલુહાણ થયોઃ માલવીયાનગર પોલીસે ઝડપી લેવા કાર્યવાહી કરી

રાજકોટ,તા.૨૭

શહેરમાં માથાકુટની ઘટનાઓ રોજબરોજ કોઇને કોઇ સ્થળે બને છે. ઘણીવાર તો કોઇ કારણ ન હોય છતાં લોકો બાખડી પડે છે. તો ક્યારેક ગાળો ભાંડવા જેવી વાતે જામી પડે છે. વધુ એક આો બનાવ બન્યો હતો. જેમાં મવડી ચોકડી મહિરાજ હોટલ પાસે ઉદયનગરનો રિક્ષાચાલક યુવાન તેના મિત્ર સાથે રિક્ષા ભાડાના હિસાબની વાત કરવા ઉભો હતો ત્યારે મારૂતિનંદનનગરના શખ્સે નંબર વગરના ટુવ્હીલર સાથે આવી કારણ વગર ગાળો દેતાં આ બંને મિત્રોએ તેને ગાળો દેવાની ના પાડતાં છરીથી હુમલો કર્યો હતો. જેમાં મિત્ર પર થયેલા હુમલામાં રિક્ષાચાલક યુવાન વચ્ચે પડ્યો હતો અને છરી પકડી લેતાં તેના હાથમાં ઇજા થતાં લોહીલુહાણ થઇ ગયો હતો. આ ડખ્ખામાં હુમલો કરનારે એવી ધમકી પણ આપી હતી કે આજે તો બચી ગયા, હવે પછી આવીશ એટલે મારી જ નાંખીશ!

વિગતો પર નજર કરીએ તો મવડી ચોકડીએ મિત્ર પર ઉગામાયેલી છરી તેના મિત્ર રિક્ષાચાલકે પકડી લેતાં તેને ઇજા થઇ હતી. જતાં જતાં આ શખ્સ આજે તો બચી ગયા, હવે પછી આવીશ ત્યારે મારી જ નાંખીશ તેવી ધમકી આપતો ગયો હતો. આ બનાવમાં માલવીયાનગર પોલીસે મવડી મેઇન રોડ ઉદયનગર-૧ શેરી નં. ૧૭માં કિશન ટેઇલરની સામે રહેતાં છત્રીસ વર્ષના રિક્ષાચાલક યુવાન હાર્દિક રાજેન્દ્રભાઇ કથરેચાની ફરિયાદ પરથી મારૂતિનંદનનગર-૨ વિશ્વેશ્વર મંદિર પાછળ રહેતાં પ્રિતેશ ઉર્ફે દિકુડો અલ્પેશભાઇ ગોટેચા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આ બનાવની વિશેષ વિગતો પોલીસ સમક્ષ જણાવતાં હાર્દિક કથરેચાએ કહ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને ભાડેથી રિક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. મારી સાથે મારા પિતા બાંસઠ વર્ષના રાજેન્દ્રભાઇ અને નાનો ભાઇ બત્રીસ વર્ષનો દર્પણ રહે છે. રવિવારે રાતે સાડા નવેક વાગ્યે હું મારા મિત્ર હિતેષ પાસે ભાડેથી આપેલી રિક્ષાનો હિસાબ લેવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર મવડી ચોકડી નજીક મહીરાજ હોટલ પાસે ગયો હતો. અમે બંને હિસાબની વાત કરતાં હતાં ત્યારે અચાનક મારૂતિનંદનનગરનો પ્રિતેશ ઉર્ફે દિકુડો ગોટેચા તેનુ નંબર પ્લેટ વગરનુ એક્ટીવા લઈને મહીરાજ હોટલ ખાતે હાથમાં છરી લઈને આવ્યો હતો. આ પછી અમે તેને કંઇ કહ્યું ન હોવા છતાં દિકુડો અમોને કારણ વગર ગાળો આપવા માંડ્યો હતો. જેથી મારા મિત્ર હિતેષે ગાળો દેવાની ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને મારા મિત્ર હિતેશને છરી મારવા જતાંહું વચ્ચે પડ્યો હતો. આ વખતે મે જમણા હાથથી છરી પકડી લેતા મને આંગળી અને અંગુઠામાં ઇજા થતાં લોહી નીકળવા માંડ્યા હતાં. દેકારો થતાં માણસો ભેગા થઇ જતાં પ્રિતેશ ઉર્ફે દિકુડો તેનું એક્ટીવા મુકીને જતો રહ્યો હતો. જતાં જતાં પણ એ ધમકી આપતો ગયો હતો કે-આજે તો તમે બચી ગયા પણ હવે આવીશ ત્યારે તો તમને મારી જ નાખીશ.

ત્યાર બાદ અમો આ પ્રિતેશનુ એક્ટીવા લઈને માલવીયાનગર પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. મને ઇાજ થઇ હોઇ સારવાર હોસ્પિટલે ગયો હતો. બાદ ફરિયાદ દાખલ કરાવી હતી. તેમ વધુમાં હાર્દિકે જણાવતાં પીઆઇ જે. એમ. કૈલાની રાહબરીમાં હેડકોન્સ. સારંગભાઇ ઓગાણીયાએ ગુનો નોંધી તેને ઝડપી લેવા તજવીજ કરી હતી. આમ કારણવગર ગાળો ભાંડી છરી હુલાવી માથે ડખ્ખો કરી માથે જતાં ધમકી આપી દિકુડો ભાગી જતાં પોલીસ તેને શોધી રહી છે.

લગ્નના ત્રણ વર્ષ પછી પણ પત્નિના વર્તનમાં સુધારો આવ્યો નહોતો એટલે મારે આ કરવું પડ્યું: હત્યા બાદ પત્નિ ગુમ થયાનું નાટક કર્યુ, પછી ચિઠ્ઠી લખી પતિ ભાગી ગયો

# પત્નિને પતાવી, લાશ પેટીમાં મૂકી માથે કર્યુ પ્લાસ્ટર !

## દામ્પત્ય જીવનમાં ચાલતાં ડખ્ખાનું ખળભળાટ મચાવતું પરિણામ: પત્નિ ગુમ થયાનું કહી પોલીસને જાણ કરી: પછી ગુનાની કબુલાત આપતી ચિઠ્ઠી તેર વર્ષના દિકરાને આપી ભાગી ગયો: હત્યાથી બે સંતાન થયા મા વિહોણા

રાજકોટ,તા.૨૭

દામ્પત્ય જીવનમાં ડખ્ખા થાય તો ઘણીવાર તેનું પરિણામ વિચાર્યા બહારનું આવતું હોય છે. આવી જ એક ચોંકાવનારી મર્ડર મિસ્ટ્રીનો ભેદ ખુલ્યો છે. જેમાં પતિએ પત્નિ સાથે ચાલી રહેલી માથાકુટને કારણે ઉશ્કેરાઇ જઇ તેની હત્યા કરી નાંખી હતી. આ પછી લાશને લાકડાની પેટીમાં છુપાવી દઇ તેના ઉપર સિમેન્ટથી પ્લાસ્ટર કરી નાંખ્યું હતું. આ પછી તેણે સસરાને ફોન કરીને પોતાની પત્નિ ગૂમ થયાની વાત કરી હતી અને પોલીસને પણ જાણ કરી હતી. પોલીસે તપાસ શરૂ કરતાં જ આ હત્યારો પકડાઇ જવાના ભયથી પોતે જ હત્યા કરી છે એ મતલબની ચિઠ્ઠી લખી તેર વર્ષના દિકરાને આપીને ભાગી ગયો હતો. પોલીસે ચિઠ્ઠીને આધારે તપાસ કરી હતી. તેમાં લાશ ક્યાં છુપાવી છે તે પણ લખેલુ હોઇ પોલીસે તપાસ કરતાં લાશ મળી આવી હતી અને આ મર્ડરનો ભેદ ખુલ્યો હતો અને પોલીસે હત્યારા પતિને પકડવા દોડધામ શરૂ કરી છે.

રહસ્યાના આટાપાટા સર્જતી અને ચોંકાવનારી ઘટના સુરતના સલાબતપુરા વિસ્તારમાં બની છે. અત્યંત કરુણ અને ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે, જેમાં એક પાષાણ હૃદયના પતિએ પોતાની પત્નિની હત્યા કરી પુરાવા મિટાવવા માટે લાશને લાકડાની પેટીમાં પેક કરી તેના પર સિમેન્ટનું પ્લાસ્ટર લગાવી દીધું હતું. હત્યારો પતિ વિશાલ સાલવી પાંચ દિવસ સુધી પત્નિની લાશ સાથે જ ઘરમાં રહ્યો અને બહાર પત્નિ ગુમ હોવાનું જૂઠું નાટક રચી પોલીસ તથા પરિવારને છેતરતો રહ્યો હતો. અંત તેર વર્ષના પુત્રને મળેલી કબૂલાતની ચિઠ્ઠીએ આ ઘૃણાસ્પદ ગુનાના ભયાનક રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો હતો.




પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો અનુસાર વિશાલ સાલવીએ પોતાની પત્નિ શિલ્પાની હત્યા કર્યા બાદ તેની લાશને સહારા દરવાજા પાસે આવેલી કાગજીની ચાલમાં આવેલા પોતાના જૂના મકાનમાં છુપાવી દીધી હતી. હત્યાના પુરાવા મિટાવવા માટે તેણે લાશને લાકડાની પેટીમાં મૂકી તેના પર સિમેન્ટનું પડ ચડાવી દીધું હતું, જેથી લાશ સડવા લાગે તો પણ દુર્ગંધ બહાર ન આવે. હત્યાની આ ઘટના બાદ વિશાલ સાલવીએ પાંચ દિવસ સુધી પોલીસ અને પરિવારને અંધારામાં રાખ્યા હતા. શિલ્પાના પિતાપ્રદિપભાઇ કોસ્ટાએ જ્યારે ફોન કર્યો ત્યારે વિશાલે બનાવટી વાર્તા ઘડી કાઢી હતી કે મેં શિલ્પાને હોસ્પિટલ પાસે ઉતારી હતી અને ત્યારથી તે ગુમ છે.

પિતા જ્યારે સુરત આવ્યા ત્યારે વિશાલ પોતે તેમની સાથે પોલીસ સ્ટેશન જઈને પત્નિ ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવીને તપાસમાં મદદ કરવાનો દેખાવ પણ કરતો હતો. આ રહસ્યનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે શિલ્પાના તેર વર્ષના પુત્ર આરવે પોતાના સંબંધીને એક ચિઠ્ઠીનો ફોટો વોટ્સએપ પર મોકલ્યો. આ ચિઠ્ઠી તેના પિતા વિશાલે તેને આપી હતી અને ત્યારબાદ તે ઘર છોડીને ફરાર થઈ ગયો હતો. ચિઠ્ઠીમાં વિશાલે કબૂલાત કરતા લખ્યું હતું કે મેં ગુનો કર્યો છે અને આ માટે હું પોતે જ જવાબદાર છું. આ સાથે જ તેણે હત્યાની તારીખ અને લાશ ક્યાં છુપાવી છે, તેનું ચોક્કસ સરનામું પણ લખ્યું હતું. જ્યારે પોલીસ અને પરિવારજનો ચિઠ્ઠીમાં દર્શાવેલા કાગજીની ચાલના મકાને પહોંચ્યા ત્યારે ત્યાંથી સિમેન્ટના પ્લાસ્ટર નીચે દબાયેલી શિલ્પાની કોહવાયેલી લાશ મળી આવી હતી.

પોલીસને મળેલી ચિઠ્ઠીમાં વિશાલ સાલવીએ લખ્યું હતું કે હું વિશાલ રણછોડભાઈ સાલવી, આથી જણાવું છું કે લગ્નના ત્રણ વર્ષ પછી મારી પત્નિના વર્તનમાં બદલાવ આવવા લાગ્યો અને અમારા સંબંધોમાં અણબનાવ શરૂ થયો. આ બધું હું લાંબા સમય સુધી સહન કરતો રહ્યો, પરંતુ આખરે કંટાળીને અને મજબૂર થઈને મેં આ ગુનો કર્યો છે. આ બાબતમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ નથી, તમામ ગતિવિધિ મેં જાતે જ કરી છે. મૃતક શિલ્પાના પિતાના જણાવ્યા મુજબ, વિશાલ કોઈ કામધંધો કરતો ન હતો, જેને લઈને દંપતી વચ્ચે સતત ઝઘડા થતા હતા. આ આર્થિક સંકડામણ અને ઘરખર્ચના ઝઘડાનું પરિણામ આ કરપીણ હત્યામાં પરિણમ્યું હતું. આ ઘૃણાસ્પદ ગુનામાં શિલ્પા અને વિશાલના બે માસૂમ બાળકો તેર વર્ષનો આરવ અને આઠ વર્ષની નિતારા સૌથી વધુ ભોગ બન્યા છે. જે પિતા સાથે તેઓ પાંચ દિવસથી એક જ છત નીચે રહેતા હતા, તેમને ખ્યાલ પણ નહોતો કે તેમના પિતાએ તેમની માતાની હત્યા કરી તેને પેટીમાં પૂરી દીધી છે. હવે આ બાળકોએ માતા અને પિતા બંનેની છત્રછાયા ગુમાવી દીધી છે.

આ બનાવમાં ગોડાદરા પોલીસે આ મામલે અત્યંત ગંભીરતાથી તપાસ હાથ ધરી છે. ફોરેન્સિક એક્સપર્ટ્સની મદદ લઈને પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. પોલીસ આને એક સુનિયોજિત કાવતરું માની રહી છે અને ફરાર આરોપી વિશાલને પકડવા માટે અલગ-અલગ ટીમો કામે લગાડી દીધી છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે. દામ્પત્ય જીવનમાં થતી માથાકુટ ક્યારેક કઇ હદ સુધી પહોંચી જાય છે અને તેનું કેવુ ભયંકર પરિણામ આવી શકે છે તે વાતને ઉજાગર કરતી આ વધુ એક ઘટના ઘટી છે. ઘર હોય ત્યાં વાસણ ખખડે પણ પછી જો પતિ-પત્નિ વચ્ચે સમાધાન ન થાય તો પરિણામ માઠુ પણ આવતું હોય છે.

---

જાત જાતના પ્રલોભનો આપીને ગઠીયાઓ ફસાવી લે છે જાળમાં

# જમીનના ધંધાર્થી સાથે પેકેજના નામે અડધા કરોડનું ફ્રોડ

## હોલીડે પેકેજમાં દર મહિને સવા લાખના રોકાણ પર અગીયાર લાખની લાલચ દીધી: ધંધાર્થીએ બીજા ગ્રાહકો પણ શોધીને દીધા: પરંતુ વળતરને બદલે મળ્યો ઠેંગો

રાજકોટ,તા.૨૭

અલગ અલગ રીતે ગઠીયાઓ ઠગાઇ કરી રહ્યા છે. આવા કિસ્સાઓ અટકતા જ નથી. કોઇ રોકાણ પર મોટા નફાના નામે છેતરાય છે, કોઇ વિદેશના વિઝાના નામે છેતરાય છે. તો કોઇ છેતરાય જાય છે હોલીડે પેકેજના નામે. આવી જ એક ઘટનામાં લેભાગુ ટૂર ઓપરેટર ઠગાઇ કરી ગયા છે. જેમાં હોલડી પેકેજના નામે જમીન દલાલ સાથે ફ્રોડ થયું છે. સારવા વળતરની લાલચ આપી અઠાવન લાખ પડાવ્યા હતાં. સવા લાખનું રોકાણ કરો તો દર મહિને અગીયાર હજાર મળશે એવી લાલચ આપી તેને જાળમાં ફસાવ્યા હતાં.




વિગતો પર નજર કરીએ તો સોલા વિસ્તારમાં ઓફિસ ધરાવતી કંપની દ્વારા હોલીડે પેકેજ અને સારા વળતરની લાલચ આપીને લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. વિસનગરના જમીન દલાલ સહિત તેમના પરિવાર-મિત્રો પાસેથી લાખો રૂપિયાની રકમ ઉઘરાવી આરોપીઓ ઓફિસને તાળા મારી ફરાર થઈ ગયા છે. ૫૮.૮૦ લાખ પડાવતા ત્રણ લોકો સામે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. સોલામાં કાર્યરત તુલસી આરાધ્યા ઈન્ફ્રા એન્ડ હોલીડે રિસોર્ટ ઈન્ડિયા નામની કંપનીના સંચાલકો સામે મોટી ઠગાઈનો ગુનો નોંધાયો છે. વિસનગરમાં રહેતા ભગવાનભાઈ પ્રજાપતિ જમીન-મકાન દલાલીનું કામ કરે છે.

વધુ માહિતી અનુસાર તેમના મિત્ર સોલામાં આવેલ તુલસી આરાધ્યા ઈન્ફ્રા એન્ડ હોલીડે રિસોર્ટ ઈન્ડિયા કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા હતા. કંપનીમાં રોકાણ કરશો સારૂ વળતર મળશે એવી લાલચ આપવામાં આવી હતી. જેથી તેઓ સોલા ખાતેની કંપનીની ઓફિસમાં માલિક કિશોરસિંહ રાઠોડ અને અન્ય સંચાલકોને મળ્યા હતા. જ્યાં તેમણે રોયલ, સિલ્વર અને ગોલ્ડ જેવા વિવિધ હોલીડે પેકેજ સમજાવ્યા હતા.

જેમાં ૧.૨૫ લાખના રોકાણ સામે દર મહિને ૧૧ હજાર વળતર આપવાની લાલચ આપવામાં આવી હતી. જેથી ભગવાનભાઇ વિશ્વાસમાં આવીને પોતાના પરિવારના અને મિત્રોના મળીને કુલ ૪૨ રોયલ પેકેજ, એક ગોલ્ડન પેકેજ અને ગાંધીનગર ખાતે ફ્રેન્ચાઈઝી પેટે ૬૫.૫૦ લાખનું રોકાણ કર્યું હતું. જોકે, શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ૭ લાખ વળતર આપ્યુ હતું પરંતુ, જૂન૨૦૨૪થી વળતર આપવાનું બંધ કરી દીધું હતું.

જેથી ભગવાનભાઇએ બાકી રહેતા ૫૮.૫૦ લાખની ઉઘરાણી કરી હતી. ત્યારે આરોપીઓએ સેક્યુરિટી પેટે ચેક આપ્યા હતા. જેથી ઓફિસે તપાસ કરતા આરોપીઓ ઓફિસને તાળા મારીને ફરાર થઈ ચૂકયા હતા. આરોપીઓએ છેતરપિંડી યાત્રી હોવાનું સામે આવતા કિશોરસિંહ રાઠોડ, ભરતસિંહ રાઠોડ, તુલસી બા રાઠોડ સામે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં હવે તપાસ શરૂ થઇ છે. આ પ્રકારની ઠગાઇની ઘટનાઓ રોજીંદી છે. ગઠીયાઓ જાતજાતની લાલચો આપીને લોકોના લાખો કરોડો ઉસેડી રહ્યા છે. છતાં લોકો જાગૃત નથી થતાં એ પણ હકિકત છે.

---

માત્ર બાળકી કે સગીરાઓ કે યુવતિઓ નહિ છોકરાઓ પણ બની જાય છે શિકાર

# ધર્મસ્થાનના બાથરૂમમાં પાંચ વર્ષના બાળક સાથે હવસખોરી

## નમાઝ પઢવા ગયેલા બાળકને પંદર વર્ષનો સગીર પૈસા આપવાના બહાને બાથરૂમમાં લઇ ગયો: બાળકે ચીસાચીસ કરી મુકતાં ભાગી ગયો: પોક્સો હેઠળ કાર્યવાહી: બાળકને સારવાર અપાવવી પડી

રાજકોટ: હવસખોરીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. કોઇને કોઇ શૈતાન કોઇને કોઇ સગીરા, યુવતિ કે પછી મહિલાને ફસાવીને દૂષ્કર્મ આચરતો હોવાના કિસ્સા રોજબરોજ પોલીસના ચોપડે પહોંચે છે. કેટલાક વિકૃત ઢગાઓ તો બાળકોને પણ છોડતા નથી. આવી જ એક ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે જેમાં પાંચ વર્ષના માસુમને મસ્જિદના બાથરૂમમાં લઇ જઇ પંદર વર્ષના સગીરે અમાનવીય કૃત્ય આચરી લીધુ છે. આ મામલો પોલીસ સુધી પહોંચતા પોક્સો હેઠળ એફઆઇઆર દાખલ કરી પંદર વર્ષના વિકૃત સગીર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના લાલગેટ વિસ્તારમાં માનવતા શર્મસાર થાય તેવી ઘટના સામે આવી છે. મસ્જિદના બાથરૂમમાં એક પંદર વર્ષીય કિશોર પાંચ વર્ષના માસૂમ બાળકને પૈસાની લાલચ આપી તેની સાથે અડપલાં કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. બાળકે આ અંગે તેના નાનાને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આરોપી કિશોર વિરૂધ્ધ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.



પોલીસ સુત્રોએ કહ્યું કે શુક્રવાર હોવાથી ફરિયાદી મહિલાએ તેના પાંચ વર્ષના પુત્રને તેણીના પિતા એટલે કે બાળકના નાના પાસે નમાઝ પઢવા માટે મોકલ્યો હતો. બપોરના આશરે બે વાગ્યાના અરસામાં બાળકને પેશાબ લાગતા તે મસ્જિદના બાથરૂમમાં ગયો હતો.

આ દરમિયાન ત્યાં હાજર પંદર વર્ષીય કિશોરે માસૂમને પૈસા આપવાની લાલચ આપી બાથરૂમની અંદર લઈ ગયો હતો. બાથરૂમમાં લઈ જઈ કિશોરે બાળકના કપડાં ઉતારી તેની સાથે અડપલાં કર્યા હતા અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. જ્યારે માસૂમ બાળકે ગભરાઈને બૂમ પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીએ તેનું મોઢું જોરથી દબાવી દીધું હતું અને પગ વડે દરવાજો બંધ રાખવાનો પ્રયાસ કર્યો હતો. આ શરમજનક કૃત્ય બાદ આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. બાળકે આ ઘટનાની જાણ તરત જ તેના નાનાને કરી હતી. ત્યારબાદ તેને તાત્કાલિક હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યો હતો. લાલગેટ પોલીસ સ્ટેશનમાં આરોપી પંદર વર્ષના કિશોર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

અગાઉ પણ આવી ઘટનાઓ બની ચુકી છે જેમાં બાળકોને હવસખોરીનો શિકાર બનાવવામાં આવ્યા હતાં. આ કિસ્સામાં તો હવસખોરી આચરનાર પણ ખુદ સગીર વયનો હોઇ લોકો વિચારમાં મુકાઇ ગયા છે. માસુમ બાળને આ કૃત્યને કારણે પીડા થતી હોઇ તેને સારવાર પણ અપાવવી પડી હતી. આજના યુગમાં આવી વિકૃતી, શૈતાનીયતની ઘટનાઓ રોજીંદી છે. જેમાં મોટે ભાગે મોટી ઉમરના કે યુવાનો આવા ગુનામાં સામેલ હોય છે. પરંતુ અહિ એક સગીરે એક પાંચ વર્ષના માસુમ બાળકને હવસખોરીનો શિકાર બનાવી લીધો હતો. આ ઘટના દરેક વાલીઓ માટે લાલબત્તી સમાન છે. ગંભીર ગુનો આચરનારા સગીર વિરૂધ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

---

હવસખોરીની વધી ગયેલી ઘટનાઓ વચ્ચે શૈતાન પણ શરમાય જાય તેવો બનાવ

# ત્રણ વર્ષની બાળાને બાથરૂમમાં પુરી શૈતાનીયત

## ઢગા મોજબ્બીર મોહમ્મદને બાળાની માતાએ રંગેહાથ દબોચ્યો: લોકોએ બેફામ ઢીબ્યો: દૂષ્કર્મ-પોક્સો હેઠળ પોલીસે એફઆઇઆર નોંધી હવસખોરી ભુલાવી દીધી: બીજા એક કિસ્સામાં ભાણેજ પર દુષ્કર્મ આચરનારા મામાની જામીન અરજી ફગાવાઇ

રાજકોટ,તા.૨૭

હવસખોરીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. પરંતુ ક્યારેક તો શૈતાન પણ શરમાય જાય તેવી કરતૂતો વિકૃત હવસખોરો કરે છે. એક ત્રણ વર્ષની બાળકી સાથે એક નરાધમે બળાત્કાર ગુજારી લીધો હતો. જો કે આ શૈતાન રંગેહાથ પકડાઇ જતાં લોકોએ મારી મારીને અધમુઓ કરી નાંખી પોલીસને સોંપ્યો છે. પોલીસે પોક્સો દુષ્કર્મની કલમો હેઠળ કાર્યવાહી કરી આ હવસખોરને પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતમાં સામે આવી છે. શહેરના સારોલી વિસ્તારમાં એક પરપ્રાંતીયે ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. બાળકી બાથરૂમ ગઈ હતી ત્યારે નરાધમે તેની પાછળ જઈ દુષ્કર્મ આચર્યું હતું. સમયસર માતા પહોંચતાં નરાધમ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. લોકોએ તેને મેથીપાક આપ્યો હતો. સારોલી પોલીસે આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીન વિરુદ્ધ બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે જણાવ્યું કે સારોલી વિસ્તારમાં નેચરવેલી હોમ્સ પાછળ આવેલી ક્રિષ્ના પાર્ક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એક શ્રમિક પરિવાર રહે છે. બપોરે પરિવાર નીચે ખાતામાં કામમાં વ્યસ્ત હતો.

આ દરમિયાનત્રણ વર્ષની બાળકી ઉપરના રૂમમાં એકલી હતી. માતા પતિને બોલાવવા નીચે ગઈ હતી. આ દરમિયાન પાડોશમાં રહેતા નરાધમે તકનો લાભ લીધો હતો. બાળકી બાથરૂમ કરવા ગઈ ત્યારે બિહારના વતની મોજબ્બીર મોહમ્મદ હસામુદીન તક જોઈ અગાસી પર ચઢી ગયો હતો. નરાધમ બાળકીની પાછળ બાથરૂમમાં ઘુસી ગયો અને તેના કપડાં કાઢી ગુપ્ત ભાગો સાથે અડપલાં કર્યા હતા. બાળકી સમજે તે પહેલાં જ તેણે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીની માતા તુરંત ઉપર આવી પહોંચતા બાથરૂમમાં દ્રશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી.



માતાની બુમાબુમથી લોકો દોડી આવ્યા અને મોજબ્બીરને રંગેહાથ પકડી પાડ્યો હતો. લોકોએ તેને મેથીપાક ચખાડી સારોલી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પરપ્રાંતીય કામદારો દ્વારા બાળકીઓને નિશાન બનાવવાની આ પહેલી ઘટના નથી.

અગાઉ પણ આવી ઘટના બની હતી. આ ઘટનાથી સ્થાનિકોમાં રોષ અને ભય ફેલાયો છે. પોલીસે આરોપી વિરુદ્ધ બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બીજી એક ઘટનામાં વાપીની પોક્સો કોર્ટે ૧૩ વર્ષીય સગીર ભાણેજ પર વારંવાર દુષ્કર્મ આચરનાર કૌટુંબિક મામાની જામીન અરજી ફગાવી દીધી છે. ભોગ બનનારની માતા કેસની કાર્યવાહી દરમિયાન હોસ્ટાઈલ થઈ હોવા છતાં, કોર્ટે આરોપીને જેલહવાલે રાખવાનો આદેશ કર્યો છે. વાપી ટાઉન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી શંકર જનકધારી સાવ કે જે મુળ બિહારનો છે તેના પર જાન્યુઆરી ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન પોતાની ૧૩ વર્ષની સગીર ભાણેજને ચોકલેટ, રૂપિયાની લાલચ આપી અને મોબાઈલમાં અશ્લીલ વીડિયો બતાવી દુષ્કર્મ આચરવાનો આરોપ છે.

પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની ટ્રાયલ દરમિયાન એક મહત્વનો વળાંક આવ્યો હતો. ફરિયાદી અને ભોગ બનનારની માતાએ કોર્ટમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું ન હતું અને તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા હતા.

આ મુદ્દાનો લાભ લઈને આરોપીએ જામીન મુક્ત થવા અરજી કરી હતી. જોકે, સરકારી વકીલ અનિલ ત્રિપાઠીએ જામીન અરજીના વિરોધમાં ધારદાર દલીલો રજૂ કરી હતી. ડીજીપી ત્રિપાઠીએ દલીલ કરી હતી કે ભલે માતા હોસ્ટાઈલ થઈ હોય, પરંતુ ભોગ બનનાર સગીરાએ પોતાની મૌખિક જુબાનીમાં આરોપી સામે સચોટ પુરાવા આપ્યા છે.

તેમણે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલાના "એક્સ વિરુધ્ધ રાજસ્થાન રાજ્ય" ના ઐતિહાસિક ચુકાદાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં જણાવાયું છે કે બળાત્કાર અને હત્યા જેવા ગંભીર ગુનામાં એકવાર ટ્રાયલ શરૂ થઈ ગયા બાદ આરોપીને જામીન આપી શકાય નહીં. વાપીના પોક્સો કોર્ટના સ્પેશિયલ જજ ડો. એચ.એન. વકીલે સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી હતી. કોર્ટે નોંધ્યું હતું કે ગુનો અત્યંત ગંભીર -કૃતિનો છે અને ભોગ બનનારની જુબાની મહત્વની છે. આથી, કોર્ટે આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

### મહાનગરપાલિકાનું આજે ચિત્ર સ્પષ્ટ : સત્તારૂઢ થવા રાજકીય પક્ષોમાં અતિવિશ્વાસ

# ૨૦૨૧ની સાપેક્ષમાં ૪૬૦૦૦ મત ઓછા પડ્યા, પેનલ તુટશે!

## મતદાર સુધારણા ઝુંબેશ ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીને દઝાડશે ? ગત મનપા ચૂંટણીની સરખામણીમાં ગઈકાલે પુરુષ મતદારોની મતદાન ટકાવારીમાં ૧.૭૫ ટકાનો ઉછાળો



**રાજકોટ મનપાની ૭૨ બેઠકો માટે ૨.૨૧ લાખ મહિલાઓએ કર્યું મતદાન : વોર્ડ ૧૫માં સૌથી વધુ ૯.૧૪% મહિલાઓએ ૨૦૨૧ની સરખામણીમાં વધુ મતદાન કર્યું**

રાજકોટ, તા. ૨૭

સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે અને આજે મત ગણતરી થશે જે બાદ તે નક્કી થઈ જશે કે મહાનગરપાલિકા હોય, જિલ્લા પંચાયત હોય કે પછી તાલુકા પંચાયત હોય કોની સત્તા આવશે. હાલ રાજકોટ મહાનગરની વાત કરવામાં આવે તો ગઇ ચૂંટણી કરતા આશરે ૪૬,૨૨૪ મત ઓછા પડ્યા હોવાનું હાલ જણાવ્યું છે અને મતદાર સુધારણા દરમિયાન ૧.૦૮ લાખ મતદારોના નામ પણ કપાયા છે તેની સીધી જ અસર રાજકોટ મહાનગરપાલિકાના મતદાન પર જોવા મળી છે. તો બીજી તરફ ભાજપ દ્વારા મહિલા અનામતની જ વાત કરવામાં આવી હતી તે વાતને પણ મહિલા મતદારઓએ ગ્રાહ્ય રાખી નથી અને રિજવવાનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો છે.

રાજકોટની જો વાત કરવામાં આવે તો મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૫૧.૬૦ ટકા મતદાન નોંધાયું છે જેમાં વોર્ડ નંબર ૧૫માં સૌથી વધુ અને વોર્ડ નંબર એકમાં સૌથી ઓછું મતદાન થયું છે. રાજકીય વર્તુળોમાં હાલ જે ચર્ચાએ જોર પકડ્યું છે તેને ધ્યાને લેતા એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે ગઈકાલે મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના કાર્યકર્તાઓ નો રોષ મતદાનને પણ ભરખી ગયો છે. જે જગ્યા પર વધુ મતદાન થવાની આસાને અપેક્ષાઓ પક્ષોને હતી તે પરિપૂર્ણ થઈ નથી ત્યારે ઘણા ખરા વોર્ડમાં ખૂબ ઓછું મતદાન ૨૦૨૧ની સરખામણીમાં થયું છે તો ઘણું બધું મતદાન ૨૦૨૬ની ચૂંટણીમાં પણ જોવા મળ્યું છે ત્યારે આ તમામ આશાઓ અને અપેક્ષાઓને ધ્યાને રાખી એ વાત સ્પષ્ટ છે કે આવતીકાલે જે પરિણામ આવશે તે અનેક રાજકીય પક્ષોના સમીકરણોને દઝાડશે તેમાં કોઈ શંકા નથી.

ચૂંટણ વર્ષ ૨૦૨૧ માં જે મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી તેની જો વાત કરવામાં આવે તો તે સમયે કુલ ૫૦.૭૨% મતદાન થયું હતું જેમાં પુરુષ મતદારોએ મતદાન કર્યું હોય તે ટકાવારી ૫૪.૫૪ ટકા જોવા મળી હતી જ્યારે ૪૬.૬૦ ટકા મતદાન મહિલાઓએ કર્યું હતું. વધુમાં વાત કરવામાં આવે ૫,૬૭,૦૦૧ પુરુષ મતદારો નોંધાયાતા જેમાંથી ૩,૦૯,૨૫૪ પુરુષ મતદાર હોય મતદાન કર્યું હતું એવી જ રીતે મહિલા મતદારોની વાત કરવામાં આવે તો કુલ ૫,૨૬,૯૯૦ મહિલા મતદારોમાંથી ૨,૪૫,૬૦૩ મતદારો મતદાન કર્યું એટલે કે કહી શકાય કે કુલ ૫૦.૭૨% મતદાન થયેલું હતું. ત્યારે કુલ ૧૦,૯૩,૯૯૧ મતદારો પૈકી ૫,૫૪,૮૫૭ મત પડ્યા હતા.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૫૧.૫૯ ટકા મતદાન થયું હતું જેમાં પુરુષ મતદારોએ મતદાન કર્યું હોય તે ટકાવારી ૫૬.૨૯ ટકા જોવા મળી હતી જ્યારે ૪૬.૫૪ ટકા મતદાન મહિલાઓએ કર્યું હતું. વધુમાં વાત કરવામાં આવે ૫,૧૦,૦૮૬ પુરુષ મતદારો નોંધાયાતા જેમાંથી ૨,૮૭,૧૪૪ પુરુષ મતદારોએ મતદાન કર્યું હતું એવી જ રીતે મહિલા મતદારોની વાત કરવામાં આવે તો કુલ ૪,૭૫,૮૬૬ મહિલા મતદારોમાંથી ૨,૨૧,૪૮૯ મતદારો મતદાન કર્યું એટલે કે કહી શકાય કે કુલ ૫૧.૫૯% મતદાન થયેલું હતું. ત્યારે કુલ ૯,૮૫,૯૫૨ મતદારો પૈકી ૫,૦૮,૬૩૩ મત પડ્યા હતા. ત્યારે વર્ષ ૨૦૨૧ ની સરખામણી જો કરવામાં આવે તો ૪૬,૨૨૪ મત ઓછા પડ્યા છે અને સામે ૧,૦૮,૦૩૯ મતદારોની સંખ્યા પણ ઘટી છે. ૨૦૨૧ ની સરખામણીમાં ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં પુરુષ મતદારોએ કરેલા મતદાનની ટકાવારીમાં ૧.૭૫% નો વધારો થયો છે જ્યારે મહિલા મતદારોની વાત કરવામાં આવે તો ગઈકાલે ૦.૦૦૬ ટકાનો મતદાન ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે એ વાત તો નક્કી છે કે સરકાર દ્વારા મહિલા અનામત અંગે જે વાતો કરી હતી તેને મહિલાઓએ નકારી કાઢી છે. જેથી ભાજપ માટે મહિલા અનામત બિલ ની વાત મતદાન ઉપર કોઈ મોટી અસર કરાવી શકી નથી.

### વોર્ડ ૪,૫,૬,૧૪,૧૫ અને ૧૬ માં સરેરાશ પાંચ ટકાથી વધુનું મતદાન


૨૦૨૬ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે અને ચુંટણીપંચે વિવિધ આંકડાઓ પણ જાહેર કર્યા છે. અત્યારે ૨૦૨૧ સાથે જો સરખામણી કરવામાં આવે તો વોર્ડ ૪,૫,૬,૧૪,૧૫ અને ૧૬ માં સરેરાશ પાંચ ટકાથી વધુનું મતદાન નોંધાયું છે વિગતવાર વાત કરવામાં આવે તો વોર્ડ નંબર ચારમાં ૭.૯% વધ્યું, વોર્ડ પાંચમાં ૫.૪૪ ટકા, વોર્ડ છ માં ૫.૩૩ ટકા , વોર્ડ ૧૪માં ૫.૬૬ ટકા, વોર્ડ ૧૫માં ૧૧.૨૪ ટકા અને વોર્ડ ૧૬માં ૮.૭૮% વધુ મતદાન ૨૦૨૧ ની સરખામણીમાં નોંધાયું છે. બીજું મહત્વનું જે તારણ બહાર આવ્યું છે તેમાં ૧૮ વોર્ડ માંથી આઠ વોર્ડમાં ૨૦૨૧ ની સરખામણીમાં ટકાવારી નેગેટિવ જોવા મળે છે અને સૌથી ઓછું મતદાન જો નોંધાયું હોય તો તે વોર્ડ નંબર નવમાં છે. જેમાં ગત ચૂંટણીની સરખામણીમાં ૩.૮૬ ટકા ઓછું મતદાન નોંધાયું છે. વિગતવાર ચર્ચા કરવામાં આવે તો જ્યાં ૨૦૨૧ ની સરખામણીમાં ઓછું મતદાન નોંધાયું હોય તેમાં વોર્ડ એકમાં ૦.૮૮% , વોર્ડ આઠમાં ૦.૮૪% , વોર્ડ નવમા ૩.૮૬% , વોર્ડ ૧૦માં ૨.૦૩ ટકા , વોર્ડ ૧૧માં ૧.૫૪ %, વોર્ડ ૧૩ માં ૦.૨૫% , તથા વોર્ડ ૧૮માં ૨.૮૬% મતદાન ઓછું નોંધાયું છે.

### વશરામ સાગઠીયા ના વોર્ડ ૧૫માં ૬૫ ૭૭% મહિલાએ મતદાન કર્યું જે તમામ વોર્ડમાં સૌથી વધુ

હાલ જે ચૂંટણી પંચ દ્વારા આંકડા જાહેર કરવામાં આવ્યા છે તેમાં એ વાત સ્પષ્ટ છે કે ગઈ મહાનગર પાલિકાની ચૂંટણીમાં સૌથી વધુ ૬૫.૭૭ ટકા મહિલાએ વોર્ડ ૧૫માં મતદાન કર્યું છે. ત્યારબાદ બીજું સૌથી વધુ મતદાન જો મહિલાએ કર્યું હોય તો તે વોર્ડ નંબર ચારમાં ૬૦.૬૪ ટકા છે. અને મહિલાઓએ સૌથી ઓછું મતદાન કર્યું હોય તેવો વોર્ડ ૧માં ૩૮.૨૯ ટકા નોંધાયું છે. એવી જ રીતે પુરુષ મતદાનની ટકાવારી ઉપર જો ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સૌથી વધુ મતદાન પુરુષોએ કર્યું હોય તો તે વોર્ડ ૧૫માં ૭૦.૭૫% છે. ત્યારબાદ બીજું સૌથી વધુ મતદાન વોર્ડ નંબર ચારમાં ૬૮.૩૯ ટકા નોંધાયું છે. તો સામે સૌથી ઓછું મતદાન વોર્ડ એકમાં ૪૭.૫૬ ટકા જોવા મળ્યું છે.

# નવ વોર્ડમાં ક્રોસ વોટિંગ થયાની ચર્ચાઃ સૌથી ઓછું મતદાન

## વોર્ડ નં.૪માં આમ આદમી તરફેણમાં મતદાન થયાનું અનુમાનઃ મત ગણતરી પુર્વે કોંગ્રેસને ૨૦થી વધુ બેઠક મળવાનું અને ભાજપ ૪૨થી ૪૫ બેઠક વચ્ચે સિમિત રહેવાનું રાજકિય વિશ્લેષણ



**વોર્ડ નં.૮માં સંસદ સભ્ય પરશોતમ રૂપાલાના પીએ ચૂંટણી લડતા હોવા છતાં રાષ્ટ્રિય પ્રવક્તા ગણાતા રૂપાલાની એક પણ ચૂંટણી સભા ન થઇ**

રાજકોટ , તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગઇકાલે મતદાન પુર્ણ થયા બાદ હવે જ્યારે આવતીકાલે મત ગણતરી થવાની છે ત્યારે ક્યાં પક્ષને કેટલી બેઠક મળશે તેના ગણિત માંડવાનું શરૂ થઇ ગયું છે. ચૂંટણી પહેલા શરૂ થયેલા ભાજપમાં આંતરિક દાવાનળની અસર મતદાનમાં પડી હોય તેમ એક બે નહીં પણ નવ વોર્ડમાં ભાજપ વિરૂધ્ધ ક્રોસ વોટિંગની ચર્ચા વચ્ચે ભાજપ ૪૨ થી ૪૫ બેઠક વચ્ચે સિમિત રહે અને કોંગ્રેસ ૨૦થી વધુ બેઠક મેળવે તેવી શક્યતા રાજકિય નિરીક્ષકો જોઇ રહ્યા છે. ત્યારે બીજી બાજું વોર્ડ નં.૪માં આમ આદમી પાર્ટીની તરફેણમાં મતદાન થયું હોય મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી પણ ખાતું ખોલાવે તેવી શક્યતા નકારી શકાતી નથી.

ગઇકાલે ચટણીના મતદાનમાં ભાજપના ધારાસભ્યોથી માંડીને સામાન્ય કાર્યકરોની નજર વિધાનસભા-૬૯ હેઠળના વોર્ડ વિસ્તારોના મતદાન મથક પર હતી. ભાજપના ઉમેદવારોની પસંદગીથી માંડીને બુથ લેવલની જવાબદારી તેમજ રઘુવંશી સમાજને ટિકિટમાં અન્યાય સહિતના મુદ્દે સતત વિવાદમાં રહેલા ધારાસભ્ય ડો. દર્શિતા શાહના બુથમાં થનારા મતદાનની ટકાવારી કેટલી રહેશે તેની આંકડાકિય ગણિત સવારથી જ માંડવાનું શરૂ થઇ ગયું હતું. જ્યારે મતદાન પુરૂ થયું ત્યારે ડો. દર્શિતા શાહના બુથમાં સૌથી ઓછું ૩૭ ટકા મતદાન જ નોંધાયાનું ખુલતા આ બુથમાં ભાજપ વિરૂધ્ધ ક્રોસ વોટિંગ થયાની ચર્ચાએ જોર પકડ્યું હતું. આવી જ રીતે સૌરાષ્ટ્ર કચ્છ ભાજપના પ્રવક્તા રાજુ ધ્રુવના બુથમાં પણ ૪૦ ટકા જેટલું પાંગળું મતદાન થયાનું પણ જાણવા મળે છે. ધારાસભ્ય ડો. દર્શિતા શાહ જ્યાંથી કોર્પોરેટર તરીકે ચૂંટાઇને ધારાસભ્ય બન્યા છે તેવા વોર્ડ નં.૨માં નહેરૂનગર સહિતના લઘુમતી વિસ્તારોના બુથમાં ૫૦ ટકાથી વધુ મતદાન થયુ હોય ભાજપને નુકસાન કરશે તેવું રાજકિય અનુભવીઓ કહી રહ્યા છે. બીજી તરફ વોર્ડ નં.૨માં રઘુવંશી સમાજને ટિકિટ આપવામાં થયેલા અન્યાય સામે વિરોધ થયા પછી ભાજપ દ્વારા રઘુવંશીઓને અંદરોઅંદર લડાવવા માટે જુના જોગી દિનેશ કારીયાને મેદાનમાં ઉતારાયા હતા. ટિકિટ મુદ્દે રઘુવંશી સમાજનો ભાજપ સામે આક્રોશ આવતીકાલે ઈવીએમમાં જોવા મળે તેવી સંભાવના જોવાઇ રહી છે.

આવતીકાલે મત ગણતરી પુર્વે ભાજપ સામેના વિરોધની અસરરૂપે એક બે નહીં પણ નવ વોર્ડમાં ક્રોસ વોટિંગ થયાની ચર્ચા શરૂ થઇ છે. જેમાં જ્યાં સૌથી ઓછું મતદાન થયું છે તે વોર્ડ નં.૧ ઉપરાંત વોર્ડ નં.૩-૫-૮-૧૧-૧૨-૧૪ અને ૧૭માં ક્રોસ વોટિંગ થયાનું માનવામાં આવે છે. મતદાન પુર્વે વોર્ડ નં.૪માં પાટીદાર સમાજની બેઠક મળી હતી તેમાં આ વખતે ભાજપ કે કોંગ્રેસને નહીં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવારને મત આપવાનો લાકડિયો તાર ફરી વળ્યો હતો. આથી આ વોર્ડમાં પણ ભાજપને નુકસાન થવાની ધારણા રાખવામાં આવી છે. રાજકિય અનુભવીઓના મતે વોર્ડ નં.૩-૪-૬-૧૧-૧૩-૧૫-૧૬-૧૭ અને ૧૮માં ભાજપની પેનલ તુટી શકે છે અથવા આખી પેનલ પરાજીત થઇ શકે છે.

આ અનુમાન સાચું ઠરે તો કોંગ્રેસને ૨૦ થી વધુ બેઠકો મળવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૧ની ચૂંટણીમાં કોંગ્રેસ ચાર બેઠકમાં સમેટાયું હતું. આ વખતે આમ આદમી પાર્ટી પણ ચાર થી વધુ બેઠકો મેળવીને મહાનગરપાલિકામાં ખાતું ખોલાવી શકે છે.

### પોતાના પીએ ચૂંટણી લડતા હોવાછતાં પરશોતમ રૂપાલાએ એક પણ ચૂંટણી સભા સંબોધી નહી !

ભાજપના રાષ્ટ્રિય પ્રવક્તા ગણાતા રાજકોટના સંસદ સભ્ય પરશોતમભાઇ રૂપાલાના પીએ વોર્ડ નં.૮માંથી ચૂંટણી લડી રહ્યા હોવાછતાં તેઓએ ન તો વોર્ડ નં.૮માં એકપણ ચૂંટણી સભા સંબોધી છે કે ન તો રાજકોટના એકપણ વોર્ડમાં તેઓની ચૂંટણી સભા થઇ છે. આની અસર વોર્ડ નં.૮માં પડે અને ભાજપની પેનલ તુટે તેવી સંભાવના છે. ભાજપના રાષ્ટ્રિય પ્રવક્તા રૂપાલાની રાજકોટમાં એકપણ ચૂંટણી સભા ન યોજીને ડો. બોઘરાએ રૂપાલાનું 'ઓપરેશન' કરી નાખ્યાની ચર્ચા પણ સાંભળવા મળી રહી છે.

# આજે મત ગણતરીઃ ૨૩૬ ઉમેદવારોના ભાવિનો પટારો ખુલશે

રાજકોટ , તા. ૨૭

રાજકોટ મહાનગર પાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠક માટે રવિવારે કાળઝાળ ગરમી વચ્ચે યોજાયેલા મતદાન એક બે સામન્ય છમકલાં સિવાય શાંતિપુર્ણ વાતાવરણમાં થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. મહાનગરપાલિકામાં ભાજપ કોંગ્રેસ આમ આદમી પાર્ટી સહિત કુલ ૨૩૬ ઉમેદવારોના ઈવીએમમાં કેદ થયેલા ભાવિનો પટારો આજે ખુલશે. 'સર'ની કામગીરીને કારણે રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારમાં ૨૦૨૧ની ચૂંટણી સાપેક્ષ મતદારોની સંખ્યા ઘટી છે. ૨૦૨૧ની ચૂંટણી સાપેક્ષ આ વર્ષે કુલ મતદાનંમાં સામાન્ય ૦.૧૩ ટકાનો સામાન્ય વધારો નોંધાયો છે. વોર્ડ નં.૧૫માં સૌથી વધુ ૧૦.૨૨ ટકા સાથે સાત વોર્ડમાં મતદાનની ટકાવારીમા વધારો થયો છે. મહાનગરપાલિકાની ચૂંટણી પુર્વે અનેક વોર્ડમા પુર્વ શાસકો સામે શહેરીજનોએ પ્રાથમિક



સુવિધા મુદ્દે રોષ વ્યક્ત કર્યો હતો. જ્યારે અનેક સોસાયટીઓમાં ઉમેદવારોને પ્રવેશબંધી ફરમાવાઇ હતી. તો બીજી બાજું નાગરિકોએ ઢોલ નગારા સાથે મતદાન માટે નીકળીને મતદાનની પવિત્ર ફરજ બજાવવાનો સંદેશ પણ આપ્યો હતો. ભાજપના આંતરિક દાવાનળ વચ્ચે અનેક વોર્ડમાં ક્રોસ વોટિંગની આશંકા વચ્ચે મતદાનની ટકાવારી ઘટવાની કે ક્રોસ વોટિંગની શક્યતા વધી હતી. વોર્ડ નં. ૪-૫-૬-૧૫અને ૧૬માં ૫૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.

**મહાનગરપાલિકાના ૧૮ વોર્ડમાંથી સૌથી ઓછું વોર્ડ નં.૧માં ૪૩.૫૨ ટકા અને સૌથી વધુ કોંગ્રેસના ગઢ વોર્ડ નં.૧૫માં ૬૮.૩૯ અને વોર્ડ નં.૪માં ૬૪.૭૨ ટકા નોંધાયુંઃ ૨૦૨૧ની ચૂંટણી સાપેક્ષ મતદાનમાં સામાન્ય ૦.૧૩ ટકાનો વધારો : વોર્ડ નં.૧૫માં સૌથી વધુ ૧૦.૨૨ ટકા સહિત સાત વોર્ડમાં મતદાનની ટકાવારી વધી**

### બુથ મુજબ સ્ત્રી પુરૂષ મતદાનની ટકાવારી

| વોર્ડ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૪૭.૫૬ | ૩૮.૨૯ | ૪૩.૧૨ |
| ૦૨ | ૫૩.૬૨ | ૪૫.૦૧ | ૪૯.૩૬ |
| ૦૩ | ૫૩.૪૦ | ૪૪.૪૫ | ૪૯.૦૮ |
| ૦૪ | ૬૮.૪૦ | ૬૦.૬૫ | ૬૪.૭૨ |
| ૦૫ | ૬૪.૪૩ | ૫૩.૯૨ | ૫૯.૪૧ |
| ૦૬ | ૬૩.૨૫ | ૫૪.૨૬ | ૫૮.૯૯ |
| ૦૭ | ૫૪.૮૪ | ૪૧.૯૮ | ૪૮.૪૭ |
| ૦૮ | ૫૩.૪૨ | ૪૩.૦૬ | ૪૮.૩૦ |
| ૦૯ | ૪૯.૩૬ | ૩૯.૪૯ | ૪૪.૨૬ |
| ૧૦ | ૫૨.૩૧ | ૪૨.૫૨ | ૪૭.૪૬ |
| ૧૧ | ૫૧.૮૭ | ૪૨.૦૯ | ૪૭.૧૬ |
| ૧૨ | ૫૬.૯૪ | ૪૭.૦૮ | ૫૨.૨૩ |
| ૧૩ | ૫૪.૧૬ | ૪૪.૦૭ | ૪૯.૨૮ |
| ૧૪ | ૫૮.૩૭ | ૪૬.૩૪ | ૫૨.૫૩ |
| ૧૫ | ૭૦.૭૬ | ૬૫.૭૭ | ૬૮.૩૯ |
| ૧૬ | ૬૦.૬૩ | ૫૧.૦૯ | ૫૬.૦૭ |
| ૧૭ | ૫૫.૪૭ | ૪૪.૯૩ | ૫૦.૩૮ |
| ૧૮ | ૫૧.૧૮ | ૪૧.૨૯ | ૪૬.૫૫ |
| કુલ | ૫૫.૮૭ | ૪૬.૧૫ | ૫૧.૧૮ |

### ૨૦૨૧ની સાપેક્ષ ક્યાં વોર્ડમા ટકાવારીમાં વધઘટ

| | વર્ષ ૨૦૨૧ | વર્ષ ૨૦૨૬ | વધઘટ (ટકાવારી) |
|---|---|---|---|
| વોર્ડ નં.૧ | ૪૫.૦૨ | ૪૩.૧૨ | (−૧.૯) |
| વોર્ડ નં.૨ | ૪૮.૧૯ | ૪૯.૩૬ | (+૧.૧૭) |
| વોર્ડ નં.૩ | ૫૦૫૮ | ૪૯.૦૮ | (−૧.૦૫) |
| વોર્ડ નં.૪ | ૫૭.૫૮ | ૬૪.૭૨ | (+૭.૧૪) |
| વોર્ડ નં.૫ | ૫૪.૧૭ | ૫૯.૪૧ | (+૫.૨૪) |
| વોર્ડ નં. ૬ | ૫૪.૫૦ | ૫૮.૯૯ | (+૪.૪૯) |
| વોર્ડ નં.૭ | ૪૮.૭૫ | ૪૮.૪૭ | (−૦.૨૮) |
| વોર્ડ નં.૮ | ૪૯.૯૮ | ૪૮.૩૦ | (−૧.૬૮) |
| વોર્ડ નં.૯ | ૪૮.૪૬ | ૪૪.૨૬ | (−૪.૦૨) |
| વોર્ડ નં.૧૦ | ૫૦.૦૩ | ૪૭.૪૬ | (−૩.૦૭) |
| વોર્ડ નં.૧૧ | ૪૯.૪૬ | ૪૭.૧૬ | (−૨.૦૩) |
| વોર્ડ નં.૧૨ | ૫૧.૯૮ | ૫૨.૨૩ | (+૦.૫૫) |
| વોર્ડ નં.૧૩ | ૫૦.૯૬ | ૪૯.૨૮ | (−૧.૬૮) |
| વોર્ડ નં.૧૪ | ૪૮.૨૩ | ૫૨.૫૩ | (+૪.૦૩) |
| વોર્ડ નં.૧૫ | ૫૮.૧૭ | ૬૫.૭૭ | (+ ૧૦.૨૨) |
| વોર્ડ નં.૧૬ | ૪૮.૩૪ | ૫૬.૦૭ | (+૭.૭૩) |
| વોર્ડ નં. ૧૭ | ૫૧.૭૨ | ૫૦.૩૮ | (+૧.૩૪) |
| વોર્ડ નં.૧૮ | ૫૧.૦૫ | ૪૬.૫૫ | (−૦૪.૫) |
| કુલ | ૫૧.૦૫ | ૫૧.૧૮ | (+ ૦.૧૩) |